Rs. 5/-

શ્રી સ્વામિનારાયણ

July' 2008





શ્રી સ્વામિનારાયણ મંદિર (નિજ મંદિર)
અમદાવાદમાં ચાલતું જીર્ણોદ્ધારનું કામ.

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧. • Publisher : Shree Swaminarayan Temple, Ahmedabad-1.

॥ શ્રીહરિ ॥

ગુરુપૂર્ણિમા પર્વ

અમદાવાદ મંદિરમાં ગુરુપૂર્ણિમાના પર્વ પ્રસંગે ગુરુપૂજન મહોત્સવ



નિમંત્રણ

અષાઢ શુક્લ પૂર્ણિમા એટલે ગુરુપૂર્ણિમા જેને વ્યાસ પૂર્ણિમા તરીકે પણ કહેવામાં આવે છે. ગુરુપૂર્ણિમાને શુભ દિવસે ગુરુભક્તિ નિવેદન કરવાનો ઉત્તમ શ્રેષ્ઠ પર્વ, આજના દિવસે સ્વયં પરમાત્મા ગુરુ દ્વારા ભક્તની ભક્તિ સ્વીકારે છે. અને ગુરુઋણ અદા કરવાનો ઉત્તમ દિવસ. ગુરુપૂર્ણિમાનું ગુરુપૂજન વૈદિક પરંપરામાં ગુરુપૂજન કર્યા વિના શિષ્ય ઋણમાંથી મુક્ત થઈ શકતો નથી. તેથી આ દિવસે ગુરુમંત્ર-મંત્રદીક્ષા લેવાનો ઉત્તમ સમય ગણાય છે.

આપણા સંપ્રદાયમાં ઈષ્ટદેવ શ્રીહરિએ સ્વહસ્તે લખેલ શિક્ષાપત્રી શ્લોક ૧૨૮ માં પોતાના આશ્રિત ત્યાગી અને ગૃહસ્થના ગુરુપદે ધર્મવંશી આચાર્યને નિયુક્ત કર્યા છે. શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ ધર્મવંશી આચાર્ય થકી મંત્રદીક્ષા લીધી હોય ન હોય તે શ્રીહરિનો આશ્રિત ગણાય નહીં. માટે આગામી અષાઢ સુદ ૧૫ પૂર્ણિમા ગુરુપૂર્ણિમા તા. ૧૮-૭-૨૦૦૮ શુક્રવારના શુભ મંગળ દિવસે સર્વાવતારી શ્રી નરનારાયણ દેવના શુભ સાનિધ્યમાં શ્રીહરિએ સ્વહસ્તે પોતાના સ્થાને પ્રસ્થાપિત કરેલ શ્રી નરનારાયણદેવ ની ગાદીના આચાર્ય પ.પૂ.ધ.ધુ આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન અને દર્શન આશીર્વાદનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે શ્રીજીમહારાજના સર્વે આશ્રિતોને દર્શન-પૂજનનો મહા લાભ લેવા તથા ગુરુઋણ અદા કરવા પધારવા અમારું ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

લી.

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી

ના શ્રીહરિસ્મૃતિ સહ


જય શ્રી સ્વામિનારાયણ.

:: સ્થળ ::

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

તા. ૧૮-૭-૦૮, શુક્રવાર

સમય : સવારે ૭-૩૦ થી શરૂ થશે.



संस्थापक

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭

ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)

૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.

ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

www.swaminarayan.info

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦

વંશ પરંપરાગત

દેશમાં રૂા. ૫૦૧-૦૦

વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦

છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 અંક : 15 જુલાઈ -2008

અનુક્રમણિકા

૧	અસ્મદીયમ્	૦૨
૨	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૦૩
૩	હે યુવાનો !!	૦૪
૪	આનંદની હેલી :- (ખોરા રોટલાની મીઠી વાત)	૦૬
૫	ગુરુ કૃપા	૦૭
૬	ભક્ત ચિંતામણી	૦૮
૭	શ્રીજી મહારાજની સર્વોપરિ ઉપાસનાના બળે પરમ પદને પમાય છે.	૧૦
૮	શ્રીહરિના ૬ઠ્ઠા અને ૭માં વંશજના મુખેથી	૧૧
૯	શ્રી દેવાનંદ સ્વામી	૧૨
૧૦	મહિમા નામ ભેટનો	૧૩
૧૧	યજ્ઞની અકળામણ	૧૪
૧૨	સ્વામિનારાયણ સંપ્રદાયની આત્મસૌરભ સંપ્રદાયની કવિતાઓમાંથી પ્રગટે છે.	૧૫
૧૩	સત્સંગ બાલવાટિકા	૧૭
૧૪	ભક્તિ સુધા	૧૯
૧૫	સત્સંગ સુરભિ	૨૨
૧૬	પ્રશ્નપેટી	૨૩
૧૭	સત્સંગ સમાચાર	૨૪


: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે

શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

अस्मदीयम्



तंत्रीश्रीनी कलमे....

चातुर्मास खूबज्जनजीकमां आवी रह्यो छे. श्रीहरिना परम એકांतिક ભક્તો विशेष नियमो लेवा आतुर छे. श्रीજી महाराજे शिक्षापत्रीमां आठ उत्तम नियमोमां भगवाननी कथा श्रवण कीर्तन भक्तिने अग्र अने उत्तम स्थान आप्युं छे. स्थुण सूक्ष्म अने कारण शरीरने निर्वासनिक करवा माटे तो श्रेष्ठ साधन श्रीहरिना लीला यरित्रो गध पधनी कथावार्ता छे. प्रवृति मार्गनी सફળताओनी બંધનકારી प्रवृतिओ करतां करतां જીव तेमां બંધાઈ જવાના संજોगो उपस्थित न थाय तथा જાત-माया साथे लडवानी प्रतिકારક शक्ति मेणववा माटे श्रीજી महाराજना लीला यरित्रोमां मनने गुंथी राखवानो उपाय श्रीहरिએ वयनामृत ग.प्र.प्र. ૩૮ मां કહ્યો छे. જે मनने भगवानना यरित्रરૂप જાણાने विशे गूंयवी राखवुं. भगवानना घाट मनमां કર્યા करवा. એક સમ્યો ને બીજો करवो, બીજો સમ્યોને त्रीजो करवो. એમને એમ मनने नवरुं रहेवा न દેવું. भगवाननां यरित्र तथा वार्ता तथा दर्शन ते એક દિવસમાં જો संभारवा માંડે तो पार न आवे ते એવી रीते संभारवा. જે आ गाममां आवी रीते श्रीજી महाराજની पूજा थई अने आवी सभा थई अने आवी वार्ता थई. ઈત્યાદિક જે भगवाननां यरित्र छे तेने वारंवार संभारवा. अने જે આખું न समજ्तो होय કે समજ्तो होय तेने એમ करवुं એજ श्रेष्ठ उपाय छे. श्रीहरि कहे छे के, करवानुं तो अमे तमने कह्युं तेटलुं જછે अने अमे तो એમ मान्युं छे જે मन निर्वासनिक જોઈએ अने देहे करीने गमे तेटली प्रवृति होय ने तेनुं मन જો शुध्ध छे तो तेनुं अति भुंडुं थाय नहि. જેने मनमां भगवानना घाट थता होय अने જાતना घाट न थता होय ते आपणा सत्संगमां मोटरो छे. मनने निर्वासनिक करवा माटे तुજ્ञ, कृच्छ के यान्द्रायणાદિ જેवा तप पण भगवानना यरित्रोनुं श्रवण कीर्तनना तुल्य नथी. माटे यातुर्मासमां विशेष नियमो श्रध्धा होय तेटला लेवा पण भगवाननां यरित्रो वार्ता के दर्शनमां मनने राखवा माटे श्रीहरिना मूण ग्रंन्थोनुं श्रवण कीर्तन करवुं. तेना वडे જ प्रवतिनो विक्षेप दूर थशे अने अंतःकरण निर्वासनिक रहेशे. अत्यारे अने अंतकाळे भगवान सांभरी आवशे.

तंत्री श्री (महंत स्वामी)

साधु नारायणस्वરૂपदासना જ्यश्री स्वामिनारायण



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુન - ૨૦૦૮)

૧. પ.ભ. પ્રવિણભાઈ કાનજીભાઈ વૈદ્યરાજને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, જીવરાજપાર્ક.

પ.ભ. વિનયભાઈ રવજીભાઈ ખીમાણીને ત્યાં પધરામણી, થલતેજ.

પ.ભ. રામચંદ્ર ચિમનલાલ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ઘાટલોડીયા.

૨. શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતીજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૫. નારાયણપર (કડી) ગામે પધરામણી.

૬. પ.ભ. દિગેશ સુધાકરભાઈ ત્રિવેદીને ત્યાં પધરામણી પાલડી. કોચરબ.

૭-૮-૯. બામરોલી (મ.પ્ર.) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પધરામણી.

શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ શ્રીજી મહારાજની અંતર્ધાન તિથિ નિમિત્તે પધરામણી.

૧૫. પ.ભ. રવિન્દ્રભાઈને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, રાણીપ.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭. પ.ભ. કિરણકુમાર હરિલાલ ભાવસારને ત્યાં પધરામણી, સાબરમતી.

શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા પધરામણી.

૧૮. સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજને પોતાના વરદ્ હસ્તે કેસર સ્નાન ધામધૂમથી સંપન્ન થયું.

મહા મંત્રલેખનનું પૂજન-અર્ચન પોતાના વરદ્ હસ્તે થયું.

જામફળ વાડી સી.ટી.એમ. શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯. પ.ભ. ભાસ્કરભાઈ જે. બ્રહ્મભટ્ટને ત્યાં પધરામણી, નારણપુરા.

૩૦. શ્રી સ્વામિનારાયમમંદિર વડનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮. વરસાણી ગામે (મૂળીદેશ) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

આપણા આગામી ઉત્સવો

અષાઢ સુદ-૧૨ સોમવાર તા. ૧૪-૭-૦૮ દેવશયની એકાદશી ઉપવાસ, ચાતુર્માસના વિશેષ નિયમ લેવા.

અષાઢ સુદ-૧૫ શુક્રવાર તા. ૧૮-૭-૦૮ મુકુટોત્સવ પૂનમ, ગુરુ પૂર્ણિમા કાલુપુરશ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન

અષાઢ વદ-૨ રવિવાર તા. ૨૦-૭-૦૮ શ્રી ઠાકોરજીને હિંડોળે ઝુલાવવા

અષાઢ વદ-૧૦/૧૧ સોમવાર તા. ૨૮-૭-૦૮ પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ અમદાવાદ કાલુપુર મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધૂમથી ઉજવાશે.

"શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"ની વેબ સાઈટ

www. swaminarayanmusgum.com

ના વિડીયો વિભાગમાં શ્રી નરનારાયણદેવની પાંચેય આરતીના દર્શન થશે.

હે યુવાનો !!!

(ગતાંકથી ચાલું)

- કોઠારી સ્વામી રામાનુજદાસજી

બગાડનારા કૈક મળશે - કોક
સુધારનારા

હે યુવાનો ! તમારામાં રહેલ અગાધ પ્રગતિશીલ શક્તિને સમાજોન્નતિના માર્ગે વાળવી પડશે. આજની વર્તમાન પરિસ્થિતિને જોઈને સમજદાર વ્યક્તિને પોતાના મનમાં થોડી નિરાશા જાગૃત થાય તે સ્વભાવિક છે. અત્યારે સમાજમાં ચારે તરફ જે વાતાવરણ ચાલી રહ્યું છે તે જોતા સુખદ અને આશાસ્પદ લાગતું નથી. તેવું લાગતા વ્યક્તિ ઉદાસ બની જાય છે. આજે સમાજમાં દરેક વ્યક્તિ મહાવિનાશ તરફ આગળ વધી રહી હોવા છતાં પોતે તેમાં કશું ન કરી શકે ? તેવો વિચાર આવતા લાચાર બની જાય છે. ક્યારેક આપણે પણ આવું વાતાવરણ જોઈને ઉદાસ થઈ જવાય છે. વળી એમ થાય છે કે સમગ્ર સમાજમાં હું નાનો એવો એકલો વ્યક્તિ શું કરી શકું ? ચારે બાજુ અજ્ઞાન આળસ રૂપી અંધકાર છે તે જોઈને એમથાય કે "કોડીયું બનીને હું શુંરે કરૂં ?"

આપણે સૌ નસીબદાર છીએ કે આપણે સૌને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે સ્થાપેલ મૂળ સંપ્રદાય શ્રીહરિનું અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી અને મૂળ ગાદીના સંતોનો જોગ મળ્યો છે એમનો સંબંધ થયો છે તે આપણા જીવનની બહુ મોટી પ્રાપ્તિ છે. કારણ કે અનેક જન્મના સુકૃત જીવાત્માને ભેગા થાય ત્યારે તેના ફળ રૂપે આવા સર્વોપરિ ભગવાનનો જોગ થયો છે. તો યુવા મિત્રો ! આપણને મળેલા યોગનો જીવનમાં પુરેપુરો લાભ લઈ સમાગમ કરી જીવનમાં સુખ, શાંતિ અને આનંદનો સાચો દિવ્ય લાભ લઈ ધન્ય બનીએ. પૂજ્ય મહારાજશ્રી અને સંતોની આજ્ઞામાં રહીને યુવક સભાઓ અને યુવક મંડળની પ્રવૃતિઓ કરવી, શિબિરો તથા ઉત્સવોનું આયોજન કરી સત્સંગમાં નિયમિત થતી સત્સંગની પ્રવૃતિમાં ભાગ લઈને સત્સંગના છ અંગો દેવ, મંદિર, આચાર્ય, શાસ્ત્ર, સંત અને સત્સંગીઓ અંદરોઅંદર સંપ અને સુહૃદભાવ - આત્મીયપણું અને સંગઠન એકતા કેળવીને શ્રીજી મહારાજ તથા નંદ સંતોએ રાત-દિવસ જોયા વિના અનેક વિરોધના વંટોળ વચ્ચે મુશ્કેલીમાં પણ સત્સંગ કરાવીને મેળવેલી સત્સંગની સિધ્ધિઓને બચાવવા માટે પ્રયત્નો કરવા જ પડશે. આજે સંપ્રદાયમાં નવીન ક્રાંતિ લાવીને યુવાનોમાં જાગૃતિ લાવીને સત્સંગમાં અમૂલ વિકાશશીલતા લાવી સત્સંગીઓને સાચી દિશામાં જાગૃતિશીલ બનવાની પહેલ કરી શકે તેવા યુવકોએ મંડળો ચલાવવા તૈયાર થવું પડશે. પરંતુ સત્સંગમાં આજ્ઞા અને ઉપાસનાના બળરૂપી ઉર્જાથી ભરેલો એકજ સત્સંગી આજુબાજુના સમગ્ર વાતાવરણને દિવ્ય શક્તિ અને સ્ફૂર્તિ અર્પી શકે છે. આજે સત્સંગમાં જીવંત અને આશાભર્યા અને દિવ્ય દ્રષ્ટિવાળા સત્સંગીઓની ખૂબજ જરૂર છે. પણ એને પ્રકાશિત કરવા થોડું પણ અજવાળુતો જોઈએજ. તો મિત્રો આપની પાસે તો યુવા ધન રૂપી પ્રકાશ એટલો બધો છે કે ખોબલે ખોબલે પ્રકાશ સમાજને વહેંચીએ તો પણ ખૂટે તેમ નથી. માત્ર આપણે એટલે કે યુવાનોએ થોડી આળસ ખંખેરીને આગળ આવવાનું છે. એક જાગૃત યુવાન બીજા જન્મ મરણરૂપી સંસૃતિ તેમજ ગર્ભવાસના દુઃખના મૂળરૂપ વિષયના ખાડામાં પડતા જીવોને આંગળી પકડીને અટકાવી શકે છે. આજની આવી અજ્ઞાનરૂપી અંધકારપૂર્ણ અને નિરાશા ભરેલી પરિસ્થિતિમાં યુવાનો "પોતે શું કરી શકશે ?" એવું વિચારવાને બદલે પોત-પોતાનાથી થાય તેટલી સત્સંગની પ્રવૃતિમાં ભાગ લઈ સારું કાર્ય કરવા લાગી જઈશું તો આપણે સત્સંગમાં વિકાશ રૂપી સુપ્રભાત ખીલવાનું સ્હેજેય દૂર નથી. યુવાનોએ હવે આશા અને ઉત્સાહથી સત્સંગમાં રહી જીવન જીવવાની જરૂર છે.

જીવનમાં વ્યક્તિએ કોઈપણ ક્ષેત્રમાં ટોપલેવલ સુધી પહોંચવું હોય, નામના મેળવવી હોય, લક્ષ્યની પ્રાપ્તિ કરવી હોય તો તેને માટે જીવનમાં જરૂર છે દ્રઢ સંકલ્પની અને અદમ્ય ઉત્સાહ સાથે પ્રબળ પુરુષાર્થ, અતૂટ આત્મવિશ્વાસ અને શ્રીજી મહારાજનો રાજીપો મેળવેલ મહાપુરુષના આશીર્વાદની લૌકિકક્ષેત્ર હોય કે આધ્યાત્મિક ક્ષેત્ર હોય પણ જીવનમાં ઉપરોક્ત ગુણ વડે જ મનુષ્ય સિધ્ધિના શિખરો સર કરી શકે છે.

કારણ માનવને વિકાસના માર્ગે દોરી જવામાં ભગવાનના રસ્તાઓ અદ્‌ભુત અને અગમ્ય હોય છે. ઘણી વખત પરમાત્મા બહારની પરિસ્થિતિઓમાં મુશ્કેલી અને વિરોધ નિર્માણ કરીને માનવીની આંતરિક સ્થિતિ સુધારી દે છે. ભગવાન કાદવમાં પણ કમળ ખીલવવાની એક સર્વોત્તમ કળાના કલાકાર છે.

યુવાનો આપણે શાસ્ત્રોનાં વાંચનથી અને સંત સમાગમ-કથા વાર્તામાં ઘણી વખતે અનેક સત્પુરુષોના જીવન પરિવર્તનના ઈતિહાસો સાંભળ્યા છે જેવા કે -

- અપર મા ની અવગણના પ્રસંગે ભક્ત ધ્રુવને પરમપદ અપાવ્યું છે.
- પિતાના અત્યાચારે અને વિરોધોએ પ્રહલાદજીની ભક્તિ

દ્રઢ કરી આપી છે.

- જુનાગઢના મહાન ભક્તરાજ નરસૈયાને ભાભીના મહેણાએ ભગવાનના નામનો ઘેલો કરી દીધો.
- બાણ વિદ્યા શીખતા કરેલ ગુરુ દ્રોણની ઉપેક્ષાએ એકલવ્યને અજોડ બાણાવળી બનાવી દીધો.

આ ઉપરથી જણાય છે કે અધ્યાત્મ માર્ગમાં ચાલતા પ્રવાસીના જીવનમાં એક સમય એવો આવે છે કે - જ્યારે એને એમ લાગે છે કે આ જગતમાં ભગવાન સિવાય મારૂ કોઈ નથી - આવો સમય જ માનવીના જીવન વિકાસનો સાચો સાધક-પાયો અને શરૂઆતની ઘડી છે.

આપણે વિચાર કરવો કે આપણને સર્વોપરિ ભગવાન અને તેમના સ્વહસ્તે સ્થાપેલ તેમનું જ અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી, માથે ઈંટો મૂકીને બાંધેલ મંદિર, બાથમાં લઈને પધરાવેલ દેવ, લિખામી સહજાનંદ.... લખેલા શાસ્ત્રો મળ્યા છે ત્યારે જીવનમાં નિરાશ ન થતા પોતાની પાસે નાના એવા કોડીયા જેટલો પણ પ્રકાશ હશે તો આપણા સત્સંગની-સમાજની, વ્યક્તિગત જીવનની યાત્રામાં પણ ધીરે ધીરે કરીને મજલ કાપી શકાશે. ગમે તેવી મહાન શક્તિશાળી અને શૂરવીર વ્યક્તિ પણ એક સાથે એકજ પ્રયત્ને કોઈ વધારે ચાલી શકે નહિ કે બધું કામ એક સાથે પાર પાડી સફળ કરી શકે નહીં પણ એક એક ડગલું આગળ વધતા વધતા પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકે છે. આજે ભલે જગતના મોટા ભાગનો યુવા વર્ગ વિષય-વ્યસન અને વહેમમાં ગળાડૂબ અજ્ઞાનરૂપી અંધકારના માર્ગમાં અટવાયા હોય, વ્યસનનો પ્રારંભ સવારના સૂર્ય જેવો સોહામણો લાગે પણ એનો મધ્યાન્હ બપોરના સૂર્યની જેમ જીવનને શેકી નાખે અને એનો અંતિમ સમય જીવનમાં સાંજના સૂર્યની પેઠે અસ્તાચળ તરફ લઈ જાય છે. આવા અંધકારમય, કશું દેખાતું ન હોય એવા ખાડાખડીયાવાળી, કાંટા કાંકરાથી ભરેલા માર્ગે ચઢેલા જીવોને પણ હે યુવાન.... તારામાં રહેલી ઈશ્વર પ્રત્યેની અપાર અખૂટ શ્રધ્ધા અને ધર્મ, નિયમ અને મહિમા સાથેના જ્ઞાનરૂપી પ્રકાશનો સાથ હશે તો રસ્તો સરળ થઈ જશે. સત્સંગમાં અનેક જીવાત્મા એક એક ડગલું આગળ વધીને પરમાત્માના ધામ સુધી પહોંચી શકશે.

આપણે પૂજ્યપાદ ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સંતો પાસેથી આજ્ઞા અને ઉપાસના દ્રઢ કરી ધર્મ, નિયમનું પાલન કરી શુભેચ્છા પ્રાપ્ત કરી સત્સંગમાં ખૂબજ વિકાસના પંથે પહોંચી શકીએ તેમ છીએ. એકજ અનાજનું બીજ ધારે તો આખી પૃથ્વી પર હરિયાળી ક્રાંતિ પાથરી શકે તેમ છે. એજ રીતે એકજ યુવાન રૂપી, યુવક મંડળ રૂપી, સત્સંગ મંડળ રૂપી, બીજથી-કોડીયાથી લાખો બીજા મુમુક્ષુ રૂપ કોડીયા સત્સંગમાં પ્રકાશિત કરી શકીશું. કારણ એજ રીતે સત્સંગમાં ઝળહળતો તેજસ્વી એક સત્સંગી ધારે તો બીજા અસંખ્ય લોકો સુધી જ્યોતિને ફેલાવે છે. કોડીયું આશીર્વાદ અને કૃપા રૂપી શુભેચ્છાઓથી ભરેલું હશે તો એકમાંથી એકવીશ અને એકવીસ લાખ પણ સત્સંગરૂપી કોડીયા પ્રકાશિત કરી શકે છે. ઝળહળતું એકજ કોડીયું અસંખ્ય જ્ઞાન જ્યોત પ્રગટાવી શકે છે. ભલે આપણે કદાચ એકાંતિક - પરમ એકાંતિક ન બની શકીએ તો કાંઈ નહીં, આપણે જગતમાં ઝગમગતો સૂર્ય કે મહા સૂર્ય ન બની શકીએ તો કાંઈ નહીં પણ દરેક સત્સંગી જો નાનું એવું ટમટમતું કોડીયું બની શકે તો અનેક જગ્યાએ સત્સંગ મંડળ રૂપી પ્રકાશ ફેલાવી શકે છે. પ્રત્યેક સત્સંગીને વ્યક્તિગત ઘરમા, ગામમાં, દેશો-દેશને અને પૂરા વિશ્વને પણ પ્રકાશિત થઈને જીવતા માણસની જરૂર છે. કારણ અંધકાર ગમે એટલો વિશાળ અને શક્તિશાળી હોય પણ પ્રકાશની સામે હારી જાય. અત્યારે સમાજમાં અને સત્સંગમાં આવો અજ્ઞાનરૂપી અંધકાર વધતો જાય છે પણ એવું વિચારી બેસી ન રહેતા સત્સંગ મંડળની સભામાં જોડાઈ જવું જોઈએ.

અનુસંધાન પેજ ૭ નું ચાલું...

દિવ્યતા રૂપી પ્રકાશ પ્રાપ્ત થયો છે. જો એક જ સૂર્ય હોય તો પણ અંધકાર નથી રહેતો તો મહારાજશ્રી તો કરોડો સૂર્યની સમાન છે. એટલા માટે જ આપણે બધાએ નિશ્ચિંત રહેવું જોઈએ. કેમ કે હવે આપણને ખબર છે કે આપની શરણાગતીથી અમારા બધાનું અજ્ઞાનરૂપી અંધારુ દૂર થશે. સાચા અર્થમાં ગુરુ શબ્દની વ્યાખ્યા એ જ છે કે **'ગુ' = અંધકાર, 'રુ' = નાશ કરે તે.** જે મોહરૂપી અંધકારનો નાશ કરે તેનું જ નામ"ગુરુ". અગર જો ગુરુએ એકવાર જે શિષ્યને પ્રેમથી સ્વીકારી લીધો તો તેનો બેડો પાર થઈ જાય છે. ચિંતામણી કલ્પવૃક્ષ, કામધેનું આ ત્રણ વસ્તુ વ્યક્તિને જે ઈચ્છે તે બધુ આપી શકે છે. પરંતુ એક વસ્તુ આપી શકતી નથી અને તે છે મુક્તિ. જ્યાં સુધી લૌકિક ઈચ્છાઓનો સવાલ છે. ત્યાં સુધી કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણી આ બધી કામનાઓ પૂરી કરે છે. પરંતુ અલૌકિક કામના જ્યારે થાય, મુક્તિની પ્યાસ જ્યારે લાગવા માંડે ત્યારે આ ત્રિપુટીની મનોકામના ગુરુની શરણાગતીથી પ્રાપ્ત થઈ જાય છે. કેમકે ગુરુ આ ત્રિપુટીથી પણ સર્વશ્રેષ્ઠ છે. ત્રણેયથી આ જીવાત્માને સત્ય જ્ઞાન આપીને પરમાત્માના માર્ગ પર ચલાવે તે વ્યક્તિ ગુરુ છે. જાણવા મળ્યું છે કે સાચા ગુરુનું અગત્યનું લક્ષણ એ નથી કે મુમુક્ષુને પરમાત્માની તરફ નહિ પરંતુ પોતાની તરફ ખેંચે છે છે ત્યારે વ્યક્તિ તથા શિષ્ય બન્ને અધોગતિની ખાઈમાં પડે સાચા ગુરુનું કામ ફક્ત જીવને શિવ સાથે ગોવિંદ સાથે મિલન કરાવવાનું છે. આપણા તો ભાગ્યનો પાર નથી. સ્વયં શ્રીજી મહારાજે આપણને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી ગુરુરૂપે આપીને તેમના દ્વારા જ કલ્યાણનો કોલ આપ્યો છે.

આનંદની હેલી (ખોરા રોટલાની મીઠી વાત)

- શાસ્ત્રી હરિજીવનદાસ

ભગવાનની સાથે ફરવું એટલે જલસા-પાણી હોય, આનંદમોજ મજા હોય. ખરુંને ? ના, એવું નથી. અહીં તો આનંદની સાથે તપ માટે તૈયાર રહેવું પડે. અહીં તો સહિષ્ણુતા, સાદાઈ અને કસોટીની એરણ ઉપર ચડવાની તૈયારી જોઈએ. અહીં એવું બધું બન્યુ છે આ કાઠી પાર્ષદો સાથે. પણ આ બધું ગમગીનીભર્યા માહોલમાં નહિ, પણ રસમૂર્તિ શ્રીહરિની સાથે રમુજી પળોના માહોલમાં બનેછે.

એકવાર કાઠી ભક્તોને શ્રીહરિએ આજ્ઞા કરી કે કોઈ ઘોડા સાથે લેતા નહિ. આપણે પગપાળા જ જવાનું છે. એમ કહીને શ્રીહરિ સોરઠ દેશના ગામડાઓમાં પધાર્યા. જે હરિભક્ત મહારાજને બોલાવવા આવે તેને મહારાજ કહેતા કે આ બધા કાઠીઓને દૂધ, સાકર અને ચોખા જમાડે તેને ગામ અમે આવીશું. એવું નક્કી કર્યું. જે દૂધ, સાકર અને ચોખા જમાડે તેને ગામ પ્રભુ પધારતા. આમને આમ એક મહિના સુધી કાઠી ભક્તોને ખૂબ દૂધ, સાકર અને ચોખા જમાડીને પુષ્ટ કર્યા.

એવામાં પંચાળામાં ઝીણાભાઈ મહારાજને લેવા આવ્યા, ઝીણાભાઈ બોલ્યા હે મહારાજ ! આપ કાઠીઓ સાથે અમારે ગામપધારો. અમે સૌને દૂધ, સાકર ને ચોખા જમાડીશું. મહારાજ બોલ્યા, ઝીણાભાઈ ! અમે હવે પ્રકરણ ફેરવ્યું છે. હવેથી જે ખાંણની ખોરી જુવારના રોટલા જમાડે તેને ગામજવું. બોલો તમે ખોરી જારના રોટલા જમાડશો ? "હા મહારાજ ! આપ રાજી થાઓ એમકરશું." ઝીણાભાઈએ નમ્ર ભાવે જવાબ દીધો.

મહારાજ કાઠીઓ સાથે પંચાળા પધાર્યા. મહારાજ સ્વયં ખોરી જારના રોટલા જમ્યા. પછી કાઠીઓને જમવા બેસાર્યા. રોટલા પીરસ્યા. એવું બન્યું કે અલૈયા ખાચર રોટલાનો ટૂકડો લઈને મોઢે અડાડે એટલે એમાંથી ભૂંડી દુર્ગંધ આવે ! એટલે રોટલો પાછો નીચે મૂકે. સુરા ખાચર બોલી ઉઠ્યા મહારાજ ! અલૈયો સ્વાદ કરે છે ! રોટલો મોંઢે અડાડીને પાછો નીચે મૂકે છે. મહારાજ બોલ્યા, અલૈયાખાચર, કેમ સ્વાદ કરો છો ? અલૈયા ખાચર બોલ્યા પ્રભુ ! આ લાકડું મોઢામાં પેસે છે. પણ આ રોટલો મોઢામાં નથી પેસતો-સાંભળીને પ્રભુ હસ્યા. આ રીતે એક મહિના સુધી ખોરી જારના રોટલા જમાડ્યા. એટલે કાઠીઓ જેવા પુષ્ટ હતા તેવા જ દુબળા થઈ ગયા.

ત્યાંથી મહાપ્રભુ જૂનાગઢ બાજુ પાછા વળ્યા. ત્યારે કોઈક ગામમાં એક ભક્તે જારનો રોટલો આપ્યો. સાથે તાંદળજો આપ્યો. પ્રભુએ જારનો લોટ તપેલામાં નાંખ્યો. પછી એ લોટમાં તાંદળજાના ડાખળાં સમારીને નાંખ્યા. અને માંડ્યા કાઠીઓને પીરસવા. સુરાખાચરને થયું કે માર્યા ! આ તે કેમ જમાય ! એટલે હરિભક્ત પાસે બે રોટલા મંગાવ્યા. રોટલાની વાટ જોતા બાપુ બેસી રહેલા. "કેમ બાપુ બેસી રહ્યા છો ?" મહારાજે પૂછ્યું. બાપુએ પોતાની અસલ લઢણમાં કહ્યું, બાડબક ડબક થાય છે, તે ખવાતું નથી. એ રીતે ત્યાં આનંદ કર્યો.

ત્યાંથી આગળ ચાલ્યા, કોઈ ગામમાં ગુણ ભાવવાળા એક વૈરાગીએ આગ્રહથી રોક્યા. તેણે ભાવથી દૂધ, સાકર અને ચોખા (દૂધ પાક) કરાવ્યા. પ્રથમ પ્રભુ જમ્યા. કાઠીઓને પીરસવા લાગ્યા. અને સૂચના આપી હે કાઠીઓ, આજે સારી રીતે જમજો. કેમ કે આજે જમીને આરામ કરવો છે. એક મહિનાના ભૂખ્યા કાઠીઓ બરાબર જમ્યા. પ્રભુની લીલા ન્યારી છે. જમ્યા પછી કહે, થાઓ તૈયાર અત્યારે જ ચાલવું છે. સુરાખાચરે વિચાર્યું, બાપ રે, આ તો ચલાવીને થકવી નાંખશે. એક તો ભારે શરીર ને ભરેલા પેટે ચાલવાનું. એટલે બે ઘોડા મગાવ્યા. એક મહારાજ માટે અને એક પોતાના માટે. ઘોડાં જોઈને પ્રભુ કહે આ ઘોડા કોણે મગાવ્યા ? સુરા ખાચર તરફ જોઈને કહ્યું અલ્યા ભોલ, (મોટા પેટવાળા) તેં મગાવ્યા એમ કે ? લઈ જાઓ ઘોડા પાછા અને ઘોડાં પાછા મોકલાવ્યા.

એમ કહીને શ્રીજી મહારાજ દોડવા માંડ્યા. અને બોલવા માંડ્યા કે જે પાછળ રહે તેણે કાલે ઉપવાસ કરવો. બધા માંડ્યા દોડવા. સુરાખાચરનું મોટું શરીર એટલે પાછળ રહી ગયા. અને બૂમો પાડે મહારાજ ! ઉભા રહો, ઉભા રહો. મારે કાલે ઉપવાસ કરવાનો છે. આનંદમૂર્તિ મહારાજ કહે, કોઈ ઉભા ન રહેશો. બધાને પાંચ ગાઉ બરાબર દોડાવ્યા. પછી નવો વટહુકમ કર્યો જે મુછે તા નાંખે (હાથ મુછે લઈ જવો) તે વિમુખ. એવામાં અલૈયા ખાચરે મોઢા ઉપરથી માંખ ઉડાડી. સુરાખાચર બોલ્યા, અલૈયે મુછે તા નાંખ્યો. એટલે એ વિમુખ.

એજ પ્રમાણે ઝીંઝાવદરમાં એકદમ નવું પ્રકરણ ચલાવ્યું. જમતા જમતા જેના ઉપર પહેલો હાથ પડે તે વસ્તુ જ જમવી. પંક્તિમાં બેઠેલા સુરાખાચરનો હાથ પ્રથમ ગાજરના અથાણા ઉપર પડ્યો. ગાજરમાં મીઠું પુષ્કળ હતું એ નફામાં. એટલે સુરાખાચરે કીર્તન જોડ્યું, "ગાજરડા મારા વેરી રે" સાંભળીને મહારાજ હસતા હસતા બોલ્યા, રહેવા દો બાપુ ગાજરડાં. આવી અલૌકિક લીલાઓ કરીને કાઠી ભક્તોને ખૂબ આનંદ આપ્યો.

ગુરુ કૃપા

- સાધુ ધર્મકિશોરદાસ ગુરુ સ્વામી નારાયણસ્વરૂપદાસજી

प्रयच्छति गुरुः प्रीतो अक्षरधामं योगी दुर्लभम् ।

યોગીઓને પણ દુર્લભ એવા અક્ષરધામના દર્શન તો ગુરુ જ કરાવે.

આજે જગતમાં ગુરુનો મહિમા ખૂબજ ગવાઈ રહ્યો છે. એક વાત તો જગપ્રસિદ્ધ છે કે જેનો શાસ્ત્રોમાં, ગ્રંથોમાં, પુરાણોમાં મહિમા ગાયો હોય, અને જેનો મહિમા ગ્રંથોમાં ભર્યો હોય એમનો મહિમા ગવાય છે અને સ્વામિનારાયણ ભગવાને તો બધા સંતો અને વહાલા ભક્તજનો ઉપર ખૂબજ અસીમ કૃપા આ ધરતી પર પધારીને કરી છે. અને એ કૃપા દૃષ્ટિનું ફળ આજે બધાની સામે પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે અને એ છે આપણા બધાના પ્યારા પ્રાણ દુલારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, જેમના દર્શન માત્રથી અંતર આત્મા પ્રસન્ન પ્રસન્ન થઈ જાય છે. રોજ સવારે જ્યારે આચાર્ય મહારાજશ્રી બદ્રિપતિશ્રી નરનારાયણદેવના દર્શન કરવા પધારે છે ત્યારે અનેક ભક્તો આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ કરવા ઢળી પડે છે. કેટલો સરળ સ્વભાવ, બધાને સમાનતાથી જોવા વાળા અને કોઈ ઉચ્ચ-નીચ નાના-મોટાની ભાવના નહિ રાખતા, નિરંતર એકજ પ્રયાસમાં જોડાઈ રહે છે. બસ ! ભક્તજનોને શ્રીજી મહારાજની સાચી ઓળખાણ કેમ થાય ? તથા યુવાનો માટે તો દેશની ધરતી હોય કે વિદેશની, યુવા શક્તિને સાચા માર્ગ પર ચલાવવા માટે, વ્યસનોથી મુક્તિ આપવા માટે સતત યુવા શિબિરો કેમ્પોનું આયોજન દિન-પ્રતિદિન કરતા રહે છે. જે યુવાશક્તિ મળીને જગતમાં સત્સંગમાં ક્રાંતિ લાવી શકે છે. તેવા યુવાનો ને ધર્મના માર્ગ પર ચલાવવા માટે નિરંતર-સતત કાર્યરત રહે છે તથા જે પ્રભુનું સાક્ષાત્ અપર સ્વરૂપછે તે જ પરમાત્માનું સ્વરૂપ પ્રભુ ભક્તોમાં આવે બસ આ જ પ્રયાસમાં નિરંતર જોડાયેલા છે. તથા જે ભક્તો એમની સાથે જોડાયેલાં છે તે બધા સાચા માર્ગ પર ચાલી રહ્યાં છે. અર્થાત્ ભક્તિ માર્ગ પર આગળ વધી રહ્યાં છે. જો સાચા મોક્ષમાર્ગ પર ચાલવું હોય તો એમની શરણાગતિ સ્વીકારવી પડશે.

"જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે"

જેને મોક્ષ જોઈએ છે તેમને અહીં ધર્મવંશી આચાર્યશ્રીની શરણાગતિથી આપોઆપ મોક્ષ પ્રાપ્ત થઈ જશે. વગર સાધને ભવસાગર પાર થઈ જશે. કીડી ખૂબજ નાનો જીવ છે. ઘર-આંગણાની નાની-નાની યાત્રાઓમાં જ એમનો આખો દિવસ પુરો થઈ જાય છે. કીડીને જો પુણેથી દિલ્લી જવું હોય તો કેટલા દિવસો લાગે ? આપણે કલ્પના કરી શકીએ. વ્યક્તિના વસ્ત્ર ઉપર ચોંટી જાય અને તે વ્યક્તિ જો દિલ્હી જવા વાળી ટ્રેનમાં બેસે તો વગર પ્રયાસે કીડી બીજા જ દિવસે દિલ્હી પહોંચી જાય છે. એવી જ રીતે આપણા ધર્મગુરૂનું શરણું લઈ આપણે પણ ભવસાગરની દુર્ગમ-યાત્રા વગર પ્રયાસે પૂરી કરી શકીએ.

મા-બાપ માત્ર જન્મ આપે છે, જીવન તો ગુરુથી જ મળે છે, ગુરુ પોતે જ શક્તિ સંપન્ન હોય છે. પણ તે પોતાની શક્તિ પર ! 'અભિમાન' નથી કરતાં. પરંતુ ખુદ તો ભવ સાગરથી પાર ઉતરે છે. પણ શિષ્યોને પણ ભવસાગર પાર કરાવી દે છે. હકીકતમાં નિરીક્ષણ કરીએ તો ખબર પડે કે ગુરુ વિના જીવન અધુરુ છે.

જીવનમાં એક જ ગુરુ જરૂર હોવા જોઈએ. ગુરુ નહિ તો જીવન શરૂ નહિ. રસ્તા પર જતાં હોઈએ ત્યારે બધાં પથ્થર ને ઠોકર મારે છે. પણ એ જ પથ્થર શિલ્પીના હાથમાં આવી જાય તો મૂર્તિ બની જાય છે. ગુરુ શિલ્પી છે. તે નરને નારાયણ બનાવે છે. અને હકીકત છે જ્યારે માણસ ગુરુકૃપા મેળવી પ્રભુ ભક્તિ કરે છે ત્યારે એ ફળિભુત થાય છે, એટલે ગુરુ કૃપા વિના કોઈજ કાર્ય સફળ થતું નથી. રાવણ મહાશક્તિવાન હતો, એની પાસે શક્તિ તો હતી પણ ભક્તિ નહોતી. વગર ભક્તિની શક્તિ કેટલું અનર્થ કરે છે એ કોઈ રાવણથી શિખે. રાવણે વિચાર્યું તું સમુદ્રનું જળ મીઠું કરી દઈશ, "ચંદ્રમાનો કલંક કાઢી નાખીશ" અને સ્વર્ગ સુધી સીડીયો લગાવી દઈશ." પણ કઈજ ન કરી શક્યો, એની પાસે બધું જ હતું "તખ્ત-તાજ-વૈભવ વિલાસ, અગર નોતું તો એનો ગુરુ કોઈ ન હતો, એટલે વગર "ગુરુ"ની ભક્તિ, શક્તિ, સંપત્તિ કેટલો અનર્થ કરે છે એનું જીવતુ-જાગતુ ઉદાહરણછે "રાવણ".

અર્થાત્ આ મનુષ્ય દેહ પ્રાપ્ત કર્યા પછી આપણા મહારાજશ્રી જેવા ગુરુ તો અવશ્ય કરી લેવા જોઈએ. કેમ? કેમ એ ગુરુ બનાવ્યા પછી વગર સાધને જ પ્રભુનું સાંનિધ્ય મળી જાયછે.

એક નાની એવી કીડી વગર મહેનતે પોતાના લક્ષ્ય સ્થાન ઉપર પહોંચી ગઈ બસ એવી જ રીતે આપણા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી જે આપણા ધર્મગુરુ છે તેમની શરણાગતી સ્વીકારીએ તો આપણે પણ વિના મહેનતે આપણા લક્ષ્યાર્થ સ્થાન (અક્ષરધામ)માં જઈ શકીશું.

કેમ કે આજ સુધી આપણી અંદર અજ્ઞાનરૂપી અંધકાર હતો, પરંતુ જ્યારથી મહારાજશ્રી જેવા ગુરુ મળ્યા છે ત્યારથી

અનુસંધાન પેજ - ૫ પર...

ભક્ત ચિંતામણી

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીયતપુરા (મહંત સ્વામી, માણસા)

"મહારાજ સમયની અનુકુળતા હોય તો થોડી વાત કરવી છે?" અરે, મુક્તાનંદ સ્વામી, તમારે તો વળી આવું પૂછવાનું હોય ? ગમે તેવા કામમાં હોયએ તો પણ તે અટકાવવા પણ તમે તો હકદાર છો. કહો શું કહેવું છે!"

"આપની મોટાઈ છે તે હક્ક અને અધિકારો સૌને આપતા ફરો પણ પ્રભુ મુજ સરીખા દાસને એ ન શોભે. માટે એ હકની વાત છોડો ને મુદ્દાની વાત કરો. મારા અંતરમાં થોડી મુંઝવણ સતાવે છે. સંકલ્પ-વિકલ્પનો થોડો સળવળાટ ઉભો થયો છે તો.....

હું..... હું..... મુક્તાનંદ સ્વામી સાંભળો, અમો છપૈયામાં ધર્મ ભક્તિ થકી પ્રગટ થયા અનેક બાળ ચરિત્રો કર્યા. કાલીદત્ત જેવા અસુરોનો નાશ કર્યો, માતા પિતાની સાથે અયોધ્યા આવીને રહ્યા, અનેક ચરિત્રો કર્યા વિદ્વા અભ્યાસ કર્યો.

મુક્તાનંદ સ્વામી : આ બધી વાતો લખી લખીને નોંધી લેવી છે. કારણ કે આપના ચરિત્રો સમગ્ર સત્સંગ માટે અમૃત સમાન છે. છતાં એ વાત પછી કોઈવાર કહીશું પણ અત્યારે તો પહેલા મારા મનની મુંઝવણ ટાળવાનો ઉપાય કરો તો સારું.

શ્રીજી મહારાજ : એ પણ થશે અને મુક્ત મુનિ અમે પણ ક્યાં આકાશમાં વગર નિશાને ધડાકા કરીએ એવા છીએ ? અવધપુરીમાં નિત્ય શ્રી હનુમાન ગઢીએ જતા, સરયુ સ્નાન કરતા. પિતાજી પાસે શાસ્ત્રોનો અભ્યાસ કરતા ને સાંજે સૌ મિત્રો મળી રમતો રમતા. રોજબરોજ તત્વજ્ઞાન સભર શાસ્ત્રોની ચર્ચામાં પ્રશ્નોના મુદ્દાસર હૃદયભેદક ઉત્તરો આપતા! શ્રીજી મહારાજ આજે ખાસ મુડમા લાગતા નથી. મારા પ્રશ્ન પ્રત્યે બેધ્યાન રહી કંઈ જુદી જ દિશામાં વાતો કરતા જણાય છે. મુક્તાનંદ સ્વામી મનોમન વિચારે છે ત્યારે શ્રીહરિની અમૃતવાણીનો દોર આગળ ચાલતા સંભળાય છે. "આમતો અમોને જનોઈ આપી ત્યારથી જ વનવાટની કેડી મનમાં અંકિત થઈ ચુકેલી. પરંતુ માતા પિતાના મોક્ષ સુધી મૂલત્વી રાખેલી ને પછી તો અમે એક કૌપીનભર વનમાં ચાલી નીકળ્યા તે દિવસથી દેહની દયા ખાવાની સાવ છોડી દીધી હતી. કાયાને તપમાં તપાવીને મનને ભેંકાર વનમાં બીવરાવી બીવરાવી બીક લાગતી ભૂલવાડી દીધી....

મુક્તાનંદ સ્વામી : બે હાથ જોડી નતમસ્તકે ફરી ગદ્‌ગદ્‌ કંઠે પ્રાર્થના કરું છું કે મહારાજ આપના આવા લીલા ચરિત્રામૃત કહેવા - સાંભળવાનો અત્યારે ઉચિત વાત નથી. ઉદ્વેગભર્યા અશાંત મનથી હું આ બધું યથાર્થ ઝીલી પણ નહી શકું. માટે હે કૃપાનાથ, કૃપા કરીને આડા અવળી વાતો છોડી મારું અશાંત મન શાંત થાય અને અંતરનો ઉદ્વેગ શમી જાય એવો કોઈ સચોટ ઉપાય જણાવવા દયા કરો... હા, એ વાત પણ ખરી અમે પણ વિચાર્યા વિના ખોટા મંડ્યા હતા. હવે તમારી મુંઝવણનો ઉપાય તો અમને એવો એક જણાય છે કે થોડા દિવસ વિચરણ કરી આવોને ગામડા ફરી આવો તો સ્થાન ફેર થશે ને વળી જુદાં જુદાં હરિભક્તોને મળવાનું પણ થશે એટલે આપો આપ મનનો ભાર ઓછો થઈ જશે. તમને કેમ લાગે છે ?

હા આ વાત કાંઈક ઠીક લાગી. લ્યો ત્યારે હમણાં જ ઉઠું ને સારા કામમાં વાર શું કરવી ? આજે જ નીકળી જવું... અને સત્સંગની "માં" મુક્તાનંદ સ્વામીએ ગામડે જવા પ્રયાણ કર્યું. રાધાવાવ પહોચતા તો સ.ગુ. નિત્યાનંદ સ્વામીનું મંડળ સામું મળ્યું. પરસ્પર હેતભર્યા દંડવત પ્રણામ થયાને ખબર અંતર પૂછીને વાવના કિનારે ઝાડના છાંયડે વિસામાની ગોઠડી કરવા સાથે બેઠા.

સમૈયા વખતે ગામોગામથી સંતો-હરિભક્તોના મંડળો ગઢડા તરફ આવી રહ્યા છે ત્યારે મોટેરા સદ્‌ગુરુ ગઢડામાંથી વિદાય થતા જોઈ નિત્યાનંદ સ્વામીએ સંશય વ્યક્ત કર્યો તેના પ્રત્યુત્તરમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ ઉપરોક્ત સંવાદ કહી સંભળાવ્યો. જે સાંભળતા જ નિત્યાનંદ સ્વામીના કાન સરવા થઈ ગયા. આંખો થોડી પહોળી થઈ અને મુખના ભાવ બહાવરા બની ગયા. ખેદ વ્યક્ત કરતા સ્વામી બોલ્યા "બહુ મોટા છો, શાંત છો, સમજુ છો. વિદ્વાન અને જ્ઞાની છો પણ આજે ભૂલ્યા ત્યારે આખી ભીંત ભૂલ્યા છો. આમતો શાનમાં સમજી જાવ અને ચપટ્ટીમાં કુદી પડો એવા તમને આજે ભેર ભૂંગળ પણ ન તો સંભળાયા કે ન સમજાયા ! તમારો પ્રશ્ન માત્ર તમારોજ ન્હોતો સ્વામી ? સમગ્ર મુમુક્ષુ સમુદાયને આદિ કાળથી મુંઝવતા આ પ્રશ્નનું અદ્‌ભુત નિરાકરણ સર્વોપરિ શ્રીહરિ સ્વયં આટલી વિગતે વિસ્તારવા જતા હતા તેને ઝીલવાને બદલે સાંભળવાને બદલે આપે તેઓશ્રીને અધ્ધ વચ્ચે જ વારી લીધા ! અટકાવી દીધા ! ઉપેક્ષા કરી. શું કહો છો સ્વામી ! મારાથી આપણા ઈષ્ટદેવ પરમકૃપાળુ પરમાત્મા શ્રીહરિની ઉપેક્ષા! જાણી ને તો મેં જીવનમાં ક્યારેય મહારાજના વચન આડે લીટી પણ દોરી નથી. શું અજાણે મારાથી તેઓનું ઉથાપન થઈ ગયું છે ? જલ્દી કહો. હે હિતકારી નિત્યાનંદ સ્વામી તમે તો ખરેખર શાસ્ત્રવેતા અને બ્રહ્મવેતા છો. મારું હિત ચિંતવી અનુગ્રહ કરો અને ખરા અર્થમાં મારા સાચા રાહબર અને પથદર્શક બનો એવી વિનંતી કરું છું ? હું તો આપનો સેવક છું છતાં આજે અતિ વિનમ્રભાવે અરજ કરું છું કે સ્વામી મન બુદ્ધિના દાવાનળ સળગી ઉઠ્યા હોયને તેમાં ઉદ્વેગના ઘોડા પુર ઉછળતા હોય, અશાંતિની આંધી ઉડતી હોય ને ચોમેર અણગમો પ્રસરી ગયો હોય, આંતરિક આંતકે અંતઃકરણને ભરડામાં લઈ લીધા હોય તે સમયનું અમોધ

ઔષધ અને રામબાણ ઈલાજ શ્રીજી મહારાજે અતિ કરૂણાએ કરીને આપની સમક્ષ પ્રસ્તુત કર્યો છે. અને એ છે પ્રગટ ભગવાનના લીલા ચરિત્રો ગાવા અને સાંભળવા...

અસાધ્યમાં અસાધ્ય માનસિક રોગો ઉપરનો આ એક એવો ઝખમેરૂજ મલમ છે. જેને મોટા મોટા શાસ્ત્રકારો એ વિશલ્યકરણી અને સંજીવની જેવા અમૃત તુલ્ય સંબોધને નવાજેલા છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી શ્રીહરિના આ રહસ્યને એટલા બધા મહદ્ અંશે સમજીને પચાવી ચુકેલા હશે કે અગાધ દાખડો કરીને તેઓશ્રીએ "ભક્તચિંતામણી" જેવા મહાપદ્ય ગ્રંથનું નિર્માણ કર્યું હશે. સર્વાવતારી શ્રીહરિના પ્રાદુર્ભાવથી અક્ષરધામગમન પર્યંતના સમગ્ર ચરિત્ર સભર આ ગ્રંથ ભક્તોના આધિ વ્યાધિ અને ઉપાધિકૃત તમામ કષ્ટોના હરનાર કષ્ટોના કાપનારા અને સુખ શાંતિના અગાધ સાગર સમા ચરિત્ર વર્ણન એવા તો કુનેહપૂર્વક સાંકળ્યા છે કે દિવ્ય ચરિત્રો ભેગા મનુષ્ય ચરિત્રો પણ તેમની મીઠાશથી ગ્રંથ પ્રત્યેનું આકર્ષણ વધારી દે છે. ભક્તોના મનોરથો ચિંતામણી તુલ્ય તૃપ્ત કરે છે પરંતુ પ્રભુજીના જીવનનો હરએક પ્રસંગ સ્મૃતિ પટની મરણ મુડી જેવો ચિરઃસ્મરણીય બની જાય છે. આથી પણ વધુ આ ભક્તિ ચિંતામણી એટલે મૂલ્યવાન બની જાય છે કે પ્રત્યેક પ્રસંગે સહભાગી થનાર તમામ સંતો અને હરિભક્તોના નામ, ગામઅને ગુણોના વર્ણનથી તો ભક્ત અને ભગવાનનો અતૂટ સંબંધ ઉભરીને હૈયું એવું તો રસ ઉભરાવી દે છે કે આનંદના ઓઘ ઉછળે અને હૃદય આખું સુખ સાગરથી સભર રહેલું રહે. મુખ ઉપર મુસ્કાનની મહેંક ફોરમતી રહે એવો એ ગ્રંથ આ વરસો જુનો થયો હોવા છતાં વખતો વખત વંચાતો ગયો હોવા છતાં અને તેની પાછળ પૂરક ગ્રંથોની હજારો હારમાળાઓ પ્રગટ થતી રહી હોવા છતાં તેનું ગૌરવ અકબંધ છે. મહિમા અજોડ છે. ચાહના પરમ સીમાએ છે. આ ભક્તચિંતામણીનું એક ઔર દુર્લભ પાસું એ પણ છે કે તેમાં આદર્શ સંતનું પણ વિશિષ્ટ દર્શન કરાવ્યું છે. આદર્શ સંત કેવા હોય અને સૌ સંતોનો આદર્શ કેવો હોય તેનું આબેહૂબ શબ્દચિત્ર બીજા જ પ્રકરણમાં સ્પષ્ટપણે કરાવ્યું છે. એવા સંતોની ગરિમા જાણી તેની આર્તહૃદયે સ્તૃતિ કરીને નમ્રતાભરી નિષ્કુળાનંદ સ્વામીની સાધુતા સૌ કોઈનો સાક્ષી ભેદી જાય છે. હરિયશ ગાવા અને ઈષ્ટદેવના લીલાચરિત્રો સંભારતા સંભારતા તેમાં ઓગળી જવામાં પ્રત્યેક પ્રસંગને પૂર્ણપણે અનુરૂપ ભાવ, અલંકાર અને શબ્દ રચનાની સૂઝબૂજ વળી જે તે પ્રસંગ દ્વારા ઉભરતા ઉપદેશને પ્રકાશિત કરવું તેમાં છુપાયેલા રુચિ-રહસ્યને સિધ્ધાંતને તારવીને યોગ્ય વજન સાથે તેને રજૂ કરીને સહજતાપૂર્વક સમજાવી દેવાની આગવી અકળ કળા નિષ્કુળાનંદ સ્વામીને કેવી હસ્તગત હતી તે આ ૧૬૪ પ્રકરણના મહાગ્રંથમાં ઉડીને આંખે વળગે છે. વળી દરેક પ્રકરણની પૂર્ણાહુતિ કરતા સ્વામીશ્રી લખે છે કે "ઈતિશ્રીમદ્ એકાંતિક ધર્મ પ્રર્વતક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ સ્વામી લિખિત ભક્તચિંતામણી પ્રકરણ.... એમાં મહારાજનું સમગ્ર જીવન, તેઓનો સમગ્ર ઉપદેશ પ્રત્યેક જીવન પ્રસંગો આ તમામનું ધ્યેય માત્ર અને માત્ર સ્પષ્ટપણે એકાંતિક ધર્મ પ્રર્વતાવવાનું જ હતું એ ભારપૂર્વક સમજાવવા પ્રયત્નશીલ છે. વળી પોતાની અનેક વિધ વિશિષ્ટ કલાઓ આવડતો સૂઝ-સમજ, હોશિંયારી કે ત્યાગ-વૈરાગ્ય આદિ અનેક વિધ ગુણો તે સઘળું વિસારીને સ્વામી પોતે પોતાની ઓળખાણ માત્રને માત્ર ભગવાન સહજાનંદ સ્વામીના શિષ્ય તરીકે આપવા માગે છે. એ સિવાયનું અન્ય અસ્તિત્વ ઓગાળી નાખવા તત્પર છે. આવા સંતની માનસપુત્રી સમી આ ભક્તચિંતામણી અત્યંત શીતળ, સુખદાયી, સત્ય સંકલ્પ પૂર્તિ, સનોકામીની અને અંતે મોક્ષદાયીની પરમપવિત્ર અને પ્રિયદર્શની છે.

અનુસંધાન પેજ ૧૦ નું ચાલું...

કેશવપ્રસાદજી મહારાજે સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજીને મહંતાઈ સોંપીને દેશમાં ગયા હતા. ત્યાં નિર્ગુણદાસ સ્વામીએ અમોને વડનગરના મંદિરમાં શ્રીઠાકોરજીની સેવાની સોંપણી કરી તેથી સંવત ૧૯૩૫ ની સાલમાં અમો વડનગર આવ્યા. ત્યારબાદ ૧૯૪૪ ની સાલમાં સાધુ સંતો સાથે અમો છપૈયા-અયોધ્યા વગેરે તીર્થોની યાત્રા કરવા ગયા. છપૈયામાં બે માસ રહીને દરેક સ્થાનોમાં દર્શન કરીને છપૈયાથી અયોધ્યામાં આવતા થાકનો મંદવાડ આવ્યો તેથી અમો ગુજરાત કેવી રીતે જઈ શકીશું તેવો સંકલ્પ થયો તે વિચારમાં શ્રીજી મહારાજે મને દર્શન દીધા. હું ચિત્તો સૂઈ રહ્યો હતો તે વખતે શ્રીજી મહારાજ મારા પગ ઉપર ચડી પેટ સુધી ખૂંદતાં ખૂંદતાં આવતા મેં કહ્યું મહારાજ પેટ ફુટી જશે. મહારાજ કહે નહિ ફૂટે. આમ શ્રીજી મહારાજે ચરણારવિંદ વડે મારા આવા દેહ ઉપર ફરીને સન્મુખ ઉભા રહીને દર્શન દેવાથી મારો થાકનો મંદવાડ મટી ગયો. સવારમાં ચાલવાની તૈયારી કરી અને ઘણા દિવસ પાછા વડનગર મુકામે આવી ગુરુને સાષ્ટાંગ દંડવત પ્રણામ સાથે જય સ્વામિનારાયણ કરી ગુરુના સમીપમાં રહ્યાને ગુરુ સંવત ૧૯૪૭ ના પોષ સુદી ૧૨ ના દિવસે અક્ષરવાસી થયા. પછી ૧૯૫૦ ની સાલમાં અમોને મંદવાડ આવેલો તે મંદવાડમાં શ્રીજી મહારાજે પોતાના સ્વરૂપનું જ્ઞાન ને ઉપાસના દ્રઢ કરાવેલી તે પછી મને શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દઈ ઠપકો દીધો કે તમારી ઉપાસના કેમ ફરી ગઈ, ત્યારે મેં કહ્યું કે જ્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન અવતારના અવતારી મને સાક્ષાત્ મળ્યા ને તેમના સ્વરૂપની દ્રઢતા ને ઉપાસના શુદ્ધ રીતે થઈ ત્યારે મારી ઉપાસના ફરી. તે વાત શ્રીકૃષ્ણ ભગવાન સાંભળીને રાજી થઈ ગયા અને અદ્રશ્ય થયા. આમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની શુદ્ધ ઉપાસનાના બળે જ અક્ષરધામ પમાય છે. કારણ સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં પ્રગટ બિરાજમાન છે.

શ્રીજી મહારાજની સર્વોપરિ ઉપાસનાના બળે પરમ પદને પમાય છે.

(ગતાંકથી ચાલું) - જ્યંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

૧. હું (ઈશ્વરચરણ સ્વામી) પ્રથમ આદિમાં ગોલોક ધામનો મુક્ત હતો અને મારે શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસના હતી ને ચિદાકાશ ધામમાં રહેવાનું હતું ને પાંત્રીસ બ્રહ્માંડનું રાજ્ય સોંપેલુ તેને (૧૧૨૬) એક હજાર એકસો છવ્વીસ વૈરાજ નારાયણ થઈ ગયા ત્યારનું સોંપેલુ છે. અને શ્રીકૃષ્ણ ભગવાન આ પૃથ્વી ઉપર પધાર્યા હતા ને તેમને એક લાખ એકસઠ હજાર એંસી પૂત્રો હતા તે ભેળો મેં પણ અવતાર લીધોને શ્રી કૃષ્ણ ભગવાનની સાથે પાછો ગોલોકમાં ગયો. ત્યાં સાંભળ્યું કે બદ્રીકાશ્રમમાં શ્રી નરનારાયણદેવને તથા તેમનાં મુક્ત ઋષિમુનિઓ તેમને દુર્વાસાઋષિનો સત્કાર નહિ કરવાથી શાપ થતો હતો અને શ્રી નરનારાયણદેવ મહારાજની ઈચ્છાથી ગયા ને શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ કરીને પોતાના શાપનું નિવેદન કરવા લાગ્યા. તે વાત સાંભળી શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાની સ્વઈચ્છાથી શ્રી નરનારાયણદેવને કહેતા હતા કે આ બ્રહ્માંડની અર્ધી આવરદા થઈ છે. તેથી તમારા થયેલા શાપને અમો સ્વીકારીને આ ભરતખંડમાં પૂર્વ દિશામાં છપૈયાપુરને વિષે ધર્મ અને ભક્તિ થકી હું મનુષ્યદેહ ધારણ કરીશ. અને મારા મુક્તોને મારી સાથે આવવાની આજ્ઞા કરીશ તે વાત ગોલોકમાં સાંભળી મારે આ પૃથ્વી ઉપર અવતાર કરવાની પ્રબળ ઈચ્છા પ્રગટ થઈ.

૨. બીજો અવતાર સિધ્ધપુર ગામમાં બ્રાહ્મણનાં કુળમાં જન્મ લીધો અને વેદ ભાગવત, પુરાણ ઈત્યાદિ શાસ્ત્રો ભણી અભ્યાસ કર્યો ત્યાર પછી ત્યાગી થઈને ત્યાગાશ્રમ પાળ્યો. હાથીની સવારી કરીને ઘણા દેશોમાં ફરી ફરી ઘણા ઘણા માણસોને ઉપદેશો કરતા ને ફરતા ફરતા શિરોહી રાજ્યમાં ગયા ને શિરોહીના રાજાએ અમારો ઘણો સત્કાર કર્યો અને અમને રાજ્યમાં હેત થયું ને તે જ રાજ્યમાં આ ક્ષણભંગુર દેહનો ત્યાગ થઈ ગયો.

૩. ત્રીજો અવતાર તે પછી શિરોહી રાજ્યમાં જન્મ આવ્યો પછી થોડા વખત રાજ્યમાં રહીને પૂર્વની વાત સાંભળવાથી ઉદાસી થઈને દેહ પડી ગયો.

૪. ચોથો અવતાર કચ્છ દેશમાં સુથારના ત્યાં જન્મ આવ્યો. ત્યાં મારા માતા-પિતા તથા સંબંધીઓ તે શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હતા. મારી ઉંમર ચાર વરસની થઈ ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન અને મુળજી બ્રહ્મચારી કચ્છ દેશમાં પધાર્યા ને મારા ઘેર આવ્યા ત્યારે મારા માતુશ્રીએ મહારાજને જમવાનો આગ્રહ કર્યો. પછી મુળજી બ્રહ્મચારીએ રસોઈ કરીને મહારાજને જમાડ્યા હતા. શ્રીજી મહારાજની પ્રસાદી લેવા માટે હું મહારાજ પાસે વાટકો લઈને ગયો પણ મારા માતુશ્રીએ મને જતા અટકાવ્યો. પછી મહારાજે જાતે મારા વાટકામાં બે માલપુવા તથા દૂધપાક આપ્યો તે પ્રસાદી હું જમ્યો. મારી ઉંમર જ્યારે આઠ વર્ષની થઈ ત્યારે હું સમુદ્ર કાંઠે સંબંધીઓ સાથે વહાણ ઘડવા ગયો ત્યારે શ્રીજી મહારાજ અને મૂળજી બ્રહ્મચારી એ બે જણ સમુદ્ર કાંઠે મારી પાસે પધાર્યા. તેમને જોઈને મેં આનંદપૂર્વક ગદ્‌ગદ્‌ કંઠે શ્રીજી મહારાજને મારે ઘેર પધારવા પ્રાર્થના કરી. મહારાજ અને મુળજી બ્રહ્મચારી મારા ઘેર પધાર્યા ને મારા માતુશ્રીએ સીધું આપીને મૂળજી બ્રહ્મચારી પાસે રસોઈ કરાવીને મહારાજને જમાડ્યા ને મૂળજી બ્રહ્મચારી પણ જમ્યા. પછી મારી સાથે દરિયા કિનારે આવ્યા અને વહાણ જોવા લાગ્યા. હું પણ સાથે હતો. વહાણ જોતા જોતા મહારાજની ચાલવાની એકદમ ઉતાવળી ગતીને લીધે મને છેટું પડ્યું તેથી મેં પણ ઉતાવળી ગતિ કરી પણ આગળ જતા બે રસ્તા આવ્યા એટલે મહારાજ દ્રષ્ટિગોચર થયા નહિ. હું નિરાશ થઈ ઘેર આવી મેં મારા સંબંધીઓને કહ્યું કે મહારાજ મને દર્શન આપી અદ્રશ્ય થઈ ગયા ! ત્યારબાદ મારો ક્ષણભંગુર દેહ મોટી ઉંમરે પડી જતો હતો.

૫. ત્યારબાદ પાંચમો અવતાર ગામ માણસામાં પાટીદારને ઘેર જન્મ થયો ને સાત વર્ષની ઉમરે આકાશ માર્ગમાં બે સાધુઓના દર્શન થયા ને મને સાધુ થવા જણાવ્યું. પછી સંવત ૧૯૩૩ ની સાલમાં હું ઈડર ગયો ત્યાં સદ્‌ગુરુ સ્વામી શ્રીરંગદાસજી હતા તેમની પાસે પ્રથમની ઓળખાણથી રહીને સમગામ કર્યો. એક દિવસ રાત્રીએ ગોપીનાથજી ભગવાને મને દર્શન દઈને કહેલું કે તમારા સંબંધીઓ આજે તમોને તેડવા આવવાના છે. માટે હું તમોને સોનાનો રથ લઈ તેડવા આવીશ તે વાત મેં મારા ગુરુને કહી. જે સાંભળીને તેજ દિવસે બપોરે મારા સંબંધીઓ તેડવા આવ્યા ને ઘેર તેડી ગયા. પરંતુ સીતાપુરના ગણપતરામ બ્રાહ્મણ અમારા માણસા ગામમાં આવેલા તેમની સાથે હું ફરી ઈડર ગયો. ત્યાં ચોમાસું કરીને કાર્તિક માસમાં સમૈયા ઉપર અમદાવાદ ગયો. તે વખતે ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી કેશવપ્રસાદજી મહારાજ થકી સંવત ૧૯૩૪ ની સાલમાં મહા દીક્ષા લઈને સાધુ થયા. ત્યારબાદ ફરી ચૈત્ર માસનાં સમૈયામાં અમે અમદાવાદ ગયા તે સમયે શ્રી

અનુસંધાન પેજ - ૯ પર...

શ્રીહરિના દ્રષ્ટા અને ૭માં વંશજના મુખેથી

સંકલન - ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

તા. ૧૨-૩-૦૮ ફાગણ સુદ-૫ કાંકરિયા મંદિર પાટોત્સવ તથા શહેર ચોર્યાસી મહોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી : મહારાજ એક સમયે એક ગામમાં સરોવરના કિનારે એક વૃક્ષની છાયામાં બિરાજમાન હતા. મહારાજને નદી, સરોવર, વૃક્ષો ખૂબ પ્રિય હતા. નદી, સરોવર દેખીને સંતો સાથે સ્નાન માટે મહારાજ તૈયાર થઈ જતા. મહારાજ સંતોને કહે, આ વૃક્ષની ઘટા કેવી શોભે છે! ત્યાં મહારાજનો દ્વેષી એક બ્રાહ્મણ આ સાંભળીને મહારાજને કહે, સ્વામિનારાયણ ભગવાન ! વૃક્ષની ઘટા તો શોભે છે, પરંતુ તમે બ્રાહ્મણોને કાલે જ આ વૃક્ષની નીચે ચોર્યાશી કરી લાડુ જમાડો તો ઘટા શોભે ! બ્રાહ્મણ તો દ્વેષથી બોલેલો કે કાલે જ આ સ્વામિનારાયણ આટલા બધા બ્રાહ્મણોને ક્યાં લાડવા જમાડી શકવાના છે, જેથી તેઓની લાજ જશે. મહારાજ કહે, ભૂદેવ ! રસોઈયા બ્રાહ્મણોને બોલાવો, અમારે કાલે જ બ્રહ્મ ચોર્યાસી કરીને બ્રાહ્મણોને લાડુ જમાડવા છે. મહારાજે આ બ્રાહ્મણને જ સોંપ્યું. હરિભક્તોને સીધું સામગ્રી ખરીદી લાવવાની આજ્ઞા કરી. આટલી બધી સીધા સામગ્રી એ સમયે ક્યાંથી હોય ! પરંતુ જોગાનુજોગ એવું બન્યું કે નજીકના શહેરમાં જામસાહેબની સવારી નીકળવાની હતી. અને તેથી એક શેઠે સીધા સામગ્રીનો ગંજ ખડકેલો. પરંતુ કોઈ કારણસર જામસાહેબની સવારીનો કાર્યક્રમ બંધ રહેલો. શેઠ બહાર ગયેલા. હરિભક્તો શેઠાણી પાસે પહોંચી ગયા. મહારાજ બહુ ઉદાર હતા, સાથે સાથે હિસાબી પણ એવા જ ! હરિભક્તોને શીખવાડીને મોકલેલા કે વધે એ પાછું લેવાની શરત કરીને સામાન ખરીદજો. હરિભક્તોએ શેઠાણી પાસે આવી શરત કરીને બધો સામાન ખરીદી લાવ્યા. બ્રાહ્મણોને ખૂબ લાડવા જમાડ્યા. મહારાજ પેલા બ્રાહ્મણ પાસે ખાસ જઈને કહે કે કેમ ભૂદેવ ! હવે વૃક્ષની ઘટા બહુ શોભે છે ને ! બ્રાહ્મણ ક્ષોભ પામીને કહે, તમે સ્વામિનારાયણ ભગવાન સાચા !

ચોર્યાશી ઉત્સવ પૂરો થયો. વધેલો સામાન લઈને હરિભક્તો શેઠાણી પાસે ગયા. પરંતુ આશ્ચર્ય એ વાતનું હતું કે સીધા સામગ્રી વપરાણી જ નહોતી. બિલકુલ એટલીને એટલી જ સીધા સામગ્રી હતી. એટલે શેઠાણીએ પૈસા લેવાની ના કહી, પરંતુ મહારાજ કહે, શેઠાણીને પૈસા આપો, તેમણે આપણી લાજ રાખી છે. ત્યારે શેઠાણી હરિભક્તો દ્વારા મહારાજને કહે કે, સ્વામિનારાયણ ભગવાન ! અમારે પૈસા નથી જોઈતા. પરંતુ અંતકાળે તેડવા આવી અમારું કલ્યાણ કરજો. મહારાજ તે શેઠાણીને અંતકાળે તેમની સીધા સામગ્રી દેખાડીને ધામમાં તેડી ગયા !

કાંકરિયા મંદિરે જ્યારે અમે નાના હતા ત્યારે આવતા, ત્યારે અહીં કંઈ નહોતું. હનુમાનજીની છત્રી હતી, તે સમયે અમે અમદાવાદની બહાર જતા હોઈએ તેવું લાગતું. હાલમાં મહારાજની કૃપાથી આ વિસ્તાર ઘણો વિકાસ પામ્યો છે. સત્સંગની ઘણી વૃદ્ધિ થઈ છે.

હનુમાનજી પાસેથી આપણે પતિવ્રતાની ભક્તિ તથા નિષ્ઠા શીખવાની છે. ઘણીવાર મોટા ભક્તોમાં પણ આ બાબતની ખામી હોય છે. એક હરિભક્ત શ્રી નરનારાયણદેવની પાંચેય આરતીના દરરોજ દર્શન કરે. પરંતુ રસ્તામાં વિમુખનું મંદિર આવે, ત્યાં આરતી થતી હોય એટલે રસ્તામાં ગાડી ઉભી રાખીને હાથ જોડે તથા આરતી લે. ઘણીવાર તો શણગાર આરતીના સમયે અમારી ગાડીની આગળ તેઓની ગાડી હોય. રસ્તામાં તેમની ગાડી ઉભી રહે એટલે અમારે પણ પાછળ ગાડી ઉભી રાખવી પડે. એકવાર તે હરિભક્ત અમારી બેઠકે આવ્યા એટલે અમે કહ્યું કે, આપણા મંદિરે આવતા રસ્તામાં પેલો ગોખલો આવે છે ત્યાં પણ તમારે આમ કરવું જોઈએ. તેઓ કહે કે કેમ એવું બોલ્યા? અમે કહ્યું કે તમને નરનારાયણદેવમાં કંઈ ખામી દેખાય છે કે રસ્તામાં દરેક જગ્યાએ ચોખા મુકતા આવો છો ! તેમણે તે સમયે ભૂલનો સ્વીકાર તો કર્યો.....

એક હરિભક્ત અમને કહે, આપશ્રીને મારે પાંચ મિનિટ માટે એકાંતમાં મળવું છે. અમે કહ્યું ચોક્કસ ! તેઓ સ્વામિનારાયણ વાડીએ આવ્યા. અને કહે, આપ આ નંગ પહેરો છો તે શનિગ્રહનો નંગ લાગે છે. મને પણ શનિગ્રહ નડે છે. મારે પણ આપની પાસેથી જાણીને વિધિ કરીને આવો નંગ પહેરવો છે. અમે કહ્યું, તમારા આટલા વર્ષો પાણીમાં ગયા. શનિ, મંગળ, બુધ વગેરે ગ્રહો શ્રી નરનારાયણદેવના ચરણોમાં મૂકી દેવાના હોય ! આપણને કોઈ નડે નહિ. અમે તો ગૃહસ્થ છીએ, શોખથી કોઈ પણ વીંટી પહેરીએ છીએ. તો આવી રીતે સમજણમાં બહુ ફેર હોય છે. માળા બે ઓછી થશે તો ચાલશે, પરંતુ પતિવ્રતાની ભક્તિમાં કે નિષ્ઠામાં ફેર હશે તો મહારાજ ક્યારેય રાજી નહિ થાય !

અનુસંધાન પેજ - ૧૬ પર...

શ્રી દેવાનંદ સ્વામી

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

સહજ - આનંદના - સંદેશક શ્રી સહજાનંદ સ્વામીના સમકાલીન અષ્ટ મહાકવિઓમાં સ્વામી દેવાનંદનું નામ આગવું સ્થાન ધરાવે છે. તેમનું પૂર્વાશ્રમનું નામ દેવીદાન ગઢવી હતું. ભાલ પ્રદેશમાં હડાળા-ભાલ સ્ટેશનથી દસેક કિલોમીટરના અંતરે આવેલ 'બળોલ' ગામના તેઓ વતની હતા. સંવત ૧૮૫૯ ના કારતક સુદ પુનમના દિવસે દેવીદાનનો જન્મ થયો હતો. પિતાનું નામ જીજીભાઈ અને માતાનું નામ બેનજીબા હતું. દેવીદાનના મામાનું ગામ મૂળી હતું. તેઓ ત્યાગાશ્રમમાં આવ્યા તે પૂર્વે શિવજીના ઉપાસક હતા. ભગવાન શંકરે તેમને દર્શન દઈ વર આપ્યો હતો કે, "જો આત્યંતિક કલ્યાણ જોઈતું હોય તો તું અવતારના અવતારી એવા ભગવાન સ્વામિનારાયણને શરણે જા."

હૃદયમાં કલ્યાણની શુદ્ધ ભાવના હતી. વળી શંકરદાદાએ વરદાન આપ્યું કે, "સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમનારાયણ તારે ગામ પધારશે. તેઓ અલૌકિક ઐશ્વર્ય લીલા કરીને આશ્ચર્ય પમાડશે. માટે તું એમને શરણે જજે. સરસ્વતી તારા કંઠમાં બિરાજશે."

શ્રીજી મહારાજ જેતલપુરમાં યજ્ઞ કરી, પાછા ફરતી વખતે બળોલ પધાર્યા. મહારાજને ઘણી જ ઉતાવળ હતી એટલે 'રયા ખટાણે' થૂલી ને દૂધની તાંસળી મહારાજ આગળ ધરી. અંગરખાની બાંય કોણીએ ચડાવી મહારાજ ગાડા પર બેઠા બેઠા દૂધ અને થૂલી આરોગવા લાગ્યા. ઉતાવળથી દૂધ પીતી વખતે કોણીએ ઊતરેલા દૂધના રેલા જીભ વડે ચાટી જઈને આ અવતારના અવતારીએ અમાનુષી ઐશ્વર્ય લીલા કરી. અરે ! મનુષ્યની જીભ કોણીએ અડી શકે જ નહિ. દેવીદાનની આંખ ફટ કરતીકને ઉઘડી ગઈ ! ભગવાન શંકરે કહ્યું હતું તે મોક્ષદાતા ભગવાન આ જ છે એવી પ્રતીતિ એમને થઈ ગઈ.

તેઓ ગૃહત્યાગ કરી સહજાનંદ સ્વામીના આશ્રિત બન્યાં. 'દેવાનંદ' નામાભિધાન રાખી ભાગવતી દીક્ષા આપી. બ્રહ્માનંદ સ્વામી પાસે પિંગળશાસ્ત્ર તથા કવિતાનો અભ્યાસ કર્યો. એક અચ્છા ગવૈયા સંત તરીકે તેમનું આગવું અને અનોખું સ્થાન હતું.

દેવાનંદ સ્વામી કવિ દલપતરામના ગુરુ હતા. એક 'વૈરાગી કવિ' તરીકે સંપ્રદાયમાં પંકાયા હતા. સ્વામિનારાયણના મંદિરોમાં દેવાનંદ સ્વામી કૃત બોધાત્મક ગરબીઓ નિત્ય ગવાતી સાંભળવા મળે છે. સ્વામી દેવાનંદે પંડિત હોવાનો દાવો કદી કર્યો નથી. સાધુ તરીકેનું તેમનું જીવન સીધું, સાદું, નિર્માની, નિર્દંભ, નિર્મળ અને નિખાલસ હતું. બ્રહ્માનંદ સ્વામીના અક્ષરવાસ પછી દેવાનંદ સ્વામી મૂળી મંદિરના મહંત બન્યા હતા.

ગાન વિદ્યામાં તેઓ કુશળ હતા, એવા જ મહાન કવિ હતા. આથી તેઓ કવિશ્વર દલપતરામના કાવ્ય ગુરુ હતા. એમનાં કીર્તનો સાંભળીને દલપતરામ તેમનાં શિષ્ય બન્યા હતાં. સંગીત અને પદ્ય રચનામાં પાવરધા હોવા છતાં દેવાનંદ સ્વામી અધ્યાત્મજ્ઞાનમાં પણ ઊંડો રસ ધરાવતા હતા. મહારાજમાં એમને અડગ શ્રદ્ધા હતી. તેમણે હજારો કીર્તનોની રચના કરીછે.

સંવત ૧૯૧૦ ના શ્રાવણ વદ-૯ ને દિવસે દેવાનંદ સ્વામીએ એક દરજી હરિભક્તને કહ્યું : "હું કાલે ધામમાં જવાનો છું ને મારે માટે વિમાન (પાલખી) તૈયાર રાખજો." સ્વામીનું તંદુરસ્ત અને સ્વસ્થ શરીર જોઈને, દરજી ભક્તને આશ્ચર્ય થયું. સ્વામીએ કહ્યું : "તારા ઘરના ઉમરા પાસે કંકુનાં પાંચ પગલાં પડશે તો સાચું માનજે."

બીજે દિવસે દરજી હરિભક્તે પોતાના ઘરના ઉમરામાં કંકુના પગલાં જોયાં ! તેને ફાળ પડી. મંદિરમાં જઈને જોયું તો સ્વામીએ દેહ મૂકી દીધો હતો. મૂળી મુકામે ભોગાવાના કાંઠે દેવાનંદ સ્વામીના પંચભૌતિક દેહને અગ્નિસંસ્કાર કર્યો. આજે પણ ત્યાં મૂળી મંદિરની વાડીમાં ભોગાવાને કાંઠે દેવાનંદ સ્વામીની છત્રી મોજુદ છે.

મહિમા નામ ભેટનો

પાર્ષદ ભગવાન ભગત ગુરુ મોહન ભગત (મૂળીધામ)

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાન અનંત જીવાત્માંઓના મોક્ષને વાસ્તે આ ભરત ખંડમાં પ્રગટ થયા. શ્રીજી મહારાજે સંતો પાસે મંદિરો બંધાવ્યા. ધર્મ શાસ્ત્રો રચાવ્યા. કીર્તનોની રચના કરાવી અને આ વિશાળ સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી અને સંપ્રદાયનું સારી રીતે સંચાલન થાય તે માટે વડતાલમાં દેશ વિભાગ કર્યો અને બે આચાર્યોની સ્થાપના કરી શ્રી નરનારાયણદેવ અમદાવાદની ગાદી ઉપર અયોધ્યાપ્રસાદજી મહારાજ અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશની ગાદી ઉપર રઘુવીરજી મહારાજને સ્થાપિત કર્યા. ત્યારે હજારોને લાખોની સંખ્યામાં સંતો અને હરિભક્તો ભેળા થયા હતા. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે હે વ્હાલા ભક્તજનો ! આ આચાર્ય મહારાજશ્રી તમારા ધર્મગુરુ, મંત્રગુરુ અને દીક્ષાગુરુ છે. એમ માનજો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એમની આજીવિકા નું શું ? ત્યારે શ્રીજી મહારાજ સ્વયં બોલ્યા જે હે મારા વ્હાલા ભક્તજનો તમારા પરિવારમાં જેટલા સભ્ય હોય તે તમામના નામ લખાવજો. અને નામ દીઠ તમારે આઠ આના આપવાના. તે તેમની ગુરુ દક્ષિણા તરીકે આજીવિકા છે. હાલના સમયમાં એક નામના પાંચ રૂપિયા લેવામાં આવે છે અને નામ દીઠ સારી રંગીન કંઠી આપવામાં આવે છે. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, આજે તમે નામ ભેટ (નામ વેરો) આપશો તે તમે મારી સેવા કરી છે એમ માનજો. અને આ નામ છે તે અક્ષરધામના ચોપડે નામ છે અને આ તો અક્ષરધામનું ભાતું છે એમ જાણજો. અને તમો સર્વ ભક્તજનો નિયમ, નિશ્ચય અને પક્ષ મજબુત રાખી સત્સંગ કરશો તથા દશાંશ, વિશાંશ ધર્માદો ચોખ્ખો આપશો તે સર્વેને હું મારું અક્ષરધામ છે તે પમાડીશ. પછી શ્રીજીમહારાજે અવિનાશાનંદ સ્વામીને આજ્ઞા કરી જે તમે આ નામનું કીર્તન બનાવજો અને એનો યથાર્થ મહિમા શું છે? તેનું વર્ણન કરજો.

૧. નામનું નામનું નામનું રે, સત્સંગી આપો સહુ નામનું
ભાતુએ અક્ષરધામનું રે, સત્સંગી આપો સહુ નામનું.

૨. પાકા હરિજન પ્રીત કરીને રે,
પાળો વચન ઘનશ્યામનું રે, સત્સંગી.

૩. રાંક રાજા અડધો સહુ આપો રે,
નથી ખર્ચ કાંઈ દામનું રે, સત્સંગી.

૪. બાર મહિને એકવાર દેવું રે,
પુત્ર ત્રિયા નિજ વામનું રે, સત્સંગી.

૫. શ્રીમુખ વચન શ્રીહરિ કિધુ રે,
કરવા પોતાના કામનું રે સત્સંગી.

૬. સત્સંગી જે હોય શિરોમણી રે,
ઉઘરાવી દે આખા ગામનું રે, સત્સંગી.

૭. રેંટીયો કાંતિ રાંડી રાંડ ડોશી આપે રે,
વચન છે પુરણ કામનું રે, સત્સંગી.

૮. હેતે કરીને આપે જે હરિજન રે,
ધામ પામે સુખ ધામનું રે, સત્સંગી.

૯. નામ લખાવી જે જન આપે રે,
થાશે કલ્યાણ તમામનું રે, સત્સંગી.

૧૦. હાથોહાથ માંગી શ્રીહરિએ લીધુ રે,
હૈયાની પુરવા હામનું રે, સત્સંગી.

૧૧. ભક્ત થઈને જે નામનું ન આપે રે,
પામે ન સુખ પરિણામનું રે સત્સંગી.

૧૨. લોભ રાખી જે અવગુણ લેશે રે,
તેને વચન નથી કામનું રે સત્સંગી.

૧૩. જ્યાં ત્યાં ખુવે જન જુગટામાં જાણી રે,
જાવા ચોર્યાસીમાં જામનું રે, સત્સંગી.

૧૪. વેરો જાણીને જે નહીં આપે રે,
દ્રવ્ય છે તેનું હરામનું રે, સત્સંગી.

૧૫. અવિનાશાનંદ એમશ્રી મુખે કિધુ રે,
વચન છે પુરણ કામનું રે સત્સંગી.

હે વ્હાલા વાંચકો આ નામનું કીર્તન કોઈ કીર્તનાવલી છપાવતા નિત્ય નિયમાંવેલી છપાવતા હોય તેમાં આ કીર્તન છપાવજો. એવી સંતો અને હરિભક્તોના ચરણોમાં પ્રાર્થના છે. તેમાં સ્વામિનારાયણ ભગવાનનો ઘણો જ રાજીપો છે.

યજ્ઞની અકળામણ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

સવાર થયું ત્યારે શ્રીહરિએ કહ્યું, ચાલો કાંકરિયે નહાવા જઈએ. સૌ પોતપોતાના હથિયાર સાથે રાખજો. અશ્વવાળા હોય તે અશ્વ ઉપર બેસીને આવે, વૃધ્ધો, સ્ત્રીઓ અને બાળકો ઉતારામાં જ રહે. બંદૂકોના ભડાકા કરતી સવારી ચાલી. પણ અસુરોની છાવણીમાંથી એક બચ્ચો પણ બહાર ન નિકળ્યો. કેટલાક ગુપ્તચરો છાની રીતે ફરતા હતા તે પણ શસ્ત્રધારીઓની વિશાળ સંખ્યા જોઈ છક થઈ ગયા. સ્નાન કરી સરોવરના તટ ઉપર જ સભા કરી. શહેરમાંથી અનેક ભક્તો દર્શન કરવા આવ્યા. તેઓ ફળ ફૂલ મીઠાઈ મેવા હારતોરા વગેરે લાવ્યા હતા. શ્રીહરિની પૂજા સ્તુતિ કરી ભેટ અર્પણ કરી. દામોદર, રણછોડ, લાલદાસ, હીરાચંદ, માણેકચંદ, શંભુદાસ, કુબેરસિંહ વગેરે ભક્તોએ કહ્યું, હે મહારાજ ! આપ જે હેતુ માટે પધાર્યા છો તે સિધ્ધ કરીને જજો. ત્યારે પોતે બોલ્યા કે હે ભક્તો એમ જ કરવું છે. તમારા મનોરથ પૂર્ણ કરીને જ અમે અમારા ધામમાં જઈશું. ઘણીવાર સુધી વાતો કરી. પછી મુક્તમુનિને કહ્યું, હવે તમે વાતો કરો. અમે ગામમાં જઈએ છીએ.

મહાપ્રભુ નથુ ભટને ઘેર જમવા બેઠા. થોડીવાર થઈ ત્યાં તો મુક્ત મુનિ ત્વરિત ગતિથી ત્યાં આવી પહોંચ્યા. જલ્દી આવવાનું કારણ પૂછતાં મુનિએ કહ્યું, હે મહારાજ ! આપ ગયા પછી હજારો શસ્ત્રધારી વેરાગીઓ ગાંજા ભાંગ્ય પીને મદોન્મત થયેલા, ક્રોધથી બૂમો પાડતા જેમ તેમ બોલતા અમારા પર ઘસી આવ્યા. કાળનું અતિશય વિષમ પણું જોયું એટલે તમારું સ્મરણ કરતા ત્યાંથી નાસી છૂટ્યા. જેમ તેમ કરી શહેરમાં પ્રવેશ કર્યો. એટલામાં સાવ અમારી નજીક આવી બંદૂકની ગોળીઓ છોડી પણ તમારા પ્રતાપે અમને વાગી નહિ. માંડ માંડ બજારમાં પહોંચ્યા ત્યારે આખું ટોળું અમારી પાછળ ધસી આવતું જોઈ કેટલીક બહેનો દોડી આવી અમને ઘેરી વળી. જાનના જોખમે તે બહેનોએ અસુરોનો પ્રતિકાર કરી અમને બચાવી લીધા. અને પોતાના ઘરમાં લઈ જઈ સંતાડી દીધા. વેરાગીઓ પાછા હઠ્યા પછી અમે અહીં આવી શક્યા. બહેનોની સહાયથી અમે બચ્યા છીએ. હવે તમે કહો તેમકરીએ. શ્રીહરિ કહે હે મુનિવર ! આપત્કાળમાં આત્મરક્ષણ માટે જે થયું તે બરાબર છે. એમાં તમને કોઈ બાધ નથી. આમ વાત કરે છે ત્યાં ખડકીનું બારણું જોરથી ખખડ્યું.

શૂરવીર પાર્ષદ દયાળજી સાવધ થઈ ગયા. બીજા પાર્ષદોએ પણ સચેત થઈ પોતપોતાનું સ્થાન સંભાળી લીધું. નથુ ભટે ખડકી ખોલી. દુશ્મનો અંદર પ્રવેશવા માટે ધસી આવ્યા. દયાળજીએ સિંહ સમાન ગર્જના કરી. ખબડદાર અંદર પગ મૂક્યો છે તો ! ઘાસની જેમ કાપી નાખીશ. નથુ ભટે સલૂકાઈથી કહ્યું, તમે ભેખધારી છો. ભેખમાં ભગવાન હોય છે એમ કહે છે. અમે બ્રાહ્મણ છીએ. બ્રાહ્મણો પણ ભગવાનને પ્રિય છે. માટે પરસ્પર એક બીજાની મર્યાદા આપણે સાચવીએ તો સારું. મહેરબાની કરી પાછા જાઓ. શ્રીહરિને પકડવા આવેલા અને નશામાં ચકચૂર બનેલા વેરાગીઓએ કંઈજ સાંભળ્યુ નહિ. ઘરમાં પ્રવેશવા બળજબરી કરવા લાગ્યા. ત્યારે નથુ ભટને આખા શરીરે ઉશ્કેરાટ વ્યાપી ગયો. ધ્રૂજવા લાગ્યા. ઉગ્રતાથી કહેવા લાગ્યા, તમે અહીંથી પાછા નહિ હઠો તો મારી એકની એક દીકરીને તમારી સામે પટકી તેનું લોહી છાંટીશ. પરંતુ મરણિયા થયેલા દુશ્મનોને કોઈ અસર થઈ નહિ. અંદર પેસવા ખડકીનું બારણું તોડવા લાગ્યા. બરાબર આજ સમયે ગામના મુખી ત્યાં આવ્યા. તોડફોડ કરતા અને બેફામ બોલતા વેરાગીઓને જોઈ ઉકળી ઉઠ્યા. સાલા લંગોટાઓ! તમે આટલા માટે અહીં આવ્યા છો ? કોને પૂછીને ડેરા તંબૂ તાણ્યા છે? સ્વામિનારાયણે તમારું શું બગાડ્યું છે ? ગામગરાસ લૂંટી લીધો છે ? હું ગામનો મુખી છું. મેં એમને તેડાવ્યા છે. એમના યજ્ઞમાં રોડાં નાખો છો પાપીઓ ? ત્યાં એક અસુર આગળ ધસી આવ્યો. તલવાર ખેંચી તાડૂક્યો, તું મુખી હોય તો લે પહેલું માથું તારું વધેરું ! એમ કહી તલવારનો જેવો ઘા કર્યો કે તરત ભગુ ખાંટે વીજ ઝડપે તે ઘા પોતાની તલવારથી ઝીલી લીધો. પછી મુખીએ પાર્ષદોને કહ્યું, હવે આ કૂતરાઓ હડકાયા થયા છે. એમને જીવતા ન છોડાય. મારવા જ માંડો. હડકાયાને કોઈ વિવેક નથી હોતો. પાર્ષદો શ્રીહરિ પાસે આવ્યા. મહાપ્રભુ! હવે આપ આજ્ઞા આપો. દુશ્મનોને જીવતા મૂકવા જોખમ છે. સંતોને માર્યા છે તેનો બદલો લેવા દો. સર્વજ્ઞ શ્રીહરિ બોલ્યા કે ગામના વડા મુખી છે. એમની સમંતિ વગર આપણાથી કોઈના પર ઘા ન થાય. તમે એમની મરજી જાણી લો. હે મહારાજ ! મુખીએ તો મંજૂરી આપી જ દીધી છે. હવે આપની આજ્ઞા અમે માગીએ છીએ. એવું પાર્ષદે કહ્યું ત્યારે મહાપ્રભુ બોલ્યા, હવે

અનુસંધાન પેજ - ૧૬ પર...

સ્વામિનારાયણ સંપ્રદાયની આત્મસૌરભ સંપ્રદાયની કવિતાઓમાંથી પ્રગટે છે

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ)

ફૂલ જેમ સુગંધથી પરખાય છે તેમ સંપ્રદાય તેની કવિતાઓ કે સાહિત્યથી પરખાય છે. કોઈપણ નવા સંપ્રદાયમાં ન જોવા મળે એટલી વિશાળ સંખ્યામાં સ્વામિનારાયણ સંપ્રદાયના નંદ સંત કવિવરોની કાવ્ય રચનાઓ વિદ્યમાન છે. આ કવિતાઓ એટલે પ્રેમ ભક્તિના સ્વયંભૂ ફૂટતા ફુવારા. વાવ કે કૂવાઓમાં પૃથ્વીના હૈયાની ધાવણ સમી ફૂટતી નીર સરવાણીઓ એ વાવ કૂવાની સજીવનતા છે. સૂર્યના પ્રોજજવળ કિરણો કરતાં એના અદૃશ્ય કિરણો વેગવંતા બળવંતા મહાગગન વિહારી છે. સંપ્રદાયની એ અદૃશ્ય અને અગમ્ય ભાવ ભરતીથી સંપ્રદાય સદા સુવાસિત રહે છે. સ્વામિનારાયણ સંપ્રદાયનાં ભક્તિ વૈરાગ્ય કવિતાથી ગુજરાત સુવાસિત છે.

મીરાનું લાડ સોહામણું લાવણ્ય, નરસિંહના ભરવેગ ભાવપુર, રાજેના તલસાટ, દયારામના ઉછળાટ અને આવેગ, એ સહુ રસ પ્રકારો સ્વામિનારાયણીય કવિતા ભંડારે ભરેલા છે. સ્વામી બ્રહ્માનંદના પડછંદાના ઝપાટા, ભોજાના ચાબખાને ભૂલાવે એવા છે. પ્રેમસખીની પ્રેમલક્ષણા ભક્તિ એમનાજ સમકાલીન દયા સખીની પ્રેમલક્ષણાથી લેશે ઝંખવાય તેવી નથી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનેક કીર્તનોમાં સખાભાવની સુરભિ મહેકતી, પ્રેમભક્તિની પરમકવિતા દૃશ્યમાન થાય છે.

સંપ્રદાયના શીરમોર સમાન કવિવરોમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી આદિનો સમાવેશ થાય છે. અન્ય અનેક સંત વર્યોએ પણ આધ્યાત્મિક કાવ્ય પ્રસાદનો આસ્વાદ કરાવ્યો છે. શ્રીજી મહારાજના અવતારીપણાને, પ્રગટપણાને તથા શ્રીહરિના અદ્‌ભુત ઐશ્વર્યને બિરદાવવાનું મહામૂલું કાર્ય આ નંદ સંત કવિવરોએ કરી હરિભક્તોના હૃદયમાં અનોખું સ્થાન જમાવ્યું છે.

આ કવિવરોએ ઉજજવળ શબદ લાલિત્ય દાખવી શ્રી સહજાનંદ સ્વામીની મંગલમય મૂર્તિ લોક હૃદયમાં પ્રસ્થાપિત કરી છે. આ કવિવરોમાં શ્રી સહજાનંદ સ્વામી પરત્વેનો પૂજ્ય ભાવ સર્વાવતારીપણાનો તાદૃશ્ય ચિતાર તેમણે શ્રીહરિને નીરખીને શબ્દ દેહ અર્પેલો છે. શ્રીહરિ પ્રત્યે પ્રત્યક્ષ ભગવાનપણાનો નિશ્ચય થતાં તરત જ અતિ આનંદમાં બ્રહ્માનંદ સ્વામીએ પદ જોડ્યું,

"આજની ઘડી રે ધન્ય આજની ઘડી મે,
નિરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી."

જે સત્ય ભગવત્ સ્વરૂપ પોતાને પ્રાપ્ત થયું છે તે સહુ કોઈને સાંપડે તેવી સ્વામીની મહેચ્છા છે. તેઓ લખે છે કે-

તનડાની મમતા તું ત્યજજે રે કે રૂડા રઘુવીરને ભજજે રે
વિચારી જો કાયા તારી રે કે એમાં કઈ વસ્તુ છે સારી રે....

ભગવાનને પ્રિય ભક્તો કેવા હોય છે તેનું અનુમાન તેઓએ મેળવીને લખ્યું છે કે -

"માથું જાતાં રે મુખનું પાણી ન જાવે બ્રહ્માનંદ કહે રે,
તે સંત હરિમન ભાવે."

પ્રેમસખી પ્રેમાનંદના કાવ્યો ગાયકો તથા વાજીંત્રો વગાડનારાને ઘણા પસંદ છે. ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઉત્તમોત્તમ ચરિત્રો તેમના દૈનિક જીવનના પ્રસંગો વર્ણવતી તેમની પદાવલીઓ આજે પણ નિત્ય નિયમાનુસાર પ્રતિદિન ગવાય છે. શ્રીહરિની પ્રત્યેક ચેષ્ટાઓનું સચોટ વર્ણન વાચકને મંત્ર મુગ્ધ બનાવે છે. "વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ" એ જ્યારે રચીને કવિવરે શ્રીહરિ પાસે પ્રગટ કર્યું ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "જેને આવી રીતે ભગવાનનું સ્મરણ છે તેમને ધન્ય છે. માટે તેને તો ઉઠીને અમો દંડવત્ કરીએ." પ્રેમાનંદ સ્વામીના કાવ્યો તેમના હૃદયમાંથી સ્વયં સ્ફૂરેલા જણાય છે.

ત્યાગ અને વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીનાં પદો પણ જન સમાજમાં સરળતાથી ગવાય છે. તેમના પદોની અસર માનવ મન પર ત્વરીત થાય છે. સંસારની અસારતા અનેક પદોમાં વર્ણવી શ્રીહરિને ભજી લેવા તેઓનો અનુરોધ પ્રશંસનીય છે. તેઓ લખે છે કે-

"કાયા કાચો કુંભ, વાર ન લાગે વણસતા"

"સહજાનંદ સિંધુ રે સખી ! સદા સેવીએ જો સુખ ઈચ્છીએ મનમાંય" ભક્તિનિધિ, વચનવિધિ, ધીરજ આખ્યાન એ ગ્રંથોમાં તેમની અચળ નિષ્ઠા, નિષ્કામ દૃઢ ભક્તિ, અડગ આશ્રયના દર્શન થાય છે. મંજુકેશાનંદ સ્વામીના લગભગ ચારેક હજાર પદો છે. તેમનું પણ મુખ્ય અંગ વૈરાગ્યનું છે. તેમની લેખન પદ્ધતિ ઉપદેશક છે. તેમનો ઈષ્ટદેવ પ્રત્યેનો પ્રેમ તેમના સર્જનમાં પ્રગટ થયા વિના રહેતો નથી. "ધર્મ કુંવર ક્યારે આવશે રે, મન મળવાને ચ્હાય !

સંપ્રદાયને સુશોભિત કરનારાઓમાં દેવાનંદ સ્વામીનું નામ પણ સામેલ છે. તેમના પદોનો રાગ ગુર્જર સ્ત્રીઓમાં પ્રિય છે.

તેઓ આલેખે છે કે,

"કર પ્રભુ સંગાથે પ્રીતડી રે, મરી જાવું મેલીને ધન માલ
અંત કાળે સગું નહીં કોઈનું રે.."

ભગવાન સ્વામિનારાયણની દિનચર્યાની નોંધણી રાખનાર તે સમયની રોજનીશી જેવો ગ્રંથ રચનાર કવિતાના બંધન વિનાની કવિતા રચનાર આધારાનંદ સ્વામીનો ફાળો અનન્ય છે. આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરજી મહારાજે પણ પદો રચ્યા છે. સમાજના દોષો પર કુંડળિયાઓની રચના મયારામભટ્ટના ભાઈ ગોવિંદરામભટ્ટે કરીછે.

'જ્ઞાન વિલાસ' ના રચયિતા ચૈતન્યાનંદ સ્વામી, "ધ્યાન સિધ્ધિ"ના લેખક વિધાત્રાનંદસ્વામી, સ્વામિનારાયણ વિચરણના લેખક પ્રસાદાનંદ સ્વામી, પદો દ્વારા આશ્રયનું બળ પાઠવનાર જેરામભગત, આત્માનંદ બ્રહ્મચારી, સિધ્ધાનંદ સ્વામી આદિ અનેક કવિવરોએ શ્રીહરિના ગુણગાન મુક્ત કંઠે ગાયા છે. આમ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની આત્મ સૌરભ કવિવરોની કવિતાઓમાંથી પ્રગટે છે.

અનુસંધાન પેજ ૧૧ નું ચાલું...

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી : ઉત્સવ સમૈયા, મંદિરનું નિર્માણ કે અન્ય કોઈપણ સત્કર્મ કરીએ તે અંતે મહારાજના ચરણોમાં સમર્પિત કરીએ ત્યારે તે સત્કર્મ મહારાજ સુધી પહોંચે છે. અને મહારાજ ખૂબ રાજી થાય છે. સુખ આવે કે દુઃખ આવે કોઈ પણ પરિસ્થિતિમાં સત્સંગ પ્રત્યેની સમજણ, મહારાજનો નિશ્ચય હરહંમેશ એક સરખો રહેવો જોઈએ.

તા. ૧૪-૩-૦૮ ફાગણ સુદ-૮ બાપુનગર (એપ્રોચ) મંદિરના તૃતિય પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી : થોડા સમય પહેલા વાંચેલું કે એક ભિખારી મરી ગયો, તેની પાસેથી લાખ રૂપિયાની મૂડી નીકળી. વિચાર કરીએ તો ખ્યાલ આવે કે ભિખારી પૈસા વાપરી શક્યો નહિ અને અંતકાળ આવી ગયો. પૈસાનું સુખ લઈ શક્યો નહિ. એમ આપણને મહારાજ તથા સંતો, શાસ્ત્રો તો મળ્યા છે. પરંતુ તેનું સુખ લેતા આવડવું જોઈએ. જો સુખ ન લઈ શકીએ તો જે મળ્યું છે તે શું કામનું ? આપ સૌના સહયોગથી નિર્ગુણદાસજી સ્વામી તથા લક્ષ્મણજીવનદાસજી સ્વામીએ આવું સુંદર મંદિર બનાવીને આપ્યું છે તો ઘનશ્યામમહારાજના દર્શન વગેરેનું સુખ દરરોજ લેવું. આપણે ખૂબ મોટા ભાગ્યશાળી છીએ કે આપણને આવી મોટી પ્રાપ્તિ થઈ છે. આપણને જે મળ્યું છે તે જગતમાં અન્ય કોઈને નથી મળ્યું. માટે હંમેશ અહો અહોપણું રાખીને સુખ લેતા શીખીએ.

અનુસંધાન પેજ ૧૪ નું ચાલું...

તમને છૂટ છે. તમારાથી બને તેટલી સેવા કરજો.

દયાળજી, ભગુખાંટ, ડુંગરજી, ઘમડકાના રામસિંગ, બંધિયાના બે જાડેજા ક્ષત્રિયો, ડાંગરવાના અમરાજી, અગરાજી તથા અન્ય શૂરવીર ક્ષત્રિયો ભગવાન સ્વામિનારાયણની જય બોલાવતા વાયુવેગે દુશ્મનો પર તૂટી પડ્યા.

ચાર પાડ્યા ચોકમાં જે હતા અસુરમાં અધિપતિ
બીજા ભણેણી ભાગિયા, ભાઈઓ આપણી પણ આ ગતિ.

ચાર આગેવાનોને તો બંદૂક ધારીઓએ ક્ષણ માત્રમાં ઢાળી દીધા. ચમકતી ધારદાર તલવારોએ ઘાસ વાઢે તેમ દુશ્મનોનાં માથાં વાઢી નાખ્યા. કેટલાયના હાથ પગ કાપી નાખ્યા. શૂરવીર સેવકોના લક્ષ્ય વેધી પ્રહારોથી વેરાગીઓ હેબકી ગયા. હાથમાં રહેલા હથિયારો એમને એમજ હેઠાં પડી ગયા. શરીર ધ્રૂજવા લાગ્યા. "અરિદળ બળ નિર્બળ" થઈ ગયું. બાકી રહ્યા તેમને લાગ્યું કે આપણા માથે કાળ ચકરાવો લે છે. તેઓ પણ પૂંઠ ફેરવી નાઠા.

ભઈ રુધિર સરિ સંગ્રામમેં લખી હરખ ભૂત પિશાચ હી
ભરી ભરી શોણિત સંચહી અગનિત જોગની નાચ હી
આમિષ ભખ ખગ ખાત આમિષ શ્વાન શ્યાલ અપાર હી
ભયે અધિક ઉછવ હરખ ઉર હર મૂંડ માલા ધાર હી

કવિ આલેખન એવું કરે છે કે રણ સંગ્રામમાં લોહીની નદી વહેવા લાગી. ભૂત પ્રેત પિશાચોનો ત્યાં મેળાવડો થયો. જોગણીઓ રુધિરના ખોબા ભરી ભરી માથે નાખવા લાગી. માંસ ખાવા માટે ત્યાં કેટલાયે શ્વાન, શિયાળાદિ પશુઓ ભેગા થયા. આકાશમાંથી ગીધ, સમડી, બાજ વગેરે પક્ષીઓના જૂથ મિજબાની માટે ઉતરી પડ્યા. નવાઈની વાત તો એ છે કે ખૂદ શિવજી પણ અહીં આવી પહોંચ્યા. અને ખોપરીઓની માળા ડોકમાં પહેરી ઉત્સવ મનાવા લાગ્યા.

ઘડી પહેલાં શૂરવીર યોધ્ધાઓના જ્યાં હાકલા પડકારા થતા હતા, તુરાઈ અને રણભેરી જેવા વાજિંત્રો વાગતા હતા, મારો મારો કાપો કાપો જેવી બૂમો સંભળાતી હતી બંદૂકોના ભડાકા થતા હતા તે ભૂમિ સ્મશાનવત્ બની ગઈ. પછી દેવ સમા પાર્ષદો દેવાધિદેવ પાસે આવ્યા. પ્રણામ કર્યા ઈષ્ટદેવને. અને સંભળાવી યુધ્ધગાથા ગર્વગંજન મહાપ્રભુને. પ્રસન્ન થયેલા પરબ્રહ્મ શ્રીહરિએ સંજીવની સમા પોતાના સુખદ હસ્ત રણવીરોના માથે મૂકી બધા જ દુઃખ દર્દ ભૂલાવી દીધા.

એમ ભાર ઊતાર્યો ભૂમિનો વૈશાખ વદિ ચતુર્દશી
તે દિ પાપી મારિયા જે આવ્યા'તા મારવા ઘસી.

સત્સંગ ભાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

આરતીના પદની અદ્‌ભુત કથા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

(ગતાંકથી ચાલુ)

મિત્રો ! આરતીનો મહિમા તો અદ્‌ભુત છે. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ સાક્ષાત્ પરમાત્મા છે. એ ભાવથી મુક્તાનંદ સ્વામીના હૈયામાંથી જે શબ્દો નીકળ્યા છે તે અતિ સુખકારી અને કલ્યાણકારી છે. માટે જ આખા સંપ્રદાયમાં આ આરતી બધા જ ગાય છે. જેને આપણે ભાવાર્થ સાથે સમજીએ છીએ. ગયા અંકમાં આપણે વાંચ્યું કે -

"પામર પતિત ઉધાર્યા"

સગરામ જેવા એક બે નહિ "અગણિત નરનારી" જેની કોઈ ગણત્રીજ ન થાય. જુઓને આપણા જેતલપુરની જાણીતી કથા તોછે જ ને .....

સ્વામિનારાયણ ભગવાને જેતલપુરમાં યજ્ઞ કર્યો ત્યારે બધી બેનો સેવા કરવા તૈયાર થઈ ગઈ. કઈ સેવા ? અનાજ દળવાની, તો જગતની રીતે કોઈ આચરણથી જરા પતિત હશે, જેમના આચરણ સારાં નહી હોય એવી કોઈ સ્ત્રીને ભાવ જાગ્યો કે સેવા કરીએ તો ભવ તરીએ. સભામાં ઘઉં દળવાની સેવા લેવા આવી. તો કેટલાક જરા વધારે ઉધમાતીયા ભક્તો હોય, આજે હોય છે એવું નહી એ દહાડેય હતા. એકદમધમાલ કરી મુકી કે આ બાજુ નહી. તું અહીંયા નહીં. બધાને રઘવાયા જોઈને મહારાજે પૂછ્યું, ભાઈ ! શું છે ? મહારાજ ! આ ઘઉં લેવા આવી છે. એને ન અપાય. એ બહુ ખરાબ છે. પણ ભાઈ, મહારાજ બેઠા છે. ઘણા માણસો એવા છે, બોલવા જ ન દે. પોતે જ બોલે. પણ ભાઈ ! શાંત થા, મને બોલવા તો દે. પ્રભુ કહે છે, એને ઘઉં આપવા ન આપવા, તમે શા માટે ચિંતા કરો છો ? ઘઉં આપવા વાળા હરિભક્તોને મહારાજ કહે છે, એને ઘઉં આપો. અધમ ગણાતી, પછાત ગણાતીને પણ યજ્ઞની સેવા આપી. પ્રભુએ એકલી સેવા આપી એટલું નહિ, એ ઘઉં દળીને આવી એટલે વરદાન આપ્યું, "જા તારૂં કલ્યાણ થશે." એટલે મુક્તાનંદ સ્વામીના આ શબ્દો છે. "પામર પતિત ઉધાર્યા" આવા પામર અને પતિતોને અનેકને પ્રભુએ ઉધાર્યા છે. માટે સ્વામિનારાયણ ભગવાનનું "પતિત પાવન" એવું કલ્યાણકારી નામ છે.

તો ચાલો મિત્રો ! હવે એના પછીની જે આરતીની કડી છે તે બોલીએ.

"નિત નિત નૌતમ લીલા કરતા અવિનાશી,
અડસઠ તીરથ ચરણે કોટી ગયા કાશી પ્રભુ."

હે પ્રભુ ! આપના ચરિત્રો તો અપરંપાર છે. "નિત નિત નૌતમલીલા....." આજે આ ભક્તને ઘેર તો સવારે બીજે ગામક્યાંય કેટલાય ભક્તોને ઘેર વિચરણ કરો છો. સૌનો ભાવ સ્વીકારો છો, કોઈનું ભોજન સ્વીકારો છો, કોઈની પૂજા સ્વીકારો છો, કોઈને બોલાવો છો, કોઈને વઢો છો, કોઈની સાથે આનંદ વિનોદ કરો છો. ક્યાંક રંગોત્સવ તો ક્યાંક રાસોત્સવ, ક્યાંક રામનવમી કે જન્માષ્ટમીના ઉત્સવોમાં બહુવિધ લીલાઓ આપની છે. જેનું સ્મરણ માત્ર પણ જીવાત્માનું કલ્યાણ કરે છે. એવી આપની અનંત લીલાઓને કોણ લખી શકે ?

"સાત સમુંદરની શાહી કરૂં, કલમકરૂં વનરાઈ,
શેષ શારદા લીખા કરે, તવગુણ લીખા ન જાઈ."

પ્રભુનાં આવાં અનંત લીલા ચરિત્રો છે. માટે સ્વામી લખે છે કે - "નિત નિત નૌતમ લીલા કરતા અવિનાશી.."

અડસઠ તીરથ ચરણે .....

હે પ્રભુ ! આપનાં ચરણમાં વંદન કરીએ ને ત્યારે અંદર એવો અનુભવ થાય છે કે કોટિ ગયા કાશી અડસઠ તીરથ આ ચરણમાં છે. આ ગુજરાતી ભાષાનું પદ છે. આરતીની રચનામાં કદાચ આપણને એવી કલ્પના પણ નહી હોય કે કોટિ ગયા કાશી એટલે શું ! ઘણા એમ માની લે છે કે કોટી વખત કાશીએ ગયા. થોડો પણ વિચાર કરીએ તો સમજાય કે કરોડ વખત કાશીએ કોઈ જવાનું ન હોય. પરંતુ અહી "ગયા" શબ્દનો અર્થ જુદો છે. જેમ કાશી તીર્થ છે એમ "ગયા" એ તીર્થનું નામ છે. અને સાચું સમજ્યા વગર ભગવાનને ભૂલીને કોઈ ગયાજી કે કાશીની યાત્રા કરે પણ આ ચરણમાં તમે જ્યાં સુધી એકાગ્ર થઈને વંદન નહી કર્યા હોય ત્યાં સુધી પેલા તીર્થનું ફળ કાચું પડશે. આપણા પુરાણોમાં એક તીર્થખંડ છે. એમાં આવે છે. પોતાના ઈષ્ટદેવ પ્રત્યે જેને સાચી ભક્તિ ન હોય એને તીર્થનું ફળ મળતું નથી. તીર્થનું ફળ એને મળે કે જે પરમાત્માના ચરણમાં ભાવથી ને પ્રેમથી વંદન કરતો હોય. આ દર્શન, આ શ્રવણ આની તો કોઈ વાત થઈ શકે તેમ નથી.

"પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે,
કાળ કર્મથી છૂટી, કુટુંબ સહિત તરશે... પ્રભુ."

આ પુરૂષોત્તમનારાયણનું એકવાર પણ જો કોઈ દર્શન કરશે તો એના મોક્ષમાં, એનાં ઉદ્ધારમાં તો કાંઈ ખામી નથી પણ એના કુટુંબનુંય કલ્યાણ થશે.

શ્રી સ્વામિનારાયણ

એક બહેન બહુ ભક્તિવાળા, નિયમિત મંદિરે આવે, પરમાત્માનાં દર્શન કરે, પરમાત્માની વાણી સાંભળે પણ એનો પતિ બિલકુલ હિરણ્યકશિપુ જેવો. સવારમાં ધોર્યા કરે તે મગર આઠ વાગ્યે પાણીમાં પેસી જાય પણ આ આઠ વાગ્યે પથારી છોડે નહિ. બિલકુલ સાવ એદી, જીવતો જાગતો બે પગવાળો પશું જોઈ લ્યો. નહીં ધર્મ, નહીં કર્મ, નહીં કોઈ સંસ્કાર, ખાઈ-પીને પડ્યા રહેવાનું અને પોતાના માથે જાણે આવી પડી હોય એમ ફરજ નોકરી એટલું કરી આવે. હવે ધીમે ધીમે એના જીવનમાં પાપ પણ પેઠું. કાંઈ ન કરો ત્યાં સુધી જમપુરીમાં ન જવાય. પણ પાપ કરો તો શિક્ષા થાય. આ બધાં દૃષ્ટાંતો બહું ટૂંકમાં લખ્યા છે. અંતકાળમાં આ ભાઈ રિબાય છે. ઘણી ઉંમર વીતી ગયેલી. અંતકાળ આવ્યો. એમના ઘરવાળા બાજુમાં બેઠેલાં છે. જેના હૃદયમાં સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ... રટણ છે. પતિ મરતાં મરતાં કહે છે મને કાંઈક દેખાય છે. ભયજનક, બીક લાગે છે. આ બહેને કહે છે બિલકુલ ગભરાશો નહિ, તમે મારા હાથના રોટલા ખાધા છે. હૃદયમાં સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ છે. એમનાં દર્શન થયેલાં છે, એમની વાણી સાંભળી છે અને મારા હાથની કરેલી રસોઈ તમે જમેલા છો. તમને કોઈ જમદૂત અડી ન શકે. તમારૂં કલ્યાણ થશે. એક સ્ત્રી પોતાના પતિને આવું કહી શકે છે એ પ્રગટ પુરુષોત્તમ એવા સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન, ભજન કરવાથી. તો જે શ્રધ્ધાથી દર્શન કરે છે તો એ કાળકર્મથી છૂટીને કુટુંબ સહિત એટલે કે આખા કુટુંબમાંથી એક વ્યક્તિ પણ જો પરમાત્માનાં નિશ્ચય વાળી બને તો એના કુટુંબનો ઉદ્ધાર થાય છે. હે પ્રભુ ! એવા આપનો જયજયકાર થાઓ.

મિત્રો ! હવે આરતીની છેલ્લી કડી આપણે સાથે બોલીએ

"આ અવસર કરૂણા નિધી, કરૂણા બહુ કીધી,
મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સીધી... પ્રભુ"

મુક્તાનંદ સ્વામી કહે છે આ અવસર, આ કળિકાળમાં તમે કાંઈ કૃપા કરી છે ! જેમ અષાઢી મેઘ વર્ષે, જયજયકાર કરી દે એમ તમે કલ્યાણનો વરસાદ વરસાવ્યો છે. જે મોક્ષ, જે મુક્તિ બહુ દુર્લભ હતી તેને બિલકુલ સરળ બનાવી દીધી.

"જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ...."

આવો, જે ને જોઈએ તે, એમાં કોઈ ભાગ, ત્યાગ, બાદબાકી કશું જ નહીં. બધા જ આવો ભાઈ, તમે કોણ છો? કેમ આવ્યા છો ? ના, એમ નહીં. આવોને તમારે જરૂર હોય તે આવો. જેમ કોઈ માણસ અન્નનું સદાવ્રત ખોલે તેમઆ મોક્ષનું સદાવ્રત ખોલ્યું છે.

નિષ્કુળાનંદ સ્વામીએ પણ કહ્યું છે કે જેમકોઈ દેશમાં માલની મોટી સ્ટીમર ભરીને લઈ જવાની હોય તો તેમાં નક્કી કરેલો બધા માલસામાન ભરાય. તેમ છતાં જો ખાલી જતી હોય તો પોસાય નહી. એટલે પછી જે આવ્યું તે ભરવાનું નક્કી કર્યું, તેમ છતાં ખાલી રહેતી હતી તો છેવટે પથ્થરા પણ ભરી જવા પણ સ્ટીમર ખાલી જવા દેવી નહી. એમ"આ અવસર કરૂણાનિધિ, કરૂણા બહુ કીધી." જેવા હશે તેવા પરંતુ જો સ્વામિનારાયણ ભગવાનનો અનન્ય આશરો હશે, ભજન કરતા હશે તો પથ્થરા જેવા ને પણ પ્રભુ મુક્તિ આપશે. એવી રીતે "વહેતી કીધી અક્ષરવાટ પુરુષોત્તમ પ્રગટી રે." શ્રીજી મહારાજે મોક્ષનો જયજયકાર કર્યો તે ખરેખર આ કડીમાં આપણને વિદિત થાય છે.

મિત્રો ! આરતીના રચયિતા મુક્તાનંદ સ્વામીને સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ નિશ્ચય થયો પછી એમના હૃદયમાંથી આ આરતીના અદ્‌ભુત શબ્દો નીકળ્યા જે સવાર સાંજ બન્ને આરતીમાં આખા સંપ્રદાયમાં ગવાય છે. જેનો ભાવાર્થ આપણે સાંભળ્યો. મજા આવીને ? તો હવેથી દરરોજ નિયમિત પણે ગામના આપણા મંદિરમાં જજો અને સમૂહમાં આરતી બોલજો. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પણ આજ્ઞા કરી છે કે સંધ્યા સમયે મંદિર જવું. અને જો કદાચ તમે દેશ-વિદેશ રહેતા હો, ગામમાં મંદિર ન હોય તો પોતાના ઘરે પણ આરતી કરજો. અને આપણે વાંચ્યું એ પ્રમાણે મહિમા સાથે જો આરતી બોલીશું તો ભગવાન જરૂર રાજી થશે અને આરતીના શબ્દો જીવનમાં સાર્થક થશે.

●

શાંતિ પ્રભુ ચરણમાં

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

"હે ભગવાન, હે દયાળુ, હે શાંતિદાતા મને શાંતિ આપો." ભગવાન પાસે આવી પ્રાર્થના ઉચ્ચારી એક સદ્‌ગૃહસ્થ પોતાના પરિચિત સંતના આસને આવે છે. સ્વામીજીને વંદન કરી કહે છે. સ્વામીજી ખૂબ જ અશાંતિ છે. જરાય શાંતિ મળતી નથી. સંસારમાં અતિ ત્રાસ થાય છે. સ્વામીજી એ વિચાર કર્યો. આને માથે કોઈ દેવું નથી. આના દીકરાઓ સંસ્કારી છે. પત્નીની ફરિયાદ તે કરતો નથી. શારીરિક તકલીફ તો નખમાં પણ નથી. છતાં કહ્યા કરે છે. શાંતિ નથી. શાંતિ નથી... .આને કેમસમજાવવો. સ્વામીજી શું વિચારમાં પડી ગયા. સ્વામીજીએ કહ્યું, "તને શાંતિ નથી મળતી," "ના" નથી મળતી. તો પછી એક કામકર. તું એક બકરી રાખ. તારા ઘરમાં સાચવજે. હે ! શું સ્વામીજી? હું બકરી રાખું ! હા તું રાખતો ખરો.

આ સદ્‌ગૃહસ્થ ક્યાંકથી એક બકરી લઈ આવ્યા. હજુ તો ઘરના દરવાજે પહોંચ્યાં ત્યાં તો તેમના પત્ની બોલ્યા, અરેરે આ તે તમે શું લઈ આવ્યા. આ આપણા ઘરમાં ન શોભે. આપણે શહેરી વિસ્તારમાં સોસાયટીમાં રહીએ છીએ. આમબકરી ઘરમાં ન રખાય. અરે સ્વામીજીએ કહ્યું છે. કેમ? શાંતિ માટે. હવે કચકચ ના કરીશ. આ બકરી જ્યાં ઘરમાં છૂટી મૂકી કે તરત

અનુસંધાન પેજ - ૨૧ પર...

ભક્તિ સુધા

ભગવાનનું પ્રિય ધામ

- પટેલ ટીનાબેન રામાભાઈ (વજાપુર)

ગોલોકના મધ્યે અક્ષરધામ છે. ગો એટલે પ્રકાશ, પ્રકાશિતધામ અગણિત કરોડો કરોડ સૂર્ય અને ચંદ્રમાં એક સાથે ઉગ્યા હોય એવો પ્રકાશ પણ એમાં તફાવત કે સૂર્યનો પ્રકાશ કઠોર છે. એમાં તો આંખ ખૂલી ન શકે. જ્યારે અક્ષરધામનો પ્રકાશ સદા શીતળ અને દિવ્ય પ્રકાશ છે.

બીજા ધામમાંથી પાછા આવવું પડે પણ ભગવાનનું ગોલોક ધામછે એને પામીને કોઈ પાછો પડતો નથી. ભૂલેચૂકે પણ ગોલોકમાં એકવાર પહોંચી જાઓ તો કાયમી ત્યાં રહેવાનો અધિકાર મળી જાય છે.

કોઈ સદ્‌ગૃહસ્થની વાત છે. એણે કથામાં સાંભળેલું કે ગાયનું દાન કરે તો વૈતરણી તરી જાય છે. એને વિચાર કર્યો કે હવે હું વૃદ્ધ થયો છું તો લાવને એક ગાયનું દાન કરી નાખું. કોઈ બ્રાહ્મણને કહે છે : ભૂદેવ ! ગાયનું દાન કરવું છે. ચાલો મારે ઘેર, પેલા નિર્દોષ નિખાલસ બ્રાહ્મણ આમની આંટીઘૂંટી કાંઈ સમજી શક્યા નહીં. બ્રાહ્મણને ઘેર લઈ ગયો એની પાસે ત્રણ ગાયો હતી એમાંથી એક ગાય માંદી પડેલી જમીન ઉપર પડી જરા કાન હલાવતી હતી. એ ગાય પાસે ઉભા રહીને કહે, લો ભૂદેવ ! આ ગાયનું દાન સ્વીકારો. ચાલો જલ્દી સંકલ્પ મૂકો. આ ગાય દાનમાં આપું છું. બ્રાહ્મણ કહે : આ ગાય હું ઘેર કેવી રીતે લઈ જઉ ? એ હું ન જાણું. દાન એટલે દાન !તમે બ્રાહ્મણ છો. તમારે લેવું જ પડે. એક તો વૃદ્ધ ગાય છે વળી માંદી છે. અને પ્રભુ ! પ્રભુ! કરતાં ભૂદેવે તુલસીને પાંદડે સંકલ્પ મુકાવી અને ગાયને દાનમાં સ્વીકારી. પછી જેમ તેમ કરીને બે-ચાર માણસોની મદદ લઈ ગાયને દાનમાં સ્વીકારી ગાયને ઘેર લઈ જતા હતા ને રસ્તામાં મરી ગઈ. ગાયનું આવું દાન કરનારો જીવ જમપુરીમાં ગયો એના ચોપડામાં ક્યાંય પુણ્ય નહીં પણ છેલ્લે છેલ્લે મશકરી રૂપે ગાયનું દાન કરેલું એટલે યમરાજા કહે છે કે તેં ગાયનું દાન કર્યું છે. તો આ ગાય આવી. હવે એ ગાય તારી સાથે છે. ત્રણ ઘડી તું કહીશ એમ કરશે. આ ભારે પાકો એટલે કહે હે ગાયમાતા ! વાઘ બની જા ! અને ગાય વાઘ બની ગઈ ! આ યમરાજા ઉપર જ માર તરાપ ! ન રહેગા બાંસ ન બજેગી બાંસુરી. આને જ ચીરી નાખ ! યમરાજા નાઠા, પાછળ વાઘ બનેલી ગાય અને એનું પૂંછડું પકડીને આ જીવ દોડતો જાય ! ગભરાઈ ગયેલા યમરાજા આનાથી બચવા છેક ગોલોકમાં પહોંચી ગયા. ભગવાન ! બચાવો. ભગવાન અંદર નિજ મંડપમાં હતા. ત્રણ ઘડી થઈ ગઈ. યમરાજાએ ઘડિયાળ સામે જોયું અને ખુશ થયા. હવે તું મારા હાથમાં છે. શૈરવ માં તને નાખી દઈશ. પેલો જીવ કહે હું તમારા હાથમાં નહીં ભગવાનના હાથમાં છું. તમારું ન્યાયક્ષેત્ર જમપુરી પૂરતું મર્યાદિત છે. અહીં ગોલોકમાં તમારો કાયદો ન ચાલે. માટે ભગવાનને આવવા દો. ભગવાન આવ્યા, કેમશું છે આ બધું ? યમરાજા કહે, એક મરતી મરતી ગાય આને બ્રાહ્મણને દાનમાં આપી. હવે ત્રણ ઘડી સુધી એનું પુણ્ય હતું. એણે આ રસ્તો લીધો. અને અમે અહીં આવી ગયા. ઠીક હવે તો પતી ગઈને ત્રણ ઘડી ? લઈ જાઓ જીવને જમપુરીમાં. એટલે પેલો જીવ કહે છે : ભગવાન ! મારી એક અરજી સાંભળો. ગીતા સાચી કે ખોટી ? એટલે ભગવાન કહે છે : અલ્યા મૂરખ ! એ તો કાંઈ પ્રશ્ન છે ? ગીતા એટલે ગીતા ! મારી કહેલી છે. મારા શ્રીમુખના વાક્યો છે. એ તો ત્રિકાલાબાધિત છે. યુગના યુગ જાય છતાં ગીતાવાક્યો મારા ઉચ્ચારેલાં સત્ય છે. તો ભગવાન, તમે ગીતામાં એવું કહેલું છે ખરું કે જે જીવ ગોલોકમાં આવે એ પાછો પડતો નથી ? હું ગોલોકમાં આવી ગયો છું. હવે જો જમપુરીમાં જાઉં તો જાહેર કરી દો કે ગીતાનો અમુક શ્લોક ખોટો છે. ભગવાન કહે છે કે વાત તો સાચી છે. ગોલોકમાં આવેલો કોઈ આત્મા પાછો પડતો નથી. ભગવાન યમરાજાને કહે છે : કાંઈ નહીં હવે તમે જાઓ. હવે આ અહીં આવી ચડ્યો છે. તેને પાછો ધકેલું તો મારા વાક્યો ખોટાં પડે કે એક વાર જે ગોલોકમાં આવ્યો તે પાછો નહીં જાય. ગોલોકમાં પહોંચે એનું પતન થતું નથી. માટે આવું દિવ્ય ધામગોલોક અમને પ્રિય છે.

●

છપૈયામાં શ્રીહરિના લીલાચરિત્રો

- પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)

ઘનશ્યામમહારાજ જ્યારે નાના હતા ત્યારે એક બે ગ્રાસ જમ્યા એટલે મોઢામાં વસમુ લાગ્યું. તેથી જમવું પડતું મૂકીને બહાર ઓસરીમાં આવીને હાથ ધોતા હતા. તે વખતે સુવાસીનીબાઈ પાસે આવીને કહેવા લાગ્યા. હે ઘનશ્યામભાઈ તમારા મોઢામાં દાઢ દુઃખે છે. ત્યારે કહે બહુ દુઃખે છે. તમે જુઓ નીકળે તો કાઢી નાખો. એમ કહીને પોતાનું મુખ પહોળુ કર્યુ એટલે જે દાઢ દુઃખતી હતી તેને સુવાસીની બાઈએ પોતાને હાથે કરીને તાણી કાઢી ત્યારે ઘનશ્યામમહારાજ તે દાઢની પડખે રહેલી બીજી દાઢને પોતાની જીભને ઠેબે કરીને હલાવીને

બોલ્યા, હે ભાભી આ પણ હલે છે ને બહુ દુઃખે છે તેને પણ કાઢી નાખો. એવું ચરિત્ર જોઈને સુવાસીની ભાભીને એમ થયું કે આ ઘનશ્યામભાઈ હજુ નાના છે અને આખી બત્રીશી પડી જશે તો કેમ કરીને જમશે ? એમજાણી સુવાસીની ભાભી ઉદાસ થઈ ગયા. ત્યાંજ ભક્તિ માતા બોલ્યા : સુવાસીની બાઈ તમે આટલી વારથી કેમ બેસી રહ્યા છો ? ઘરમાં આવો બધા જમવા બેઠા છે. કાંઈક જોઈતું હોય તો આપો. ત્યારે સુવાસીની ભાભી બોલ્યા : માતાજી તમે અહીં બહાર આવો. ત્યારે ભક્તિમાતા બહાર આવ્યા. સુવાસીની બાઈએ કહ્યું : ઘનશ્યામભાઈએ જીભના ટેરવેથી બધા દાંત હલાવીને પાડી નાખ્યા. ત્યારે ભક્તિમાતા ઘનશ્યામ મહારાજને સમીપે જઈને જોવા લાગ્યા તો એમને એમ બત્રીસી હતી ! ત્યારે સુવાસીની બાઈને નવાઈ લાગી અને દાંતની ઢગલી પણ એમને એમ હતી તેથી તેમને આશ્ચર્ય થયું. ત્યારે ભક્તિમાતા પડેલા દાંત બહાર નાખવા ગયા ત્યાં તો મોતી દેખાયા ! તેટલામાં આકાશ માર્ગે હંસે આવીને મોતીને ચાંચમાં લઈને આકાશ માર્ગે ઉડી ગયો.

ઘનશ્યામભાઈ આ શું ચરિત્ર કર્યું ? ત્યારે પ્રસન્ન થતા બોલ્યા તમને અમારા દાંત પડતા જોઈને બીજા માણસની પેઠે અમારે વિષે મનુષ્ય ભાવ આવ્યો તે ટાળી નાખવા સારૂ અમે આ ચરિત્ર કર્યું. ત્યારે સુવાસીની બાઈ પ્રાર્થના કરવા લાગ્યા અને ઘનશ્યામમહારાજને ઓળખ્યા કે આ કોઈ સાધારણ માણસ નથી. આ તો ઈશ્વરના પણ ઈશ્વર પૂર્ણ પુરુષોત્તમઅક્ષરધામના અધિપતિ છે.

●

પોતે પોતાનું સ્વરૂપ જોયું

- રમીલાબેન કે. મોદી (હિંમતનગર)

ભગવાન સર્વ પ્રકારે સ્વતંત્ર છે. પણ જે અખંડ ભગવાનને સંભારે એવા પ્રેમીભક્ત આગળ ભગવાન પરતંત્ર થઈને પ્રેમરૂપી દોરીએ બંધાય છે. બલિરાજા પાસે ભગવાન અખંડ રહ્યા છે. શ્રીહરિ કહે છે. જેવા મારા ભક્ત મને પ્રિય છે એવું બીજું કોઈ મને વહાલું નથી.

શ્રીજી મહારાજે ગ.પ્ર. ૨૦ માં વચનામૃતમાં કહ્યું છે આ દેહમાં રહેનારો જે જીવ છે તે એવા અનંત પદાર્થને જુએ છે તે રૂપને જુવે છે અને કુરુપને જુવે છે. તથા બાળ યૌવન અને વૃધ્ધપણાને જુએ છે. પણ જોનારો પોતે પોતાને નથી જોતો અને કેવળ બાહ્ય દૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે. પણ પોતે પોતાને નથી જોતો તેજ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપ સ્વાદને લે છે તેમજ શ્રોત્ર, ત્વક, રસના ધ્રાણ ઈત્યાદિક સર્વે ઈન્દ્રિયોએ કરીને વિષય સુખને ભોગવે છે ને જાણે છે પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી એજ સર્વે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એજ ઘેલામાં અતિશય ઘેલો છે. અને એજ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે. અને એજ સર્વે નીચમાં નીચ છે. ત્યારે શુકાનંદ સ્વામીએ આશંકા કરી કે પોતાનું સ્વરૂપ જોવું પોતાના હાથમાં છે ? શ્રીજી મહારાજે કહ્યું જેને સત્સંગ થયો છે તેને પોતાનું સ્વરૂપ જોવું તે પોતાના હાથમાં છે. એણે ક્યે દિવસે અભ્યાસ કર્યો ને ન દેખ્યું. અભ્યાસ કરે તો આત્મા દેખાય ને આત્માને વિષે રહેલા ભગવાન પણ તેજોમય દેખાય. જો આવી રીતે ધ્યાન કરવાનો અભ્યાસ કરે તો જરૂર આત્મા પરમાત્મા દેખાય જ. માટે આપણે આવી રીતે પ્રકાશમાન બ્રહ્મરૂપ થઈને પ્રકાશમાન ભગવાનની મૂર્તિ પોતાના હૃદયમાં જોવી ને ધ્યાન કરવા બેસવું ત્યારે શિક્ષાપત્રીના ૧૧૬ માં શ્લોકમાં કહેલ પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને તે બ્રહ્મરૂપ પ્રકાશમાન તેને વિશે પ્રકાશમાન ભગવાનની મૂર્તિ અંતરમાં જોવી.

શ્રીજી મહારાજનો સિધ્ધાંત છે. અખંડ ભગવાન સાંભળે એવો પ્રથમ અભ્યાસ કરવો. જ્યારે જીવને સંતનો સમાગમ મળે ને સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે. જેમ આંબલીનું બીજ હોય પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે તે છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય છે ને પછી હાથમાં લઈ ચોળે તો જુદી થઈ જાય. તેમ ભગવાનનું ધ્યાન ને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે. તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થતો નથી.

સુરદાસ દેખતા ન હતા તેનો ભગવાને હાથ ઝાલ્યો પણ ભગવાને તેનો હાથ છોડાવી લીધો. તેથી સુરદાસ બોલ્યા,

"બાંય છોડાવી ચલે ગયે અંધે જાણી મેય
પણ હૃદયમાંથી જાઓ તો મડદ બળાનું તોય"

એ સાંભળી ભગવાને તેને દર્શન આપ્યા ને પછી ભગવાન અંતરધ્યાન થઈ ગયા. આચાર્ય રઘુવીરજી મહારાજની વાતોમાં વાત છે કે આપણે ઊંઘવું છે એવો ઠેરાવ ન રાખવો ને ભગવાનનું ધ્યાન કરતા ઊંઘ આવે તો આવવા દેવી પણ ઊંઘવાનો આગ્રહ ન કરવો. આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પણ વારંવાર સભામાં કહે છે કે શિક્ષાપત્રી પ્રમાણે વર્તશો તો પછી કાંઈ કરવાનું રહેતું નથી.

●

શુષ્કજ્ઞાનીની વાત કેમ ન સાંભળવી

- કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

ગ.મ.ના. ૧૯ માં વચનામૃતમાં મહારાજે સમજાવ્યું કે શુષ્કજ્ઞાનીની વાત ન સાંભળવી. કારણ કે શુષ્ક એટલે 'સુંકુ'

અનુસંધાન પેજ ૧૮ નું ચાલું...

દોડાદોડ કરવા લાગી. ઘરમાં કેટલીક કાચની વસ્તુઓ તોડી નાખી. પછી તો રસોડામાં ઘૂસી ગઈ. બધું એઠું જુઠું કરી નાખ્યું. અતિ ત્રાસ વર્તાવી દીધો. અડધી રાત્રે ઘરમાં બેંએ... બેંએ... બેંએ.... કરી બધાની ઉંઘ હરામ કરી નાખી.

આ સદ્‌ગૃહસ્થ પાછો સ્વામીજી પાસે પહોંચ્યો ને કહ્યું કે બકરીએ તો ખૂબ તોફાન કર્યું. હું તો હેરાન પરેશાન થઈ ગયો. રાતે ઉંઘવા પણ ન મળ્યું. સ્વામીજીએ કહ્યું, બકરી કાઢી નાખ અને હવે ગાય લાવ. આ સદ્‌ગૃહસ્થે બકરી વેચી ગાય લાવ્યા. ગાય લાવ્યા ત્યારે બાજુવાળાએ ધમકી આપી. આ તમે ગાય લાવ્યા છો પણ ચોખ્ખાઈ રાખજો નહીંતર તમે તો ગંદકીથી માંદા પડશો ને અમને પણ પાડશો. આ સદ્‌ગૃહસ્થે હા પાડી વિશ્વાસ પૂર્ણ વાત કરી પણ ગાયની ચાકરી ખૂબ આકરી પડવા લાગી. તેમાં એક દિવસ સોસાયટીમાં કોઈનો લગ્ન પ્રસંગ હતો અને આ ગાય ખીલ્લેથી છૂટી ગઈ. લગ્ન મંડપમાં ઝાઝા માણસો જોઈ આમ તેમ દોડવા લાગી, મંડપની બે ત્રણ ચાદરો ફાટી ગઈ સજાવટના હાર ખાવા લાગી. કોઈએ ભગાડી તો કોઈના બગીચામાંથી ગુલાબના છોડ ખાઈ ગઈ. ખરા સમયે ઉપાધિ કરી મૂકી.

આ સદ્‌ગૃહસ્થ ફરી પહોંચ્યો સ્વામીજી પાસે. અરે ગાયે તો બકરી કરતાંય વધારે ત્રાસ ફેલાવી દીધો. કેમ શું થયું ? દૂધ નહોતી આપતી ? અરે દૂધતો આપે છે પણ કોઈના પ્રસંગ સમયે જ ધમાલ કરી મૂકી. સ્વામીજી મને તો બધા ધમકીઓ આપી ગયા. આ ગાયથી તો હું પરેશાન થઈ ગયો. સ્વામીજીએ કહ્યું સારૂં ત્યારે ગાય પણ વેચી નાખ. સારૂ સ્વામીજી. આ સદ્‌ગૃહસ્થે ગાય પણ વેચી દીધી. પછી તો એકદમ શાંતિ શાંતિ થઈ ગઈ. બીજા દિવસે ખુશ થતો થતો મંદિરમાં આવ્યો. અને બોલતો જાય હાશ શાંતિ થઈ ગઈ.

સ્વામીજી પાસે જઈ વંદન કર્યા. સ્વામીજીએ પૂછયું, બોલ હવે કેમ છે ? સ્વામીજી શાંતિ જ શાંતિ છે.

મિત્રો ! શાંતિ તમારી સાથે જ છે. તેને બીજે ક્યાંય શોધવાની કે માગવાની જરૂર નથી. મનના ભ્રમને દૂર કરવાની જરૂર છે.

મિત્રો ! આ ભાઈને ખરેખર તો કોઈ અશાંતિ હતી જ નહિ. શાંતિ જ હતી. પરંતુ જ્યાં સુધી એને ઉપાધિઓને અશાંતિનો અનુભવ થયો ન હતો ત્યાં સુધી એને શાંતિનો મહિમા જ સમજાયો નહતો. એમ આપણી પાસે સર્વે સુખના ધામ, મંગળમૂર્તિ, મોક્ષદાતા સ્વામિનારાયણ ભગાવન છે. પણ જ્યાં સુધી તેનો મહિમા આપણને નહિ સમજાયો હોય ત્યાં સુધી આપણે આમ તેમ ભટકતા રહેવાના. માટે સાચો મહિમા સમજીશું તો સદાય સુખ-આનંદ, શાંતિ અને કલ્યાણ આપણી પાસે જ છે.

'નીરસ' જેની વાત સાંભળવાથી માણસને જીવની બુદ્ધિમાંથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે. અને હૈયામાં સમભાવ આવી જાય છે. 'સમભાવ' એટલે શુષ્કવેદાંતીની વાતમાં જેમ સર્વમાં આત્મા છે. એમ જાણી બધાને સમભાવે જાણે છે. તેવા કેવળ આત્મનિષ્ઠાવાળા કૈવલ્યાર્થી તો કેવળ બ્રહ્મસંતોને પામે છે. અને તેના થકી અન્ય દેવની ઉપાસના પણ થઈ જાય છે. માટે શુષ્કવેદાંતીની વાત ન સાંભળવી. કેમ જે શુષ્કવેદાંતીના વચનને જે સાંભળે છે તેની બુદ્ધિ અતિશય ભ્રષ્ટ થઈ જાય છે. મહારાજે શુષ્કજ્ઞાનીનો મત જાણવા માટે તેમના શાસ્ત્રનું શ્રવણ કર્યું તો પણ મહારાજ અતિ ઉદાસ થઈ ગયા હતા અને મહારાજને પણ ઘણો શોક થયેલો તે કોઈને બોલાવે પણ નહિ અને કોઈ સામું જુવે પણ નહિ. એવી રીતે એક ઘડી ઉદાસ થઈને બેસી રહ્યા અને નેત્રમાંથી આંસુ પડવા લાગ્યા. તો પછી આપણી તો વાત જ શી કરવી ? પછી મહારાજે જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી જીવ પાછો ન પડે અને પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણનારાયણ તેમાંથી કોઈ રીતે બુદ્ધિ ડગે નહિ એવો પ્રસ્તુત વચનામૃતમાં દેશદેશના સત્સંગી પ્રત્યે એક પત્ર લખી મોકલાવ્યો.

<u>ઉપાસના એટલે શું ? ઉપાસનાના પ્રકાર :-</u>

'ઉપાસના' શબ્દ 'ઉપ' + 'આસ્' એ ધાતુથી નિષ્પન્ન થયેલો છે. 'ઉપ' એટલે 'સમીપ'માં અને આસ્ એટલે 'બેસવું'. પરબ્રહ્મ પરમાત્માની સમીપમાં બેસવું એમની સેવામાં રહેવું એવો અર્થ સિધ્ધ થાય છે. પરબ્રહ્મનિષ્ઠ એકાંતિક ભક્તજનો 'ઉપાસના' પણ બે પ્રકારની બતાવે છે. એક 'પ્રત્યક્ષ ઉપાસના' (દૃઢ ઉપાસના) અને બીજી 'પરોક્ષ ઉપાસના' (સામાન્ય) 'પરોક્ષ ઉપાસના' 'પ્રત્યક્ષ-ઉપાસના'ની પ્રાપ્તિ માટે બીજબળને સંસ્કાર ઉત્પન્ન કરનાર હોઈ 'પ્રત્યક્ષ ઉપાસના' કરવામાં ઉપયોગી છે. પરંતુ સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો -

"પરોક્ષથી ભવતણો પાર આવે નહી"

"પ્રકટ ઉપાસના સૌથી મોટી"

પરોક્ષ ઉપાસનાથી આ ને આ જન્મે ભવપાર ન ઉતરાય, આત્યંતિક મોક્ષ ન થાય. પરોક્ષ અવ્યક્ત ઉપાસનામાં કલેશ અતિ અધિકને પ્રાપ્તિ શુન્યવત્ : જે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે કહ્યું છે :-

"ઈન્દ્રિયો અંતઃકરણને અગોચર-અવ્યક્ત - એવા ઉપાસ્ય સ્વરૂપમાં આસક્ત ચિત્તવાળાઓને અતિ અધિક કલેશ કરવો પડે છે. કેમકે દેહધારીઓને અંતે દુઃખપૂર્વક જ તે અવ્યક્ત ગતિ પ્રાપ્ત કરી શકાય છે." (ગી.અ ૧૨ શ્લોક. ૫)

સત્સંગ સુરભિ

એવા વિરલા કો'ક

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

નમતે પહોરે સૌ બાજરીનાં ડૂંડાં વીણતા હતા. એટલામાં મહારાજે લક્ષ્મીવાડીએ જવાની ઈચ્છા કરી. એ સાંભળી રતનજી અને મિયાંજી તરત જ ઉભા થઈ ગયા, અને દોડતાં લક્ષ્મીવાડીએ ગયા. મહારાજ માટે બેઠક તૈયાર કરી અને મહારાજની ઘોડી લઈ આવ્યા. મહારાજ ઘોડી ઉપર બેસી લક્ષ્મીવાડીએ પધાર્યા. મહારાજની પાછળ પાછળ સંતો અને હરિભક્તો પણ ઊભા થઈને ચાલવા લાગ્યાં.

ડૂંડાં અને કડબનું કામતો જ્યાંનું ત્યાં રહી ગયું. "એ તો થઈ રહેશે, આપણે જ એ કામ કરવાનું છે, તે આજે કરીશું કે કાલે, બધું સરખું જ છે ને ? પરંતુ મહારાજની સાથે વાડીએ જવાનો લહાવો તો મૂર્ખ હોય તે જ જતો કરે !" આવી ચર્ચા પરસ્પર ચાલતી હતી. આખો દરબારગઢ ખાલી થઈ ગયો. બસ, ચારેય કોર બાજરીનાં ડૂંડા અને કડબ રહી ગયાં !

લક્ષ્મીવાડીએ સભા ભરાઈ. કોણ કોણ આવ્યા છે એ જોઈને મહારાજે પહેલો જ પ્રશ્ન સૌને પૂછ્યો. "ઘરના ધણી અહીં આવ્યા છે ? એ તો અહીં શેના હોય ?" આવો નવાઈ ભર્યો પ્રશ્ન સાંભળી સૌ વિચારમાં પડી ગયા.

"મહારાજ કોની વાત કરતા હશે ? ધણીના ધણી તો સ્વયં આપણી સન્મુખ બિરાજ્યા છે, પછી ઘરના નવા ધણી વળી કોણ હશે ?"

કોઈને કાંઈ ગમન પડી ત્યારે સુરા ખાચરે મહારાજને પૂછ્યું, "મહારાજ, તમે ઘરના ધણી વિષે પૂછ્યું તે કોણ ?"

"મને પૂછો છો, પણ પહેલાં તમે તપાસી જુઓ. કોણ કોણ અહીં હોવા જોઈએ ને તેમ છતાં નજરે નથી પડતા ?" મહારાજે સામો વેધક સવાલ કર્યો.

એ વખતે રતનજી અને મિયાંજી દરબારમાં રોકાયેલા. કડબ અને ડૂંડાં જુદા જુદા કરી ઠેકાણે ગોઠવતા હતા. પછી આખો ચોક વાળીને સાફ કર્યો અને પાથરણાં પાથરી દીધાં. મહારાજનો ઢોલિયો ઢાળી ઉપર ગાદી તકિયા ગોઠવ્યાં. આ બધું કામ કરતાં સંધ્યા ટાણું થયું એટલે દીવાબત્તી કરવા માંડ્યા.

એટલામાં શ્રીજી મહારાજ લક્ષ્મીવાડીએથી પાછા ફર્યા. મહારાજની પાછળ પાછળ ગયેલા સંતો અને હરિભક્તો પણ એમની સાથે પાછા દરબારમાં આવ્યા.

ઘોડીએથી નીચે ઉતરતાંની સાથે મહારાજે સાન કરીને સુરાખાચરને પાસે બોલાવ્યા અને સૌ સાંભળે એમ એમણે સમજાવ્યું.

"જુઓ, ઘરના ધણી આ રહ્યા. આ રતનજી અને મિયાંજીએ અહીં પાછળ રહીને બધું ઠેકાણે પાડ્યું અને આગળની તૈયારી કરી. કોઈએ એમને આમ કરજો કે તેમ કરજો એમ કહ્યું નથી. મનથી જ પોતાનું કામસમજીને એ કરતા રહ્યાં છે."

એ રાતે સભામાં રતનજી અને મિયાંજીને પાસે બોલાવી હાર પહેરાવ્યા પછી સભામાં સ્વામી સહજાનંદજી મહારાજે સૌને સમજાવ્યું.

"ભક્તિની રીત તો ઘણી છે. કોઈ પુત્ર ભાવે, કોઈ સંતાન ભાવે, કોઈ સખારૂપે તો કોઈ પતિવ્રતાની રીતે ભક્તિ કરે, એમ સૌ પોતપોતાની પ્રકૃતિ અનુસાર ભક્તિ કરે છે પરંતુ આપણે તો સ્વામી-સેવકની રીતે ભક્તિ રાખી છે. પણ એનું રહસ્ય શું ? તો, જે અનન્ય સેવક હશે તે એના સ્વામીનું નિરંતર ચિંતવન કર્યા કરે અને પોતાને ભૂલી જશે, એવો હોય તેને સેવક શું જાણવો, એ તો સ્વયં ઘરનો ધણી જ છે. ત્રિભુવનમાં જ્યાં જ્યાં અમારા એકાંતિક ભક્ત હશે તે અમારાથી તસુ માત્ર દૂર નથી. એવા અનન્ય ભક્તમાંથી અમારું સ્વરૂપ નીરખવું, એમને સત્સંગના ધણી સમજવા. સત્સંગ તો કરીએ છીએ પરંતુ રતનજી મિયાંજીની જેમ સત્સંગના ધણી બનીને સત્સંગમાં રહીએ તો એ ભક્તિનો આનંદ કંઈક જુદો જ હોય છે."

અને સૌને થયું કે આ જગતમાં એવો તે ક્યો ધણી હશે જે પોતાના સેવકને આટલા ઉંચા સ્થાને મૂકશે. પોતાની તુલ્ય સમજશે અને સમજાવશે ? એ ધણી તો એક અને માત્ર એક એવા સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ વિના બીજો કોઈ અનંત કોટિ બ્રહ્માંડોમાંથી પણ શોધ્યો જડે તેમ નથી !

??? પ્રશ્નપેટી ???

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડવૃતિ રહે છે, તે તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એમના સ્વરૂપને જે, જોવાને ઈચ્છે તો તત્કાળ દેખે છે. તથા વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મમહોલ એ આદિક જે જે ભગવાનના ધામતેને પણ દેખે છે..... આ ઉક્તિ કહેનાર પ્રવકતા કોણ ?

પ્રશ્ન : ૨ મેં મૂર્તિઓ સ્થાપિત જેહ સ્થાને, જે તેહને આદરથી ન માને,
ન જાણવો આશ્રિત તે અમારો, તે તો મરીને નરકે જનારો.
હરિલીલામૃતમાં આ ક્યા કડવામાં કોણે વાત કરી છે.

પ્રશ્ન : ૩ ધ્યાનનું તો અપાર ફળ છે. એક પળ માત્ર પણ એક સૂરત રાખીને ધ્યાન કરે, તો કોટિ વખત બ્રહ્માદિકની સંપત્તિ પામે તેના કરતાં પણ તે ધ્યાનનું ફળ વધારે છે. આ ક્યા શાસ્ત્રમાં સ.ગુ. આધારાનંદ સ્વામીએ કહ્યું છે અને તે ક્યા પૂર અને તરંગમાં છે ?

પ્રશ્ન : ૪ અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરૂષોત્તમસ્વામિનારાયણ ભગવાને સમાધિ પ્રકરણ ક્યા પ્રકરણમાં ચલાવ્યું હતું ? અને ક્યાં ગામથી શરૂઆત કરી હતી ?

પ્રશ્ન : ૫ શ્રીહરિના સ્વધામબાદ સર્વ પ્રથમક્યા દિવસે ક્યા હરિભક્તે પોતાના દેહનો ત્યાગ કર્યો હતો ?

પ્રશ્ન : ૬ પાતળીયે હર્યા પ્રાણ રે, બેની મારા..... પાતળિયે હર્યા પ્રાણ તુ.
આ પદને ગાતા ગાતા સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને શું અનુભૂતિ થઈ અને શું થતું ?

પ્રશ્ન : ૭ स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् । कृतघ्नसंगस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ।
- ગુજરાતી અર્થમાં સમજાવો.

જુન-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) પર્વતભાઈને પૂજા કરતા કરતા ભગવાનના અવતારોમાં નૃસિંહ અવતારનો સંકલ્પ થયો કે ભગવાન કેવા હશે. ભગવાને ૨૪ અવતારોના દર્શન કરાવ્યા. (૨) સ.ગુ. કવિરાજ પ્રેમાનંદ સ્વામી. (૩) પ્રેમાનંદ સ્વામી કહે છે - "પ્રેમી ભક્ત વિનંતી કરે દોડી દોડી, લોહ ચુંબક તુલ્ય વૃતિ મુરતિમાં જોડી, નથી જાતી દરબારમાંથી ઘોડી....." (૪) સંવત ૧૯૦૨ ચૈત્ર સુદી નવમીના દિવસે પૂર્ણ થયો. તેમાં ૨ સોરઠા, ૨ દોહા, ૪૮ કડવા, ૧૧ પદ અને છેલ્લે ૧ ધોળ છે. (૫) મનનો રોગ સત્સંગ હરે છે. (૬) ભગવાનની સાથે એકાત્મપણાને પામેલાં હોવા છતાં પણ મનુષ્ય તથા દેવાદિક જીવો ધ્યાન કરવા યોગ્ય નથી. (૭) ૧. અમદાવાદ, ૨. ભુજ, ૩. વડતાલ, ૪. ધોલેરા, ૫. જુનાગઢ, ૬. ગઢપુર, ૭. જેતલપુર, ૮. મૂળી, ૯. ધોળકા.

૧. ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)
૨. વીણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૩. અરવિંદાબેન આર. ભાવસાર (ચાંદલોડીયા)
૪. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
૫. હસમુતીબેન ઠક્કર (ઈસનપુર)
૬. ગીતા બાબુભાઈ કાછડીયા (બાપુનગર)
૭. શ્રી સ્વામિનારાયણ મંદિર (હર્ષદ કોલોની)
૮. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૯. કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૧૦. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૧૧. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૧૨. વિરલ, કિરણ, સંદિપ-ગીતા પ્રવિણભાઈ ભોળાભાઈ પટેલ (રાજપુરવાળા)
૧૩. હર્ષદ, અમિત બાબુલાલ કાનદાસ (કોઠા)
૧૪. જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા)
૧૫. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (રાણીપ)
૧૬. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૧૭. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૮. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૯. દક્ષાબેન કીર્તિભાઈ સોની (અમદાવાદ)
૨૦. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા (મોરબી)
૨૧. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૨૨. ભાવના કમલેશકુમાર ખંધડીયા (મોરબી)
૨૩. રેખાબેન કીર્તિકુમાર પટેલ (ઊંઝા)
૨૪. મહંત શા. વિજયપ્રકાશદાસ (પ્રભા હનુમાનજી જમીયતપુરા)
૨૫. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)
૨૬. અમૃતલાલ કે મોદી (સોજા)
૨૭. કરશનભાઈ જોઈતારામપટેલ (કોઠા)
૨૮. સુભદ્રાબેન રમેશભાઈ પટેલ (કનીપુર)
૨૯. હંસાબેન ઈશ્વરભાઈ પટેલ (સાપાવાડા)
૩૦. હાર્દ, હેલી કિરીટભાઈ પટેલ (નરોડા)
૩૧. સાંખ્યયોગી રેખાબા, રસીલાબા (હવેલી સ્વા. મંદિર કાળુપુર)
૩૨. નાનીબેન તથા અલ્કાબેન અશ્વિનભાઈ પટેલ (વિરાટનગર)
૩૩. બી.પી. ભાવસાર (એપ્રોચ-બાપુનગર)
૩૪. સુમિત્રાબેન નરેશકુમાર ભાવસાર (વિસનગર)
૩૫. વિનોદ પી. પટેલ (વહેલાલવાળા)
૩૬. સાધુ ચૈતન્યદાસ (વહેલાલ)
૩૭. વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ (સીતાપુર)
૩૮. ભગવાનજીભાઈ વેલજીભાઈ સોની (મોરબી)
૩૯. મફાજી સરદારજી ડાભી (ડાંગરવા)
૪૦. ચંદ્રિકાબેન એસ. ટાંક (જીરાગઢ)
૪૧. ઈલાબેન બિપીનભાઈ કા.પ. (ગોધરા)
૪૨. ચંદ્રિકાબેન ઈન્દ્રવદનભાઈ કા.પ. (ગોધરા)
૪૩. હરગોવનભાઈ ચતુરદાસ પટેલ (મોટપ)
૪૪. દેવીબેન હીરાલાલ દબાસીયા (મીરજાપુર-કચ્છ)

સત્સંગ સમાચાર

જેઠ સુદ-૧૫ ના શ્રી નરનારાયણદેવ અને બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજને કેસર સ્નાન દર્શન

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં બિરાજમાન ભરત ખંડના અધિષ્ઠાતા સર્વાવતારી શ્રી નરનારાયણદેવ અને બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામમહારાજને જેઠ સુદ-૧૫ ના શુભ મંગળ દિને પ્રાતઃ ૬-૩૦ કલાકે ષોડશોપચાર કેસર સ્નાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયું. આ પ્રસંગે હજારો સંત-હરિભક્તો દર્શન માટે પધાર્યા હતા. નિજ મંદિરમાં દર્શનાર્થીઓની ભીડ સમાતી ન હતી. સતત દોઢ માસ પર્યન્ત દેવાધિદેવને ચંદનના અલૌકિક વાઘાથી અસહ્ય ગરમીમાં પણ શીતળતા રહે તે માટે આખો દિવસ ચંદનના સુંદર બેનમુન કલાત્મક વાઘા ધારણ કરાવીને દર્શન કરાવવામાં આવતા હતા. શ્રી નરનારાયણાદિદેવોને કેસર સ્નાન પૂર્ણ થયા બાદ અક્ષરભુવનમાં બાળ સ્વરૂપ ઘનશ્યામમહારાજને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કેસર સ્નાન ષોડશોપચાર પૂર્વક વેદવિધિસર સંપન્ન થયું હતું. જીવનમાં આવા દર્શન જેણે કર્યા તેના ભાગ્યનો કોઈ પાર નથી. પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી આ પ્રસંગના મુખ્ય યજમાન વિમલ પ્લાસ્ટવાળા પ.ભ. અમૃતભાઈ એન. પટેલ પરિવાર અને સહ યજમાન પ.ભ. ડૉ. મનોજભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ પરિવાર (ડિટ્રોઈટવાળા) રહ્યાં હતા.

ગામોગામથી પધારેલા હરિભક્તોએ કેસર સ્નાનના અલૌકિક દર્શન કરીને ધન્યભાગી બન્યા હતા.

આ શુભ દિવસે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન નોટ જે ઘણા શ્રધ્ધાળુ ભાવિકો દ્વારા લખવામાં આવેલ જેનું પુરઃશ્ચરણ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પંડિત વિપ્રો દ્વારા વિધિસર પૂજન વિધિ કરાવવામાં આવી હતી.

(રામાનુજ સ્વામી કોઠારી)

કાંકરિયા મંદિરમાં માગૃતિ યજ્ઞ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામીની પ્રેરણાથી તીર્થ ભૂમિ કાંકરિયા મંદિરમાં પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પધરાવેલા બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવ સમક્ષ ચૈત્ર સુદ-૧૫ ના ભવ્ય માગૃતિ યજ્ઞ ધામધૂમથી ઉજવાયો. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને શ્રીફળ હોમીને યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા. યજ્ઞપ્રકાશદાસે કર્યું હતું.

(પા. નરોત્તમભગત)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ઉનાવા મંદિરના મહંત સ્વામી અને કાંકરિયા મંદિરના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી પ.ભ. બાબુભાઈ કચરાભાઈ પટેલ પરિવાર તરફથી પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવનની ત્રિદિનાત્મક કથા શા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. વૈશાખ સુદ-૩ અખાત્રીજના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ અભિષેક ષોડશોપચાર પૂર્વક ધામધૂમથી સંપન્ન થયો હતો. ત્યારબાદ અન્નકૂટ દર્શન અને પ્રાસંગિક સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ બાદ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(મહંત સ્વામી હરિપ્રકાશદાસ, ઉનાવા)

વિરાટનગર (બાપુનગર) મંદિર પાટોત્સવ-પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ શુભ આજ્ઞાથી તથા કાંકરિયા મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી એપ્રોચ મંદિરના કોઠારી અશોકભાઈ પટેલ અને હરિભક્તોના સાથ સહકારથી અત્રે મંદિરમાં પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત કથા કાંકરિયાના કો.શા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ અને અન્નકૂટ આરતી ધામધૂમથી સંપન્ન થઈ હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવનો દૃઢ આશરો રાખવા હરિભક્તોને ભલામણ કરી હતી. આ પ્રસંગે સ.ગુ. શા.સ્વામી નિર્ગુણદાસજી આદિ સંતો પધાર્યા હતા.

(અશોકભાઈ પટેલ)

મથુરા મંદિરમાં પાટોત્સવ અને પ.પૂ. મહારાજશ્રી બામરોલીથી અત્રે દર્શનાર્થે પધાર્યા

અત્રે મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજી તથા મહંત સ્વામી ભાનુપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ પ.ભ. સુનીલકુમાર વસંતરાય સોની તથા રીટાબેન સુનીલકુમાર સોનીના યજમાનપદે ધામધૂમથી સંપન્ન થયો.

ઠાકોરજીનો અભિષેક-અન્નકૂટ અને મહાપૂજા વિધિસર

ધામધૂમથી થઈ હતી. સૌ હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા.

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર મથુરામાં અમદાવાદથી શ્રી નરનારાયણદેવ પીઠના આપણા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પૂ. શ્રીરાજા અત્રે દર્શનાર્થે પધાર્યા હતા. સતત બે દિવસ મહા અલૌકિક લાભ આપ્યો હતો. ઘણા મુમુક્ષુ બહેનોને પ.પૂ. ગાદીવાળાશ્રીએ ગુરુમંત્ર આપી કંઠી ધારણ કરાવી હતી. અને સૌ બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સાથે સાંખ્યયોગી બહેનો પણ પધાર્યા હતા. બામરોલીથી પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હોવાથી અત્રે દર્શનાર્થે પધાર્યા હતા. સૌ સંત-હરિભક્તો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શન કરી ધન્ય બન્યા હતા.

(વિષ્ણુકુમાર રાવલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજમાં ૧૨૧ મો પાટોત્સવ ઉજવાયો

સર્વાવતારી શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ. પૂજ્ય ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીની દિવ્ય પ્રેરણાથી તેમના શિષ્ય સ્વામી માધવપ્રસાદદાસજી (મહંત)ના માર્ગદર્શનથી પ્રાંતિજ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવનો ૧૨૧ મો પાટોત્સવ પ.ભ. કૌશિકભાઈ દામોદરદાસ પંડ્યા પરિવારના યજમાન પદે જેઠ સુદ-૨ તા. ૫-૬-૦૮ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ વક્તા શાસ્ત્રી ધર્મકિશોરદાસજી ગુરુ મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીએ સંગીતની મધુર સુરાવલી સાથે સુમધુર કંઠે કથામૃતનું અલૌકિક પાન કરાવીને હરિભક્તોને કથા રસમાં તરબોળ કર્યા હતા.

તા. ૨-૬-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારીને નવ નિર્મિત ભક્તિ હોલ અને હરિભક્તોના ઉતારાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ સભામાં પધાર્યા હતા. અને યજમાન શ્રી કૌશિકભાઈ પંડ્યા પરિવારે પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે હરિભક્તોને રૂડા આશીર્વાદ આપી અત્યંત રાજી થયા હતા.

અમદાવાદ મંદિરના મહંત સ્વામી અને જેતલપુર થી પૂ. પી.પી. સ્વામી પધાર્યા હતા. અને પોતાની પ્રેરક અમૃતવાણીનો લાભ હરિભક્તોને આપ્યો હતો. સભા સંચાલન સ્વામી વંદનપ્રકાશદાસે કર્યું હતું. આ પ્રસંગે અત્રેના મહંત સ્વામી તથા સંત મંડળ, ટ્રસ્ટી મંડળ, કોઠારી હરિભાઈ મોદી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણા રૂપ હતી.

અત્રે બહેનોના મંદિરમાં પાટોત્સવ પ્રસંગે મહાપૂજાનું આયોજન કર્યું હતું. જેની પૂર્ણાહુતિની આરતી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ ઉતારી હતી અને સમસ્ત બહેનો અને સાં. ભક્તિબા વગેરેને રૂડા આશીર્વાદ આપી. ખૂબજ રાજી થયા હતા. બહેનોએ અમદાવાદ મંદિરની હવેલીમાં સુખશૈયાની સેવા કરી હતી. *(કોઠારી હરિકૃષ્ણ મોદી)*

એપ્રોચ બાપુનગર મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામીની પ્રેરણાથી જેઠ સુદ-૧૦ શ્રીહરિ અંતર્ધાન તિથિ નિમિત્તે સવારે ૮ થી ૧૧ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી.

(ગોરધનભાઈ સીતાપરા)

હર્ષદ કોલોની મંદિર (બહેનોનું)

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂજારી રળીયતબાની પ્રેરણાથી જેઠ સુદ-૧૦ શ્રીહરિ અંતર્ધાન તિથિના રોજ બપોરના ૧૨ થી સાંજના ૬ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. દર અમાસે પણ ૧૨ કલાક ધૂન કરવામાં આવે છે.

(ગોરધનભાઈ સીતાપરા)

બામરોલી (મધ્ય પ્રદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

ગ્વાલિયર પાસેના મુરેના જિલ્લાના ચંબલ નદીની ખીણમાં આવેલ બામરોલી ગામમાં આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી ભવ્ય મંદિર નિર્માણ થયું છે. જ્યાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રીના શુભ આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામી લક્ષ્મીનારાયણદાસજીની પ્રેરણાથી સાં.કોકીલાબા (સુરેન્દ્રનગર) તરફથી પાટોત્સવનું આયોજન થયું હતું.

તા. ૮-૬-૦૮ ના રોજ અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજા એમ સમસ્ત ધર્મકુળ પરિવાર પધાર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પોતાના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર કર્યો હતો.

ત્યારબાદ પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના ભાઈઓ તથા પ.ભ. કાનજી બાપા (સામત્રા કચ્છ) આદિ સૌએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

શા. છપૈયાપ્રસાદદાસ, પૂજારી વાસુદેવ સ્વામી, મહંત શા. લક્ષ્મીનારાયણદાસજી તથા મથુરા મહંત આનંદ સ્વામીએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. છેલ્લે યજમાન પરિવાર અને હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ્થાનિક હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ગુરુમંત્ર આપેલ. જ્યારે બહેનોને પ.પૂ. ગાદીવાળાશ્રીએ ગુરુમંત્ર આપ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે વી.પી. સ્વામી સેવામાં રહ્યા હતા.

(શા. છપૈયાપ્રસાદદાસ)

શ્રી સ્વામિનારાયણ

ઈડર પરગણાના જુના અરોડા ગામે પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સાબરકાંઠાના જૂના અરોડા સ્વામિનારાયણ મંદિરનો બીજો પાટોત્સવ મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ખાસ પધારીને ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ, આરતી કરીને સભામાં બિરાજ્યા હતા. તથા ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પાટોત્સવના યજમાન શ્રી કચરાભાઈ સાંકાભાઈ પટેલે પૂ. મહારાજશ્રી તથા સંતોનો સારો રાજીપો મેળવ્યો હતો. કોઠારી એસ.એસ. સ્વામીએ ઉત્સવમાં ખૂબ જહેમત ઉઠાવી હતી. *(કપિલ સ્વામી, ઈડર)*

શ્રી સ્વામિનારાયણ મંદિર ડીસામાં પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી બનાસકાંઠાના ડીસા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે સિદ્ધપુર મંદિરથી પધારેલા સંતો એસ.એસ. સ્વામી, દિવ્ય સ્વરૂપ સ્વામી અને ભક્તિનંદન સ્વામીએ ઠાકોરજીની આરતી-અન્નકૂટ દર્શન-સમૂહ મહાપૂજા આદિ કાર્યક્રમો કર્યા હતા. અહીં દર રવિવારે બાળ મંડળ અને યુવા મંડળ સત્સંગ સભાનું આયોજન કરે છે.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ડીસા)

બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

જેઠ સુદ-૧૦ સર્વાવતારી શ્રીજી મહારાજની અંતર્ધાન તિથિ નિમિત્તે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રેના મહંત શા.હરિવલ્લભદાસજીની પ્રેરણાથી ધૂન-ભજન કીર્તન સાથે અંતર્ધાન લીલાની કથાનું શ્રવણ કરાવ્યું હતું.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં બિરાજ્યા હતા. સભામાં શા.સ્વામી ધર્મવલ્લભદાસજીએ શ્રીહરિની લીલા સુંદર રીતે વર્ણવી હતી. છેલ્લે સૌ ભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અમદાવાદ મંદિરના મહંત સ્વામી, સ્કીમકમિટીના સભ્ય પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ પરિવાર સહિત ઉપસ્થિત રહ્યાં હતા.

બાળ મંડળના બાળકોએ પણ સુંદર સત્સંગની વાતો કરીને પ.પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. આ પ્રસંગના યજમાન પ્રો. શ્રી કે. આર. પટેલ તથા અન્ય હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. *(પ્રવિણભાઈ ઉપાધ્યાય)*

નવા વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિની ૧૭૮ મી અંતર્ધાન તિથિ નિમિત્તે સવારે ૭ થી સાંજના ૭ સુધી ૧૨ કલાકની અખંડ મહામંત્ર ધૂન, ભક્ત ચિંતામણીના પાઠ વગેરે સુંદર કાર્યક્રમો સંપન્ન થયા હતા. પૂર્ણાહુતિની આરતી બહેનોએ ઉતારી હતી. આ પ્રસંગે હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વારમાં પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ-આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી વ્રજવલ્લભદાસજીની પ્રેરણાથી પવિત્ર ભાગીરથી-ગંગાજીના કિનારે આવેલા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વૈશાખ સુદ-૧૫ પૂનમના ઠાકોરજીના પાટોત્સવ-અભિષેક પ્રસંગે ગંગાજીની જળયાત્રા મિતલઘાટથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુધી ધામધૂમથી શ્રીજી મહારાજનું ભજન કીર્તન ધૂન કરતા લાવવામાં આવેલ. ત્યારબાદ ઠાકોરજીનો પંચામૃત મહાભિષેક ષોડશોપચાર પૂર્વક થયો હતો. શ્રી હિતેન્દ્રભાઈ આર. પટેલ તથા યજમાન પરિવારના હેમલતાબેન સુરેશભાઈ પટેલ તથા દિપલ પટેલે સેવાનો લાભ લઈ ધન્ય ભાગી બન્યા હતા. આ પ્રસંગે કોઠારી સુવ્રત સ્વામી, પૂજારી હરિનંદનદાસ અને પાર્ષદ મહેન્દ્ર ભગતે સારી સેવા બજાવી હતી. સૌ ભક્તજનોએ અન્નકૂટ દર્શન કરી મહા લાભ લીધો હતો. *(નરેન્દ્રભગત)*

ખોરજ ડાભી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી દંઢાવ્ય પ્રદેશના ખોરજ અને કરજીસણ ગામે ૧૨ કલાકની મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. જેમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ઈન્દ્રપુરાના મંડળે ધૂનની રમઝટ બોલાવી હતી. લીંબડીના સાધુ ભક્તવત્સલદાસ આદિ સંતમંડળે ભગવાન સંબંધી લીલા ચરિત્રો અને ધર્મકુળ મહિમાની વાતો કરીને ઠાકોરજીની આરતી ઉતારીને ધૂનની પૂર્ણાહુતિ કરી હતી. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ખોરજ)*

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં સેવાના વ્રતધારી

પરમપૂજ્ય મોટા મહારાજશ્રીના દિવ્ય અને અલૌકિક સંકલ્પ "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" નું જ્યારથી નિર્માણ કાર્ય શરૂ થયું છે ત્યારથી સંપ્રદાયના શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પરત્વે અનન્ય નિષ્ઠાવાળા હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં યેનકેન પ્રકારે પોતાનું કિંમતી યોગદાન આપી રહ્યાં છે. જેમણે પોતાના વ્યવહાર કરતા પણ શ્રીહરિના આ ધર્મના કાર્યને શ્રેષ્ઠ ગણ્યું છે.

એક બહેને તો ગજબનું કામ કર્યું છે. અત્યાર સુધીમાં ૬ થી ૭ લાખ રૂપીયા જમા કરાવ્યા છે. જ્યારે આવે ત્યારે ચેક લઈ લ્યો ! અને કોઈને વાત ન કરતા ! હજું કેટલું કામ બાકી છે ? મારે તો કામ પુરૂ થાય ત્યાં સુધી સેવા કરવાની છે. બસ ધર્મવંશી પરિવાર મારા પર રાજી થાય એટલું કરજો. આવા તો પાર વિનાના સેવાના વ્રતધારી હરિભક્તો છે.

એક બેંકના નિવૃત શ્રી હેમેન્દ્રભાઈ કે જેમને એક જ પુત્ર છે. જે સતત બિમાર રહે છે. આજીવિકામાં વ્યાજ પર નિર્ભર રહે છે. પ.પૂ. મોટા મહારાજશ્રીએ આ ભાઈને સ્પષ્ટ ના કહી પરંતુ તે ભાઈ ખૂબજ દિલગીર થઈ ગયા. અને રૂ. ૧૦,૦૦૧/- શ્રી સ્વામિનારાયણ મ્યુઝિમમાં આપીને જ રહ્યાં.

આવા વિરલ ભક્તોનું કલ્યાણ કેમ ન થાય ? મહારાજ કેમ તેડવા ન આવે, આવેજ. આપણે પણ આમાંથી પ્રેરણા લઈને અક્ષરધામનું ભાથું તૈયાર કરી લઈએ.

શ્રી સ્વામિનારાયણ

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

વરસાણી (તા. લખતર) ગામે સત્સંગ સભા

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના વરસાણી ગામે તા. ૨૮-૫-૦૮ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં ભવ્ય સત્સંગ સભા રાખવામાં આવી હતી. અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સૌ પ્રથમ લીંબડી ગામે પ.ભ. ઠાકરસીભાઈ ગાંડાભાઈ પટેલને ત્યાં પધાર્યા હતા. જ્યાં સૌ હરિભક્તોને દર્શન આશીર્વાદનું સુખ આપી તાવી ગામે પધાર્યા હતા. તાવીમાં ભાઈઓ અને બહેનોના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી પ.ભ. સજુભા વાઘુભા રાણાના બંગલે પધાર્યા હતા. જ્યાં સૌ હરિભક્તોને દર્શન આશીર્વાદનું સુખ આપી વરસાણી ગામે પધાર્યા હતા. આ ગામમાં હરિભક્તોએ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી શોભાયાત્રામાં અલૌકિક દર્શન આપતા આપતા સભામાં પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી બળદેવપ્રસાદદાસજી, શા. છપૈયાપ્રસાદદાસજી (જોડીયા મહંત) શા. સત્યપ્રકાશદાસજી, શા. આત્મપ્રકાશદાસજી (સાયલા) શા. ભક્તિનંદનદાસ, (જેતલપુર) લીંબડીના મહંત સ્વામી બાલસ્વરૂપદાસજી, સ્વામી બ્રહ્મવિહારીદાસજી અને પા. ભરત ભગતે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું માહાત્મ્ય શ્રી નરનારાયણદેવ ગાદીની વફાદારી અને મૂળીશ્રી રાધાકૃષ્ણદેવનો શિર સાથે પક્ષ રાખવા ઉપર દ્રષ્ટાંત સહિત અને રમૂજ સાથે હરિભક્તોને સમજણ આપી હતી.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે જ્યાં સુધી હીરાની પરખ ન હોય ત્યાં સુધી તેને સામાન્ય પથ્થર સમજીએ છીએ. ખિસ્સામાં એક હજાર રૂપિયાની નોટ હોય તો બજારમાં પડેલ પાંચ પૈસાના સિક્કાની કોઈ દરકાર કરતા નથી. તેમ એક વખત ભગવાનનો મહિમા સમજાય જાય પછી બધું મિથ્યા લાગે છે. આમ વરસાણીના હરિભક્તો ઉપર પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ રાજી થયા હતા. સભા સંચાલન ચરાડવા મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજીએ કર્યું હતું.

આ પ્રસંગમાં શા. સ્વામી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ વી.પી. સ્વામી (અમ.) શા. આત્મપ્રકાશદાસજી (સાયલા) અને જોડીયા મહંત શા. છપૈયાપ્રસાદદાસજીએ પ્રેરણારૂપ સેવા પુરી પાડી હતી. આ પ્રસંગે ગામ સમસ્ત અને મહેમાનોને પ્રસાદરૂપી ભોજન જમાડવામાં આવેલ. ગામના તમામ ભક્તોએ કોઠારી મનહરસિંહની સાથે રહીને ખડે પગે સેવા બજાવી હતી.

(રણધીરસિંહ બી. ઝાલા, સાયલા)

વિદેશ સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (I.S.S.O.) ઓસ્ટ્રેલીયા

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી આપણા સીડની મંદિરમાં આપણા હરિભક્તો સાથે મળી ભગવાનનું ભજન કીર્તન કથા વાર્તા કરે છે. એપ્રિલ અને મે માસમાં નીચે મુજબ સભા થઈ હતી. તા. ૨૭-૪-૦૮ પ.ભ. વ્રજ મારૂ તથા શ્રી કૃષ્ણકાન્ત મારૂ તા. ૪-૫-૦૮ રવિવાર શ્રી શ્રેયા ઠાકર તથા શ્રી અમિતભાઈ ક્ષત્રિય દરેક માસના પ્રથમ રવિવારે નંદ સંતો રચિત રાસનું આયોજન કરવામાં આવે છે. આપણા હરિભક્તો દર પૂનમના અંદાજે ૧૦ કિલોમીટરના વિસ્તારથી આપણા મંદિર સુધી સમૂહ પદયાત્રા યોજવામાં આવે છે. તે દ્વારા સત્સંગ અભ્યુદયની સુંદર પ્રવૃતિ થાય છે. પ.ભ. નિલેશભાઈ પટેલ પદયાત્રાની સેવાની કામગીરી બજાવે છે. તા. ૧૮-૫-૦૮ ની સભા આપણા ઉત્સાહી શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન પ.ભ. ખીમજીભાઈ વાઘજીયાણી તરફથી રાખવામાં આવી હતી.

તા. ૨૫-૫-૦૮ ની સભા પ.ભ. જનક પટેલ તથા તા. ૧-૬-૦૮ ની સત્સંગ સભા શ્રી મિથિલ દિક્ષિત તરફથી રાખવામાં આવી હતી. તા. ૮-૬-૦૮ ની સભા શ્રી વરૂણ મહેન્દ્રભાઈ અમીન તરફથી થઈ હતી.

(તેજશ બી. પટેલ)

વોશિંગ્ટન (ડી.સી. I.S.S.O. ચેપ્ટર)

અત્રે ૧૮ મે' ના સાંજના ૩-૩૦ થી ૭-૩૦ સુધી સર્વના પાર્ક કમ્યુનિટી હોલમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં કથા વાર્તા, ધૂન ભજન કીર્તન અને ઠાકોરજીને થાળ આરતી નિત્ય નિયમ સમૂહમાં કરવામાં આવેલ. આપણા આ સભામાં ૨૦૦ માઈલ દૂરથી ખપવાળા નિષ્ઠાવાળા હરિભક્તો લાભ લેવા અચૂક આવે છે. દરેક સભામાં નવા મુમુક્ષુઓની સંખ્યા વધતી જાય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-આશીષ પ્રેરણાથી સત્સંગની ઉત્તરોત્તર પ્રવૃતિ વધતી જાય છે.

(કનુભાઈ પટેલ)

કોલોનિયા (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનિયા ખાતે શનિવારના વિકેન્ડની સત્સંગ સભામાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા, શ્રી સૌમ્યકુમાર અને શ્રી સુવ્રતકુમાર તથા પાર્ષદ વનરાજ ભગત ઉપસ્થિત રહ્યાં હતા. પ્રારંભમાં બહેનોએ સુંદર ઢાળ-રાગમાં કીર્તનો ગાયા હતા. ત્યારબાદ મહંત સ્વામી સિધ્ધેશ્વરદાસે શ્રી નિલકંઠવર્ણીના વનવિચરણની કથા સુંદર રીતે વર્ણવી હતી. છેલ્લે બહેનોની સભામાં ગાગરાણી પરિવારના બહેનોએ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. કોલોનિયા મંદિરના સત્સંગી બહેનો વતી ઉષાબેન શાહે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીનું સ્વાગત-પૂજન કર્યું હતું. પૂ. ગાદીવાળાશ્રીએ સૌ બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારબાદ ક્રમશઃ પૂ. બિન્દુરાજા અને ચિ. સુવ્રતકુમાર અને સૌમ્યકુમારનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. ધર્મકુળની અખંડ સેવામાં રહેતા હજુરી પાર્ષદ વનરાજ ભગતનું સ્વાગત મંદિર વતી મુકુન્દભાઈ પટેલ અને રજનીભાઈ ચોકસીએ કર્યું હતું.

આપણા પ.ભ. પ્રેમચંદભાઈના પુત્રને હાર્ટની તકલીફ હોવાથી હોસ્પિટલમાં એડમીટ કર્યા છે. તેમના સારા સ્વાસ્થ્ય માટે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સૌએ સાથે મળી કરી હતી. વૈશાખ વદ-૧૧ અપરા એકાદશીની સભામાં મહંત શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજીએ એકાદશી માહાત્મ્યની સુંદર કથાનું પાન કરાવ્યું હતું. આ પ્રસંગે હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે.

(પ્રવિણભાઈ શાહ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૦-૦૦ શ્રી જેઠીબેન સોમાભાઈ ગોદડ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦ શ્રી કૌશિક, દિપીકા, જીજ્ઞેશ મિસ્ત્રી શ્રીજી પ્રસન્નાર્થે	માણેકપુર (મીરારોડ)
૧૦૧-૦૦ શ્રી ઓપનીલ કલમેશભાઈ પટેલ ધો.-૧૨ સાયન્સમાં પાસ થયા તે નિમિત્તે	હાંસોલ
૧૫૧-૦૦ શ્રી રમેશ દામજી ચાવડા પુત્ર જન્મપ્રસંગે	ધૂળકોટ
૧૦૧-૦૦ શ્રી ચિંતન પંકજભાઈ ભાવસાર ધો. ૧૨ સાયન્સમાં ૮૫ ટકાએ પાસ થયા તે નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦ શ્રી પ્રવિણભાઈ જોઈતારામપટેલ નવો બંગલો લીધો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પ્રતિક્ષાબેન ભીખાભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	ગવાડા
૧૦૧-૦૦ શ્રી રક્ષાબેન ભરતભાઈ પટેલ ૧૨ સાયન્સમાં ૮૯ ટકા આવ્યા તે નિમિત્તે	માકૃસણા
૧૫૧-૦૦ શ્રી પ્રહલાદભાઈ લક્ષ્મણભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નાના ઉભડા
૧૦૧-૦૦ શ્રી જીજ્ઞાબેન વ્રજેશભાઈ પટેલ કાયમી વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી દેવીદાસ ભીખાભાઈ દાનાભાઈ મોરી નવું ટ્રેકટર લીધું તે નિમિત્તે	ડેડીયાસણ
૧૦૦-૦૦ શ્રી નવિનચંદ્ર તુલસીભાઈ ચૌહાણ ચિ. વૈશાલીબેનના લગ્ન પ્રસંગે	નવસારી
૧૦૧-૦૦ શ્રી વિજ્યાબેન જયસુખભાઈ ચૌહાણ ચિ. નિતિનકુમારના લગ્ન પ્રસંગે	કાંદીવલી
૧૦૧-૦૦ શ્રી મીનાબેન હસમુખભાઈ ટાંક ચિ. મેઘાના લગ્ન પ્રસંગે	કાંદીવલી
૧૦૧-૦૦ શ્રી હેમરાજભાઈ શામજીભાઈ ટાંક ચિ. પ્રિતીબેન ના લગ્ન પ્રસંગે	અંબાળા
૧૦૧-૦૦ શ્રી પ્રભાબેન દયાળજી ટાંક ચિ. અલ્પાબેનના લગ્ન પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી ચંપાબેન રમણીકભાઈ રાઠોડ ચિ. બિપીનના લગ્ન પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી દર્શનકુમાર નિલેશભાઈ જીરાગઢ મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી રમાબેન બાબુભાઈ ટાંક ચિ. મહેશભાઈના લગ્ન પ્રસંગે	મીરા રોડ મુંબઈ
૧૦૧-૦૦ શ્રી જીજ્ઞાબેન મહેશભાઈ ટાંક લગ્ન પ્રસંગે	મીરા રોડ મુંબઈ

૧૫૧-૦૦ શ્રી રમાબેન શાંતિલાલ સાપરીયા ચિ. રમેશ અને ચિ. તૃપ્તિના લગ્ન પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી નર્મદાબેન જેઠાલાલ ચાવડા દક્ષિણ ભારતની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ તે નિમિત્તે	(ધૂળકોટવાળા)
૧૦૧-૦૦ શ્રી નિરવ પિયુષભાઈ પટેલ ધો.-૧૨ સાયન્સમાં ૯૬ ટકા આવ્યા તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી ગોદાવરીબેન દામજીભાઈ પિતાંબરભાઈ ટાંક ચિ. અશોકના લગ્ન પ્રસંગે	ધૂળકોટ
૧૦૦-૦૦ શ્રી તારાબેન રતીલાલ પટેલ વ્રજની પુણ્યતિથિ નિમિત્તે	મેઘાણીનગર
૧૦૧-૦૦ શ્રી હરિભાઈ નાથાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી જીતેન્દ્રકુમાર હરિભાઈ પટેલ દુકાન કરી તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી હર્ષદકુમાર હરિભાઈ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી નારણભાઈ મોતીદાસ પટેલ ચિ. હરેશભાઈ તથા અ.સૌ. નિમિષાને નોકરી મળી તે નિમિત્તે	કોઠા
૨૦૧-૦૦ શ્રી દશરથભાઈ કચરદાસ પટેલ પરિવારને ઓસ્ટ્રેલિયાના વિઝા મળ્યા તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી કૃષ્ણકાંત કે. પટેલ તેમના માતા-પિતાની જીવતચર્યા નિમિત્તે	મારૂસણા
૧૦૧-૦૦ શ્રી પાયલબેન મુકેશભાઈ પટેલ ધો-૮ માં ૭૫ ટકાએ પાસ થયા તે નિમિત્તે	દેઉસણા
૧૦૧-૦૦ શ્રી નિલમબેન મુકેશભાઈ પટેલ ૧૨ સાયન્સમાં ૭૦ ટકાએ પાસ થયા તે નિમિત્તે	દેઉસણા
૧૦૧-૦૦ શ્રી બાબુલાલ પૂંજાભાઈ સગર ચિ. હેમલતાબેન ધો-૧૧ માં પાસ થયા તે નિમિત્તે	ઈડર
૧૦૧-૦૦ શ્રી ગોવિંદભાઈ ખોડાભાઈ ગોહિલ શ્રીજી પ્રસન્નાર્થે	ટીંબા
૧૦૦-૦૦ શ્રી કપીલ રમેશચંદ્ર મોદી નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	મહેસાણા
૧૦૧-૦૦ શ્રી સેંધાભાઈ ઈશ્વરભાઈ પટેલ ચિ. અલ્પેશ-રેખાને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજી લક્ષ્મણજી ડાભી ચિ. ભાણી કામીનીબેનના લગ્ન પ્રસંગે	ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી જીગ્નેશસિંહ કે. ચાવડા ચિ. પુત્રી હર્ષીના જન્મ પ્રસંગે	ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી ચેતનભાઈ ગોવિંદભાઈ પટેલ નવું ઈટર્નો લાવ્યા તે નિમિત્તે	કુહા
૧૦૧-૦૦ શ્રી ભગવાનભાઈ પરસોત્તમભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૦૦-૦૦ શ્રી રજનીકાંત ચંદુલાલ કાછીયા ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	બાલાસિનોર
૧૦૧-૦૦ અ.નિ. હિતાર્થ રાજેન્દ્ર ચૌહાણના સ્મરણાર્થે	વિર્લે પાર્લે મુંબઈ (જીરાગઢ)
૧૦૧-૦૦ શ્રી કેતન પ્રાચી વડોદરીયા લગ્ન તિથિ નિમિત્તે	અમદાવદ
૧૦૧-૦૦ શ્રી શંભુભાઈ અંબારામપટેલ ચિ. પૌત્ર બંસીલના જન્મનિમિત્તે	મારૂસણા
૧૫૧-૦૦ શ્રી મિતુલ રણછોડભાઈ ચાવડા દ્વિતીય પુત્ર જન્મ પ્રસંગે	અમદાવાદ-બળોલવાળા
૧૦૧-૦૦ શ્રી પ્રભુભાઈ માવજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	(જીરાગઢ) સુરત
૧૦૧-૦૦ શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ-મલાડ
૧૦૧-૦૦ શ્રી દિલીપભાઈ કમાભાઈ મોરી નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦ શ્રી જિજ્ઞેશ તથા શ્રી મેહુલકુમાર અમદાવાદમાં લેથ મશીનના ઉદ્‌ઘાટન પ્રસંગે	હરિપર (ધ્રાંગધ્રા)
૧૦૧-૦૦ શ્રી શ્યામલ હેમલકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦ શ્રી વિશાલ વિમલકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૫૦-૦૦ શ્રી મંજુલાબેન રજનીકાંત પટેલ આરસનું મંદિર લાવ્યા તે નિમિત્તે	(કુબડથલવાળા)
૧૦૧-૦૦ શ્રી ઉદય સતીષભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૫૧-૦૦ શ્રી દિલીપભાઈ કમાભાઈ મોરી પુત્રના જન્મ દિન નિમિત્તે	કાલીયાણા
૨૫૧-૦૦ શ્રી મુકેશભાઈ ભાઈલાલ પટેલ ચિ. ધ્વનિને ડેન્ટલમાં એડમીશન મળ્યું તે નિમિત્તે	અમદાવાદ
૫૦૧-૦૦ અ.નિ. ઉષાબેન દશરથભાઈ પટેલના સ્મરણાર્થે શ્રીહરિ પ્રસન્નાર્થે	અસલાલીવાળા
૨૦૧-૦૦ શ્રી સતીષભાઈ પરસોત્તમભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	ગામડી
૨૦૧-૦૦ શ્રી સુજલ અને હિના ધો.-૧૨ સાયન્સમાં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ શીવાભાઈ પટેલ ચિ. કૃપેશ ફાર્મસીમાં ફર્સ્ટ કલાસ પાસ થયા તે નિમિત્તે	ઈસણાવ

૧૦૧-૦૦ શ્રી રમેશકુમાર કુંવરજીભાઈ વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે	ડાકોર
૧૦૧-૦૦ શ્રી પરેશકુમાર કુંવરજીભાઈ વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે	ડાકોર
૧૦૧-૦૦ શ્રી વિનયકુમાર ડી. ચૌહાણ કુવૈત ગયા તે નિમિત્તે	લીમડી
૧૧૧-૦૦ શ્રી આર્યન દેવેન્દ્રભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કુબડથલ
૧૧૧-૦૦ શ્રી રૂદ્ર દેવેન્દ્રભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કુબડથલ
૧૦૧-૦૦ શ્રી પાર્થ પંકજભાઈ જાદવ ચાંદલા નિમિત્તે	જોરાવરનગર
૧૦૧-૦૦ શ્રી મુક્તાબેન અમરીષભાઈ ટાંક ચિ. જગદીશભાઈની સગાઈ નિમિત્તે	વાપી
૧૦૧-૦૦ શ્રી જયશ્રીબેન મનસુખભાઈ ટાંકના પુત્રનું નામકરણ પ.પૂ. મોટા મહારાજશ્રીએ કર્યું તે નિમિત્તે	વાપી
૧૦૧-૦૦ શ્રી ચંદુલાલ સવજીભાઈ ચૌહાણ ધૂળકોટ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે	સુરત
૨૦૧-૦૦ શ્રી દિનેશ કે. ગોહિલ નવો ફલેટ લીધો તે નિમિત્તે	મુંબઈ
૧૫૧-૦૦ શ્રી પુનિત ઈશ્વરભાઈ પટેલ ધો.-૧૨ માં પાસ થયા તે નિમિત્તે	મેમનગર
૧૦૧-૦૦ શ્રી અંકિતા મહેન્દ્રકુમાર ઝિંઝુવાડીયા ધો.-૧૨ માં ૮૬ ટકા આવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૧૧-૦૦ શ્રી નિતીનકુમાર વાસુદેવભાઈ જોશી ચિ. વત્સલ ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી રતીલાલ કાનજીભાઈ સોની ચિ. જયકુમારને ધો-૧૨ માં ૮૫ ટકા આવ્યા તે નિમિત્તે	લીંબડીવાળા
૧૦૧-૦૦ શ્રી નટવરભાઈ હરગોવનદાસ પટેલ ન્યુઝીલેન્ડના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી કુશાગ્ર વિનુભાઈ પટેલ ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે	અડાલજ
૧૦૧-૦૦ શ્રી ઈન્દીરાબેન રમેશભાઈ પટેલ ચારધામયાત્રા નિમિત્તે	શાહીબાગ
૧૦૧-૦૦ શ્રી ફાલ્ગુનીબેન રમેશભાઈ જેઠાભાઈ ધો-૧૨ માં ૭૭ ટકાએ પાસ થયા તે નિમિત્તે	સાપાવાડા
૧૦૧-૦૦ શ્રી મેહુલ પ્રવિણચંદ્ર પ્રજાપતી નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦ શ્રી રમાબેન ઘનશ્યામભાઈ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અમિતભાઈ રમેશભાઈ સથવારા જન્મદિન નિમિત્તે	ચાંદલોડીયા
૧૦૧-૦૦ શ્રી શૈલેષકુમાર ડાહ્યાભાઈ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	ડેમાઈ
૧૦૦-૦૦ શ્રી ધ્રુમિલ રોહિતભાઈ મોદી જન્મદિન નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦ અ.નિ. સવિતાબેન બળદેવભાઈ ગજ્જર પુણ્યતિથિ નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ રાજ ઓટો એન્ડ ટ્રેકટર્સ દુકાન નવી લીધી તે નિમિત્તે	ગવાડા
૧૦૧-૦૦ શ્રી જયંતીભાઈ વાલજીભાઈ પટેલ ચિ. પુશનેષને સ્કુલમાં મૂક્યો તે નિમિત્તે	ગવાડા
૨૦૫૧-૦૦ શ્રી કોકીલાબેન રતીલાલ પટેલ શ્રી નરનારાયણદેવ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૦૧-૦૦ કા. મોહનલાલ ઓચ્છવલાલ જીનલબેન પાસ થયા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી શૈલેષકુમાર જયંતીલાલના સ્મરણાર્થે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી મનોજકુમાર શાંતિલાલ ચિ. કિશન અને મનોજ પાસ થયા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી વંદનકુમાર રાજેશભાઈ પટેલ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	ગોધરા
૧૦૧-૦૦ શ્રી છગનભાઈ ગોવિંદભાઈ ડોબરીયા કોમ્પ્યુટર મશીન લાવ્યા તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦ શ્રી દર્શન પ્રવિણભાઈ પટેલ (શ્રધ્ધા કેસેટ કું.) ધો. ૧૦માં ૭૦ ટકાએ પાસ થયા તે નિમિત્તે	વડુવાળા
૧૦૦-૦૦ શ્રી નટવરલાલ રમણલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	કપડવંજ
૫૦૧-૦૦ શ્રી રાજેશભાઈ ઘનશ્યામભાઈ પટેલ ચિ. હર્ષિતની પુણ્ય તિથિ નિમિત્તે	લસુન્દ્રા
૧૦૧-૦૦ શ્રી કેયુર બી. મોદી શ્રીજી પ્રસન્નાર્થે	મહેસાણા
૧૦૦-૦૦ શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ યુ.કે.ના વિઝા મળ્યા તે નિમિત્તે	વડુવાળા
૧૨૫૧-૦૦ શ્રી રાજેશભાઈ મોહનભાઈ સિંધવ શ્રીજી પ્રસન્નાર્થે	વણી
૧૦૧-૦૦ શ્રી કિરણકુમાર ડાહ્યાભાઈ ચાવડા ધો.-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	ડુમાણા
૧૦૧-૦૦ શ્રી પ્રકાશ ભીખુભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૦-૦૦ શ્રી હિતેશભાઈ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ડુમાણા

	મોખાસણવાળા
૧૦૦-૦૦ શ્રી હિરેનભાઈ બળદેવદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	ઓઢવ-અમદાવાદ
૧૦૦૧-૦૦ અનિ. પ.ભ. મોહનલાલ ભીખાલાલ ચૌહાણના સ્મરણાર્થે	સરસપુર
૧૦૦-૦૦ શ્રી દર્શન સતીષભાઈ શાહ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	બાપુનગર
૨૦૧-૦૦ શ્રી નિલ હિમંતભાઈ કાછડીયા ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૨૫૨-૦૦ શ્રી ઝલક દિપેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	વિસનગર
૧૦૧-૦૦ શ્રી જયંતીલાલ ખુશાલદાસ ભાવસાર ચિ. પરાગના લગ્ન પ્રસંગે	શાહીબાગ
૧૫૧-૦૦ શ્રી ભાસ્કરભાઈ ગોવિંદભાઈ બ્રહ્મભટ્ટ ચિ. માનસી ધો-૧૦ માં ૭૭ ટકાએ પાસ થઈ તે નિમિત્તે	શાહીબાગ
૧૦૧-૦૦ શ્રી આરતીબેન હસમુખભાઈ પટેલ ધો.-૧૦ માં ૮૬ ટકાએ પાસ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી રાજેન્દ્ર નટવરલાલ નાયક નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	સાંગલી
૧૦૦-૦૦ શ્રી બાબુલાલ પુરૂષોત્તમદાસ પટેલ પૌત્રના જન્મદિન પ્રસંગે	ગવાડા
૧૦૦-૦૦ શ્રી રમેશભાઈ વાલજીભાઈ કોઠારી જમીનનો સંકલ્પ પરિપૂર્ણ થયો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી નિકુંજ દિનેશભાઈ રાદડીયા ધો.-૧૨ સાયન્સમાં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે	ઊંઝા
૩૦૦-૦૦ શ્રી મિતુલ નરેશકુમાર પટેલ પ્રથમ પગાર નિમિત્તે	સેટેલાઈટ
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૦૨-૦૦ એક હરિભક્ત બહેન તરફથી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી નરેશભાઈ એ. મોદી નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	કાશીન્દ્રા
૧૦૦-૦૦ શ્રી આકાશ નરેન્દ્રકુમાર પટેલ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	ભાત
૧૦૦-૦૦ શ્રી કિરણભાઈ સારાભાઈ પટેલ ચિ. આકાશને સારી નોકરી મળી તે નિમિત્તે	સાબરમતી
૨૦૧-૦૦ શ્રી લલીતાબેન જયંતીભાઈ પટેલ પુલ્હાશ્રમની સફળ યાત્રા નિમિત્તે	વિહાર
૧૫૧-૦૦ શ્રી ભદ્રેશ માણેકલાલ ત્રિવેદી ચિ. કૃણાલ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	ગામડી
૧૫૧-૦૦ શ્રી કાવ્ય મિતેશભાઈ રમેશભાઈ પટેલ જન્મનિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦ શ્રી ઝલકબેન છબીલભાઈ પટેલ એસ.એસ.સી.માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦ શ્રી દિપ્તિબેન શામળભાઈ પટેલ ધો-૧૨ માં ૬૨ ટકા આવ્યા તે નિમિત્તે	વડુ
૧૦૧-૦૦ શ્રી હિરલબેન નારણભાઈ પટેલ ધો-૬ માં ૮૯ ટકા આવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી દિવ્યા અનીલકુમાર ગોહેલ બોર્ડમાં ૮૦ ટકા આવ્યા તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦ શ્રી મંજુલાબેન વિઠ્ઠલભાઈ વેકરીયા પુલ્હાશ્રમ યાત્રા નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦ શ્રી અલ્કેશકુમાર મનુભાઈ પટેલ ચિ. હર્ષના જન્મદિન નિમિત્તે	ચાંદલોડીયા
૧૦૧-૦૦ શ્રી સંદિપ અરવિંદભાઈ પંચાલ જન્મદિન નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦ શ્રી હેમાંગીની હર્ષદકુમાર પટેલ એમ.કોમ.માં પાસ થયા તે નિમિત્તે	ઘોડાસર
૧૦૧-૦૦ શ્રી સુરેશભાઈ શંકરલાલ પટેલ જન્મદિન નિમિત્તે	મહેસાણા
૨૫૧-૦૦ શ્રી હસમુખભાઈ સોમચંદદાસ ભાવસાર અમેરિકા વિઝા મળ્યા તે નિમિત્તે	મહેસાણા
૨૫૧-૦૦ શ્રી દક્ષાબેન હસમુખભાઈ ભાવસાર અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી જલ્પા ગિરધરભાઈ પટેલ પ્રથમપગાર નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી તરૂલતાબેન પ્રદિપભાઈ ભગત ચિ. સંદિપ તથા ચિ. વિધિના લગ્ન પ્રસંગે	બોપલ
૧૦૫-૦૦ શ્રી પ્રવિણાબેન સોની શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર તેમના માતુશ્રી ભાનુમતીબેન શંકરલાલ ભાવસારના સ્મરણાર્થે	અસલાલી
૧૦૧-૦૦ શ્રી હેમાભાઈ ભલાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી રજનીકાંતભાઈ દામજીભાઈ ગાંગાણી પુત્ર જન્મ પ્રસંગે	મારૂસણા
૧૫૧-૦૦ શ્રી નરનારાયણદેવ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૦૧-૦૦ પ.ભ. ડૉ. અંજનકુમાર જયંતીભાઈ પટેલ એમ.ડી. થયા તે નિમિત્તે	મારૂસણાવાળા (હાલ અમેરિકા)

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

અષાઢ વદ અમાસ અને શ્રાવણ સુદ-૧૫ના ગ્રહણ અંગે સૂચના

(૧) સંવત ૨૦૬૪ ના અષાઢ વદ-૩૦ (અમાસ)

તા. ૧-૮-૨૦૦૮ના રોજ થનારૂ સૂર્ય ગ્રહણ.

ગ્રહણવેધ : તા. ૧-૮-૦૮ પરોઢિયે ૩-૪૫ (સવારે) ત્યારબાદ જમવું નહિ.

ગ્રહણ સ્પર્શ : અમદાવાદ (ગુજરાત) બપોરે ૪-૧૬

ગ્રહણ મોક્ષ : સાંજે ૬-૦૧ મિનિટે ગ્રહણ મુકાશે. ત્યારબાદ સેવા-પૂજા, જમી શકાય.

(૨) સંવત ૨૦૬૪ ના શ્રાવણ સુદ-૧૫ (પૂનમ)

તા. ૧૬-૮-૨૦૦૮ થનારૂ ચંદ્ર ગ્રહણ.

ગ્રહણવેધ : શ્રાવણ સુદ પૂનમ શનિવાર તા. ૧૬-૮-૦૮ બપોરે ૩-૫૪ મિનિટ. ત્યારબાદ જમવું નહિ.

ગ્રહણ સ્પર્શ : તા. ૧૭-૮-૦૮ પાછલી રાત્રે ૧-૬ મિનિટ.

ગ્રહણ મોક્ષ : તા. ૧૭-૮-૦૮ પાછલી પરોઢે ૪-૧૫ મિનિટ. ત્યારબાદ સેવા-પૂજા-જમી શકાય.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

ઘનવાડા (હાલ ધોળકા) : શ્રી મોરલી મનોહરદેવ તથા ધર્મકુળ અને સત્સંગને વિષે અતુટ શ્રધ્ધાવાળા પ.ભ. ચંપાબેન કાનજીભાઈ ઠક્કર તા. ૪-૬-૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મેઘાણીનગર : ગં.સ્વ. રામુબેન લાલજીભાઈ ઠુમર તા. ૧૦-૬-૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બાપુપુરા (તા. માણસા) : પ.ભ. જીવણભાઈ ચેલાભાઈ કુબેરભાઈ ચૌધરી તા. ૯-૬-૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

જન્મદિન મહોત્સવ

શ્રી નરનારાયણદેવ ગાદીના ૮માં ભાવિ આચાર્ય
પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૧મો જન્મોત્સવ

નિમંત્રણ



પ.પૂ. લાલજી મહારાજશ્રી

સર્વોપરિ સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્થાને પ્રસ્થાપિત કરેલ શ્રી નરનારાયણદેવ ગાદીના વર્તમાન ૭માં આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પુત્રરત્ન અને શ્રી નરનારાયણદેવ ગાદીના ભાવિ આચાર્ય પરમપૂજ્ય લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૧મો પ્રાકટયોત્સવ અષાઢ વદ-૧૦ તા. ૨૮-૭-૨૦૦૮ને સોમવારના શુભ મંગળ દિવસે સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાન્નિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજ્યનીય સંત સમુદાય અને શ્રીહરિના ધર્મકુળ આશ્રિત હરિભક્તોની શુભ ઉપસ્થિતિમાં ખૂબજ ધામધૂમ અને ભવ્ય રીતે ઉજવવામાં આવશે. તો આવા શુભ મંગલ અવસરે સમસ્ત સત્સંગ સમાજને પધારવા અમારું ભાવભર્યું રૂડું આમંત્રણ છે.


જન્મોત્સવના યજમાન

ચિ.હરિન્દ્ર,દિવ્યાની,ચાંદની,
હ.પિતાશ્રી અશોકભાઈ તથા
માતાજી જયોત્સનાબેન તથા દાદા નારણભાઈ તથા
દાદી હીરૂબેન-માંડવી (કચ્છ) હાલ લંડન


મહંત સ્વામી
નારાયણસ્વરૂપદાસ
ના શ્રીહરિસ્મૃતિ સહ
જય શ્રી સ્વામિનારાયણ.

શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ.
અષાઢ વદ-૧૦ તા. ૨૮-૦૭-૦૮
સવારે : ૭-૩૦ કલાકે.

Registered under RNI-No-GUJGUJ/2007\20221 “Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC 003 issued SSP Ahd Valid
up to 31-12-08 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/07-08 valid up to 31/12/2008



1



2



3



4

૧. જેઠ સુદ ૧૫ ના સર્વોપરિ શ્રી નરનારાયણ દેવને કેશર સ્નાન બાદ આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી.

૨. ‘શ્રી સ્વામિનારાયણ’ મહામંત્ર લેખનની પૂજન વિધિ કરતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી.

૩. વરસાણી (મૂળી દેશ તા. લખતર) ગામે સત્સંગ સભાને આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી.

૪. પ્રાંતિજ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવારો અને કથામૃત પાન કરતા હરિભક્તો.